જેથી તેમાં રહેલો નાગ દોષ દુર થાય છે, બીજે દિવસે ઇન્દ્રવારૂણીનાંફળ, અંકોલનાંબીજ અને લીંબુનારસ સાથે પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો બંગ દોષ દુર થાય છે. ત્રીજે દિવસે ગરમાળાનોગોળ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો મળદોષ દૂર થાય છે. ચોથે દિવસે ચિત્રકનોભુકો અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો અગ્નિદોષ દુર થાય છે. પાંચમે દિવસે કાળાધતુરાનું પંચાંગ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો ચંચળતા દોષ દુર થાય છે. છઠે દિવસે ત્રિફળાનોભુકો અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો વિષદોષ દુર થાય છે. સાતમે દિવસે ત્રિકટુચૂર્ણ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો ગિરિદોષ દૂર થાય છે. આઠમે દિવસે ગોખરૂ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો. સાંજે ધાન્યામલથી ધોઇ લેવો જેથી તેનો અસહ્યાગ્નિ દોષ દુર થાય છે. આ પ્રમાણે શુદ્ધ કરેલ પારદ બધા કામમાં વાપરવા લાયક શુદ્ધ બને છે ત્યારે તેને કપડામાંથી દાબીને ગાળી લેવો.

ઉપરના પ્રયોગમાં દરેક વખતે ઔષધનું ચુર્ણ પારદથી આઠમાભાગે અને લીંબુનોરસ જોઇએ તેટલો લેવો.

ઉપરના પ્રયોગ કરતી વખતે તામ્રખલ્વમાં એક દિવસને બદલે [illegible] થી [illegible] દિવસ સુધી એક વસ્તુમાં બરાબર મર્દન કરી તેને ગરમ પાણીથી ધોઇ લીધા બાદ લીંબુનોરસ અને સિંધાલુણ સાથે તેને ત્ર[illegible] સુધી ઘુટી પછી જો કાંજીથી ધોઇ તૈયાર કરવામાં આવે [illegible] પ[illegible] સંચાલમ અષ્ટસંસ્કારિત જેવો બને મુખ યશોધ છે તેવો બનાય છે આમ કરતા વજન ઠીક ઠીક ઘટે છે.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર બીજો: બજાર

મળતો પારદ લાવી તેમાંથી ૧૦૦ તોલા પારદમાં ૨૦ તોલા દગડરનુંચૂર્ણ નાખી તેમાં કુંવારનોરસ નાખી ત્રણ દિવસ ઘુંટી મુકી લેવું આ પ્રમાણે તૈયાર કરેલ પારદને ડમરૂયંત્રમાં મુકી ઉડાવી લેવો, ઉપરના હાંડલામાં ઉડી ચોંટેલો પારદ શુદ્ધ ગણાય છે અને તે દરેક કામમાં નિર્ભય રીતે વાપરી શકાય છે.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર ત્રીજો: બજારમાં મળતો પારદ તો. ૨૦૦ લાવી તેમાં મીઠું શેર ૧ તથા લસણ શેર ૧॥ નાખી તપ્તખલ્વમાં એક માસ સુધી ઘુંટવાથી તે ઉત્તમ અને બુભુક્ષિત પારદ બને છે.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર ચોથો: હીંગળામાંથી કાઢેલો* શુદ્ધપારદ લઇ તેને ખરલમાં નાખી લસણનોરસ, ત્રિફળાનોક્વાથ, ચિત્રકમૂળનોક્વાથ, કુંવારનોરસ, લીંબુનોરસ, સિંધાલુણનુંપાણી, ધતુરાનોરસ. ત્રિકટુનોક્વાથ એ દરેકમાં અનુક્રમે બાર બાર કલાક ઘુંટી છેવટે કાંજીથી ધોઇ સાફ કરી લેવો પછી તેને જાડા કપડામાં પોટલી બાંધી તેને ડોલાયંત્રમાં ગૌમૂત્ર ભરી તેમાં છ કલાક બાફ આપી ગરમપાણીથી ધોઇ સાફ કરી દરેક કામમાં વાપરવો, આ પારદ અત્યંત શુદ્ધ અને બુભુક્ષિત થાય છે. પારદનું વજન ૧૦૦ તોલા લેવું અને દ્રવ્યનો ક્વાથ કે સ્વરસ ૫૦-૫૦ તોલા લેવો, દરેક વસ્તુમાં ઘુંટયા પછી તેને પાણીવડે ધોઇ સાફ કરી લેવો જોઇએ.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર પાંચમો: પારદ તો. ૫૦ અને શુદ્ધગંધક તો. ૫, સાથે મેળવી કજ્જલી કરી લીંબુનારસમાં ઘુંટી સુકવી ડમરૂયંત્રમાં રાખી અગ્નિ આપી ઉડાવી લેવું, આ પ્રમાણે નીકળેલા પારદમાં ફરીથી ગંધક મેળવી કજ્જલી કરી લીંબુનારસમાં ઘુંટી સુકવી ડમરૂયંત્રમાં ઉડાવી લેવુ આ પ્રમાણે સાત વખત કરવાથી પારદ અત્યંત શુદ્ધ થાય છે.

---

*હીંગુલમાંથી પારદ કાઢવાની રીત માટે જુઓ હીંગુલનું વર્ણન.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર છઠો: જયંતી, એરંડ, આદુ અને પીલુડી એ દરેકનો સ્વરસ અલગ અલગ લઇ તેમાં પારદને ઘુંટી રસ સુકાતા જવું, અને ઘુંટતા જવું, આ પ્રમાણે અનુક્રમે દરેક રસમાં ઘુંટી ઉંવરે કાંજીથી ધોઇ લેવો, આ પારદ સપ્તકંચુકી રહીત શુદ્ધ થાય છે.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર સાતમો: હળદર, ઇંટનું-ચૂર્ણ, ઘરનોધુમાડો (ધુમાસ) અને ચુનો એ ચાર વસ્તુ પારદ સાથે નાખી તેને લીંબુનારસ સાથે ઘુંટી લેવો. ત્યારપછી તેને કાંજીથી ધોઈ સાફ કરી લેવો, ફરી તેમાં ત્રિફળાચૂર્ણ, ત્રિકટુચૂર્ણ, ચિત્રકચૂર્ણ અને કુંવારનોરસ નાખી બરાબર ઘુંટી સુકાયાબાદ ગરમકાંજીથી (ધાન્યામલથી) ધોઇ સાફ કરી પારદ કાઢી લેવો, આ પારદ દવાના કામમાં અત્યંત શુદ્ધ ગણાય છે.

પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર આઠમો: બજારમાંથી શુદ્ધ કરવા માટે પારદ તો. ૪૦ લઇ આવવો, તેને એક માટીના કપડમાટી કરેલા હાંડલામાં તળીએ ફેલાવેલો સાફ ચૂનો થોડોક પાથરી ઉપર પારદ મુકી દેવો અને ડમરૂયંત્રની વિધીએ કે પછી દ્વિગુણ પ્રકરણમાં બતાવેલી નૂતન ડમરૂયંત્રની વિધીએ પારદને ઉડાવીને જમા કરી કપડે ગાળી લેવું તો એ પણ શુદ્ધપારદ તરીકે વાપરી શકાય છે.



પારદના અષ્ટ સંસ્કાર

સંસ્કાર ૧ લો સ્વેદન: સુંઠ, મરી, પીપર, લીંબુ ગાર, લસણ હરડાં બહેડાં, આમળાં, અપાર, નાગોરી ચિત્ર., નવસાર, અકલકરાની વગેરે દસ દસ તોલા લઇ તેને ખાંડી ચૂર્ણ કરવું, તે ચૂર્ણને મજીઠના પાણી તેની પુરી, કરવી તે પુરીના એક જાડા કપડા ઉપર આવની જેમ જાડો થર કરી પાથરવાથી તેના ૨૦૦ તોલા

ચોપડી દેવું અને ડમરૂયંત્રની વીધી પ્રમાણે સંધીલેપ કરી પારો ઉડાળી લેવો, આ પ્રમાણે કરતાં પાતન સંસ્કારમાંનો ઉર્ધ્વપાતન સંસ્કાર થયો, ત્યારપછી તેને અધઃ પાતન સંસ્કાર કરવો, ઉપરની વીધીથી હાથલાગેલો પારદ લઇ તેમાં ત્રીફળા. સરગવાનીછાલ અને ચિત્રકછાલ એ દરેક વીસ વીસ તોલા અને મીઠું તથા ફટકડી દસ દસ તોલા લઇ એ સર્વ સાથે પારદને કુંવારનારસમાં નાંખી પારો અદ્રષ્ય થતાં સુધી ઘુંટવું, પછી તેને ડમરૂયંત્રના એક વાસણમાં તળીએ ચોપડી તેના ઉપર બીજું વાસણ ઉંધુ ગોઠવી સંધીલેપ કરવો, પછી જમીનમાં એક ખાડો ખોદી તેમાં અર્ધા ખાડા સુધી ખાલી વાસણ નીચે રહે તેમ ગોઠવી દેવું, સંધીલેપ કરેલ સ્થાન જમીનની સપાટીથી થોડુંક ઉંચું રહે તેમ કરવું અને યંત્રની આસપાસ માટી પુરી લેવી, પછી યંત્રની બાજુમાં એક નાનો ખાડો કરી વાસણના તળીએ થોડું થોડું પાણી જઇ શકે તેવો પ્રબંધ કરવો. કેમકે નીચેનું વાસણ ઠંડુ હોતાં પારદ તે તરફ સહેલાઇથી આવી શકશે, પછી ડમરૂયંત્રના ઉપલા વાસણને ત્રીસ ચાલીસ છાણાંનો અગ્નિ આપવો જેથી ઉપરના વાસણમાં ચોપડેલું પારદનુ મિશ્રણ ધીમે ધીમે નીચેના વાસણમાં શુદ્ધપારદ રૂપે આવી જશે તેને યંત્ર ખોલી કાઢી લેવો, આ પ્રમાણે અધઃપાતન સંસ્કાર થયા બાદ તેને તિર્યકપાતન સંસ્કાર કરવા માટે પારદથી ચોથા ભાગનુ તેમાં ધાન્યાભ્રક નાખી કાંજીમાં ઘુંટી લેવું પછી તેને એક માટીના ઘડામાં નાખી તે ઘડાને આડો રાખવો અને તેની સામેજ બીજો ઘડો પાણીથી અર્ધો ભરેલો આડો મુકી બન્નેનુ મો નાળચા બરાબર બાંધી સંધીલેપ કરવો (પારદ નાંખેલા ઘડાના તળીએ કપડમટ્ટી કરેલી હોવી જોઇએ) પછી પારદવાળા ઘડાને ચુલા ઉપર આડો રાખી ત્રણ પ્રહર અગ્નિ આપવો (સામેનો ઘડો કોઇપણ સાધનને આધારે તદ્દન ઉંચાઇએ રેકીને રાખવો જોઇએ) જેથી પારદ ઉડીને સામેના પાણીથી ભરેલા

વાસણમાં આવી જાય પછી તેને ઓળી સંભાળપૂર્વક લઈ લેવો, આ પ્રમાણે તીર્યક્પાતન સંસ્કારના અંતે પારદનો પાતનસંસ્કાર પૂર્ણ થાય છે.

સંસ્કાર છઠ્ઠો. બોધન: (નિરોધ)–પાતનસંસ્કારથી મળેલ પારદને ગરમ પાણી વડે સાફ કરી લેવો. પછી પૃશ્નપર્ણીનું પંચાંગ અને કમળનાળ એ બન્નેને તેલ સાથે કલ્ક કરી તેનો ગોળો બનાવી તેની વચમાં પારદ મૂકી ગોળો બરાબર બંધ કરી ઉપર ભોજપત્ર વીંટી તેને જાડા કપડાની પોટલીમાં બાંધી પછી સીંગુનોરસ, સિંધાલુણ આમલીનોરસ અને નાગરના ઉકાળો એ દરેક પારદના વજન પ્રમાણે અને કાંજી ભેગું કરી ડોલાયંત્રમાં ભરી પોટલી અદ્ધર લટકાવી ચોવીસ કલાક સ્વેદન આપવું. આ પ્રમાણે પારદના બોધનસંસ્કાર પૂર્ણ થયા પછી પારદને ગરમ પાણીથી ધોઈ લેવો.

ઉપરના પાંચ સંસ્કારથી પારદમાં જે ષંઢત્વદોષ આવે છે તે આ છઠ્ઠા સંસ્કારથી દૂર થઈ જાય છે.

સંસ્કાર સાતમો, નિયમન: વાંઝણી કંટોલી શરપુંખાનું પંચાંગ, વીંછીયાનાંપાન, કમળનુંકંદ અને ભાંગરો એ પાંચ ઔષધ પારદની બરાબર લઈ કલ્ક કરી તેની વચમાં પારદ મૂકી ઉપર ભોજપત્ર લપેટી કપડામાં પોટલી બાંધી કાંજીથી ભરેલ ડોલાયંત્રમાં અધર લટકાવી ૨૪ કલાક બાફ આપવો. પછી મરી, મીઠું, ફટકડી, સરગવાનામુળનીછાલ, અને ટંકણખાર, એ દરેકનો કલ્ક કરી તેને કાંજી સાથે મેળવી તે બધું ડોલાયંત્રમાં ભરવું પછી ઉપર મુજબ (વાંઝણી કંટોલી વિગેરે) ફરીથી ગોળો બનાવી તેની વચમાં પારદ મૂકી પોટલી બાંધી ૨૪ કલાક સ્વેદ આપી તેને ગરમપાણીયા ધોઈ લેવો, આ પ્રમાણે પારદનો નિયમન સંસ્કાર થતાં તે બુભુક્ષિત થઈ જાય છે.

સંસ્કાર આઠમો. દીપનઃ જવખાર, સાજીખાર, ટંકણખાર સિંધવ, ચિત્રક, સરગવો, રાઇ, પીપર, બીજેરૂં, મીઠું અને મરી એ સઘળું પારદના વજન પ્રમાણે લઇ પારદ સાથે મેળવી લીંબુનારસમાં તથા કાંજીમાં ત્રણ ત્રણ દિવસ ઘુંટી ગોળી કરી કાંજીથી ભરેલા ડોલાયંત્રમાં ગોળીની પોટલી બાંધી લટકતી રાખી બાફ આપવો, આ પ્રમાણે ૨૪ કલાક બાફ આપ્યા પછી તેમાંથી પારદ કાઢી ગરમપાણીથી ધોઇ સાફ કરી લેવો.

અનુવાસનઃ ઘણેભાગે પારદને આઠ સંસ્કાર આપી દવાના કામમાં વાપરવામાં આવે છે. પરંતુ આ અનુવાસન સંસ્કારથી તે અત્યંત બુભુક્ષિત થાય છે એટલે તે પણ બને તો કરી લેવો, તેની વીધી એવી છે કે એક હજાર લીંબુનોરસ કાઢી પત્થરની ખરલમાં નાંખી તેમાં સુંઠ, મરી, પીપર, રાઇ, મીઠું ચિત્રક અને હીંગ એ દરેક વીસ વીસ તોલા લઇ તેનો ભુકો કરી ખરલમાં લીંબુનારસમાં સાથે મેળવી તેમાં પારદ નાંખી સવારથી સાંજ લગી વીસ દિવસ સુધી ઘુંટવું પછી તેમાંથી પારદ કાઢી તેને કાંજીવડે ધોઇ છેવટે ગરમપાણીથી ધોઇ શુદ્ધપારદ કાઢી લઇ શીશામાં ભરી તેનું પૂજન કરી, શરીરને અજર અમર બનાવવા, પ્રાણીમાત્રના હિતાર્થે તેમજ યશ, કિર્તિ, અને લાભ માટે તેમાંથી ઉત્તમયોગો બનાવી પારદની સેવા અને તેથી થતું સતકર્મ અને પુણ્ય સંપાદન કરવું.

ગંધક

વિવેચનઃ બજારમાંથી ગંધક બે પ્રકારના મળી આવે છે. એક લાકડીઓ અને બીજો આમળાસાર, લાકડીઓગંધક લેપ વિગેરેના કામમાં ઉપયોગી છે તે ખાવાના કામનાં વપરાતો નથી, આમળાસારો ગંધક રસાયનક્રિયામા તેમજ ખાવાના કામમાં વપરાય છે, જે ગંધકનો રંગ પોપટીયારંગ જેવો હોય તે દવા માટે ઉત્તમ છે.

શુદ્ધિઃ પ્રથમ એક શેર ગંધક લાવી તેને સાફ કરી ઝીણી ઝીણી ભુક્કો કરી તેને એક લોઢાનીકડાઈમાં ૦। શેર ઘી નાંખી તેમાં ગંધક નાખવો અત્યંત ધીમી આંચથી તપાવેલા તે ઘીમાં જ્યારે ગંધક પીગળીને રસ થઈ જાય ત્યારે તેને એક વાસણમાં દુધ ભરી ઉપર કપડું બાંધી રાખેલુ હોય તેમાં ઢાળવો. થોડીવારે તે વાસણમાંથી દુધમા ડુબેલો ગંધક લઈ તેને ગરમપાણીથી ધોઈ સાફ કરી લેવો.

શુદ્ધિ પ્રકાર બીજોઃ એક નાનું તપેલું લઈ તેના ઉપર કપડું બાંધી તેની કિનારી ઉપર એક માટીની કિનારી બનાવી કપડાના ઉપર અને કિનારીની વચમાં ગંધકનો ભુક્કો પાથરવો પછી એ કીનારી ઉપર લોઢાની સપાટ તવી રાખી તેમાં અડાયા છાણાંનો અગ્નિ રાખવો. ધીમે ધીમે અગ્નિના તાપ વડે નીચેનો ગંધક ઓગળી તપેલીમાં દુધ રાખેલું હોય તેમાં જમા કરશે, થોડીવાર પછી તેને ખુલ્લું કરી તે ગંધક કાઢી લઈ ગરમપાણીથી ધોઈ લેવો.

ઉપરની બન્ને પ્રકારની વિધીમાંથી ગમે તે એક વીધીથી અકેક વખતને બદલે સાત સાત વખત ગંધકની શુદ્ધિ કરવી તે સર્વોત્તમ છે, આવી રીતે શુદ્ધ કરેલો ગંધક વાટી બાટલીમાં ભરી રાખવો અને જરૂર મુજબ ઉપયોગમા લેવો. કેટલાક વૈદ્યો દુધને બદલે જુદી જુદી ઔષધીઓના ક્વાથ કે રસમા કરે છે જે વધુ ઉત્તમ બને છે.

ઉપયોગઃ આયુર્વેદમાં પારદ દ્વારા જેટલી દવાઓ બને છે તે બધી દવાઓમાં આવી રીતે શુદ્ધ કરેલા ગંધકનો ઉપયોગ કરવામા આવે છે અને તેમ કરવાથી પારદમાંના દોષો દુર થઈ તે મનુષ્યને ઉપકારી થઈ પડે છે. સાદા ગંધકને બદલે ગંધકરસાયન ઉત્તમ ગણાય છે માટે તે વાપરવું વધુ ઇષ્ટ છે. બનાવટ માટે જુઓ સિદ્ધરસાયન સંગ્રહ

ગુણ: ગંધકરસાયન ગુણ આપનાર અને ઉષ્ણવીર્ય
તેમજ ચામડીનાંદરદો, કુષ્ટરોગ, મંદાગ્નિ, આમ, વિષવિકાર, ઝેરીજંતુ
અજીર્ણ, આફરો, પેટનાંદરદો, કબજીયત, હરસ, મોળ, ઉલટી, કોલે
વિગેરે મટાડે છે.

અપથ્ય: ખટાઇ, તેલ, દારૂ, ક્ષારવાળાપદાર્થો, તીખા
ગરમપદાર્થો, કઠોળ વિગેરેનો ઉપયોગ કરવો નહિ.

સૂચના: ગંધક સેવન કરનારે પથ્ય અવસ્ય રાખવું જોઇ

માત્રા: ૩ થી ૬ રતી. **અનુપાન:** દુધ.

હીંગળો (હીંગુલ)

વિવેચન: બજારમાં હીંગળો બે પ્રકારનો મળે છે, એક
અને બીજો ખડા હીંગળો આપણા દેશમાં (હિંદુસ્તાનમાં)
ચીનમાં બને છે. કલકત્તામાં તેમજ સુરતમાં હીંગળો બનાવવા
મોટાં કારખાનાં હજી મોજુદ છે. આ હીંગળો પારદ
ગંધકમાંથી બને છે, હાલના સમયમાં પારદ અને ગંધકમાંથી
બનાવતાં તેને પારદ અને ગંધકના તેજાબમાંથી બનાવવામાં આવે
આ હીંગળો કૃત્રિમ (બનાવટી) કહેવાય છે પરંતુ ખરો હીંગળો
જુદોજ છે. શાસ્ત્રમાં જેને હસપાક નામનો હીંગળો કહેલો છે તે હીં
હાલમાં યુરોપમાં આવેલા સ્પેઇન દેશમાંથી અહીંના કેટલાક
મંગાવવા લાગ્યા છે. ખરી રીતે દવામાં હીંગળો વાપરવાની જ્યાં
હોય ત્યાં આ હસપાકી ખનીજ હીંગળો વાપરવો જોઇએ પરંતુ
હજી સર્વસ્થળે મળતો નહિ હોવાથી તેને અભાવે આ કૃત્રિમ હીંગળ
ઉપયોગ થઇ રહ્યો છે. હીંગળામાંથી પારદ કાઢી દવામાં વાપરવ
આવે છે અને તે પારદ શુદ્ધ ગણાય છે.

શુદ્ધિ: દવાના કામના વાપરવા માટે હીંગળાને શુદ્ધ કરવ
જરૂર છે. હીંગળાને ખરલમાં મુકી તેને ઘેટીનાદુધના તેમજ લીંબુનારસ

સાત સાત ભાવનાઓ આપવાથી તેની શુદ્ધી થાય છે દરેક ભાવના વખતે તડકે સુકવી ઘુંટી તૈયાર કરી લેવા જોઇએ.

શુદ્ધિ પ્રકાર બીજો: હીંગળાને આદુનારસની કે લીંબુનારસની ફક્ત સાત ભાવના આપી સુકવી તૈયાર કરવાથી ઔષધના કામમાં વાપરવા લાયક શુદ્ધ થાય છે. આ પ્રમાણે શુદ્ધ કરેલો લાલરંગનો શુદ્ધહીંગળો દવાના કામમાં વાપરવો જોઇએ.

હીંગળામાંથી પારો કાઢવાની રીત: દવાઓ માટે જ્યાં શુદ્ધપારાની જરૂર જણાય ત્યાં હીંગળામાંથી કાઢેલો પારો વાપરવાની આયુર્વેદમાં ભલામણ કરેલી છે. આ પારદ કાઢવા માટે જુના ગ્રંથો જોતાં ડમરૂયંત્રથી પારો કાઢવામાં આવે છે તેની રીત એવી છે કે પ્રથમ હીંગળો લાવી તેને ખરલમાં નાખી લીંબુનારસમાં ઘુંટી સુકવી એક માટીનીહાંડલીના તળીયામાં તેને પાથરી તેવુંજ બીજું હાંડલુ ઉપર મુકી બન્નેનો સાંધો બરાબર સંધીલેપ કરી તારથી બાંધી લેવો. પછી બરાબર ચોક્કસ કરી તેની સાંધ ઉપર કપડમટ્ટી કરી લેવી તેમ કરવાથી પારદ ઉડી જતો નથી આ પ્રમાણે કરવા માટે ૪૦ તોલા હીંગળામાંથી પારો કાઢતાં દરરોજ આઠ આઠ કલાક આંચ આપતાં બે દિવસ લાગે છે. છતાં પણ કેટલીક વખતે હીંગુલનો કચરો હાંડલીના તળીયામાં રહી જાય છે આ રીતથી મહેનત ઘણી પડે છે કામ થોડું થાય છે અને વ્યાપારી દ્રષ્ટિએ ખરચ ચાલુ કરવા છતાં લાભ થોડો થાય છે અમોએ ગુરૂકૃપાથી એક અહુજ સરસ વિધી જાણી લાધી છે તેનો અનુભવ લેતા તે ઘણી ફાયદાકારક તેમજ ઓછી મહેનતવાળી હોવાથી જેનો અહીં ઉલ્લેખ કરી બધા વૈદ્યભાઇઓને તે પ્રમાણે કરી જોવા વિનતી કરીએ છીએ.

પ્રથમ ૪૦ તોલા હીંગળો લઇ તેને ઉપરની રીત પ્રમાણે લીંબુના રસમાં નાખી ઘુંટી લેવો પછી તે વાટેલા ભુકાને માટીના ગોળ

સારા હાંડલામાં જેના તળીએ ત્રણ ચાર કપડમટ્ટી કરેલી હોય તે
પાથરી દેવો, ત્યારબાદ તે હાંડલાને કોલસાથી ભરેલી સગડી ઉપર
સ્ટવઉપર મુકવું. તેના મોઢાં ઉપર બરાબર ઢંકાઇ જાય અને થો
કીનારી બહાર રહે એવી એક માટીની તાવડી (તવો) ઢાંકી દે
એક બીજી તાવડી પણ સાથે તૈયાર રાખવી. પછી હાંડલા નીચે અ
શરૂ કરવો અને તાવડી ઉપર ભીનું કપડું મુકી રાખવું, પાંચ પાંચ
સાત સાત મિનિટે એક તાવડી ઉતારવી અને બીજી ઢાંકી દે
ઉતારેલી તાવડીમાંથી તેના મધ્યભાગે લાગેલો પારો સંભાળપૂ
એક થાળીમાં કાઢી લેવો આ પ્રમાણે તાવડી બદલતા જવું અને દ
વખતે તાવડીઉપર ભીનું કપડું પણ રાખતા જવું લગભગ ૭ થી અ
કલાક આ પ્રમાણે કરવાથી ૪૦ તોલા હીંગળામાંથી ૨૮ થી ૩૦ તો
શુદ્ધપારદ હાથ આવે છે, બીજી કોઇપણ રીતવડે આટલી સહેલાઇ
પારો ઉડાડીને કાઢી શકાતો હોય એવું અમારા અનુભવમાં કે જાણવા
આવ્યું નથી. આ પારદ નાગ. બંગ વિગેરે દોષથી રહીત હોય છે, પ
તેને કપડામાંથી સાફ કરી બાટલીમાં ભરી લેવો. કેટલાક લે
ગોલકયંત્રથી હીંગળાના ભુકાને કપડામાં પાથરી પારો કાઢી લે
પરંતુ તે રીતથી પારદમાં નાગ અને બંગ દોષ રહી જાય છે જે
આ નુતનડમરૂયંત્રની વિધી સર્વથી સરલ અને શાસ્ત્રીય જણાય

ભસ્મ વિધી: શુદ્ધહીંગળો તોલો ૧ લઇ તેમાં ૦। તે
હરતાલ અને ૧ તોલો લવંગ નાખી આદુનારસમાં ઘુંટી સંપુ
બંધ કરી બે કલાક સુધી મંદાગ્નિથી પકવવો ઠંડુ થયે કાઢી જે
તેમાંથી ભસ્મ મળી આવશે તે ભસ્મ જુદા જુદા રોગોમાં વા
શકાય છે. **પ્રમાણ:** ૦॥ થી ૧ રતી. **અનુપાન:** માખણ સ
લેવી. શક્તિવર્ધક છે.

હીંગળાનો ખાસ પ્રયોગ: ૧૦ તોલા હીંગળાનો
ટુકડો લઇ તેને લીંબુનારસમાં ધીમે તાપે ડોલાયંત્રમાં પોટલી બ

ત્રણ કલાક સુધી બાળી લેવા, ત્યારબાદ તેને ધોઇ સાફ કરી લેવો. પછી એક લોખંડનીકડાઇમાં બીલામ તો. ૨૦ કુંવળી તો. ૨૦. ઝેરકોચલાં તો. ૨૦ માલકાંગણી તો. ૨૦ અને ઘી તો. ૨૦ નાખી વચમાં હીંગળાનો ગાંગડો મુકી ધીમે ધીમે તાપ શરૂ કરવો. તાપ આપતાં કડાઇ તપે અને અંદરની ચીજો બળવા લાગે એટલો ભડકો થાય તેમ કરવું. થોડા વખત પછી અંદરની ચીજો બળી ગયા જેવી જણાય ત્યારે સંભાળીને આંચ કાઢી કરી લેવી. બધી ચીજોનો રસ હીંગુલના ગાંગડામાં ચુસાઇને આવી જશે તે ગાંગડો સંભાળીને કાઢી લેવો.

સાવચેતી: ઉપરનો પ્રયોગ કરતી વખતે અંદરની ચીજો બળવા લાગે કે ધુમાડા નીકળે ત્યારે ધુમાડાની તરફ ઉભું રહેવું નહિ કેમકે ભીલામા વિગેરે ઝેરી ચીજોની હવા લાગવાથી શરીર પર ખરાબ અસર કરે છે માટે દૂર રહી હવા ન આવે તે તરફ ઉભા રહી કામ કરવું.

ઉપરની રીત પ્રમાણે તૈયાર થયેલી દવા ઘુંટી શીશીમાં ભરી રાખવી આ દવા વાજીકરણ (શક્તિવર્ધક) ગુણ માટે એક થી બે રતી ઘી કે મધ સાથે આપવાથી ઉત્તમ ફાયદો બતાવે છે. પથ્ય બરાબર રાખવું.

શુદ્ધ હીંગુલનો ગુણ અને ઉપયોગ: શુદ્ધ હીંગળો અનેક પ્રકારના રસોમાં વપરાય છે, તે યોગવાહી, ત્રિદોષનાશક અને જઠરાગ્નિ પ્રદિપ્ત કરનાર છે. અનુપાન ભેદથી બધા રોગોમાં વપરાય છે તથા પૌષ્ટિક, રસાયન અને રક્તશોધક છે ઉપદંશના વિકૃતિમાં અને શીતગ રોગમાં મોઢું લાવવા માટે વપરાય છે સંધીવા અને રક્તવિકાર માટે શોધન તરીકે બહુજ ઉપયોગી છે તથા શ્વાસ, ખાસી અતિસાર ત્વક્રોગ વિગેરે મટાડે છે.



રસકપુર

વિવેચનઃ આયુર્વેદમાં રસકપુરની જે કંઇ બનાવટ આપેલી છે તે સિવાય બજારમાંથી સફેદ રંગનો, નવસારની સળીઓ જેવો તથા પાપડી રૂપે ચકચકતો પદાર્થ, ઝેરી દવાઓ વેચનારને ત્યાંથી મળી આવે છે. આ રસકપુરને શુદ્ધ કરી વૈદ્યો અને હકીમો દવાના કામમાં વાપરે છે, તે સિવાય 'હાઇડ્રાર્જરી પરક્લોરાઇડ' નામની બનાવટ વિલાયતિ દવાઓ વાળાને ત્યાંથી મળી આવે છે. તે પણ વિદેશી રસકપુરજ છે. કેટલાક વૈદ્યો આ રસકપુર દવાના કામમાં વાપરે છે. રસકપુર એ પારાનો એક ક્ષાર છે. પારાની સાથે કેટલાક ક્ષાર મેળવી બનાવવામાં આવે છે તેને તૈયાર કરવાનાં સુરત તથા ઔરંગાબાદ શહેરમાં કેટલાક કારખાનાં છે. રસકપુર એ અત્યંત ઝેરી પદાર્થ છે, સંભાળ નહિ રાખી તેનું સેવન કરનારને ઘણુંજ ખરાબ પરિણામ આવી જાય છે. આયુર્વેદની વિધી પ્રમાણે બનાવેલો રસકપુર દવામાં વાપરવો વધુ સલામત છે.

શુદ્ધિઃ બજારમાંથી મળતો રસકપુર લાવી તેની પોટલી બાંધી ડોલાયંત્રમાં દૂધ ભરી બાર કલાક સુધી બાફ આપવાથી તેની શુદ્ધિ થાય છે. શુદ્ધ કરેલો રસકપુર દવાના કામમાં વપરાય છે.

આયુર્વેદિક રીત પ્રમાણે રસકપુર બનાવવાની વિધીઃ શુદ્ધપારો તો. ૧૦ લઇ તેને હળદરના ચૂર્ણ સાથે ત્રણ દિવસ બરાબર ઘૂંટવો. ત્યારબાદ લસણના રસમાં અને સિંધાલુણમાં બરાબર સાત દિવસ ઘૂંટયા પછી સિંધાલુણ તો. ૧૦, ફટકડી તો. ૧૦ અને નોસાદર તો. ૧૦ એ ત્રણને લીંબુના રસમાં ઘુંટી ગોળો કરી તેની વચમાં ઉપરનો તૈયાર કરેલો પારો રાખી બંધ કરી તેને ડમરૂયંત્રમાં મૂકી બાર કલાક સુધી મંદ મંદ અગ્નિ આપવો. પછી ઠંડુ થયાબાદ સંભાળથી ખોલી પાંચિયા ઉપરના પડખામાં ચોંટેલું રસકપુર સંભાળીને ઉખેડી લેવું આ રસકપુર ખાવાના કામમાં શુદ્ધ અને અતુલ ગુણકારક છે.

ઉપયોગ: રસકપુરનો ઉપયોગ અનેક જુદા જુદા રસાયનોમાં કરવામાં આવે છે, ખાસ કરીને શોધક તરીકે તે ઉત્તમ ગુણ બતાવે છે. ફીરંગરોગ, ઉપદંશ વિગેરેમાં મોઢું લાવવા માટે કેટલીક વખત તે વપરાય છે. રસકપુર નાની માત્રામાં બીજી દવાઓ સાથે મેળવી લાંબો વખત સુધી વાપરવામાં આવે તો તે ઘણુંજ સારૂં કામ કરી બતાવે છે. રસકપુરવાળી બનાવટોમાં વ્યાધિહરણરસ, મલયચંદ્રોદય અને કેશરાદિવટી વિગેરે પ્રસિદ્ધ છે (બનાવટો માટે જુઓ સિદ્ધ રસાયન વિભાગ).

માત્રા: રસકપુરની માત્રા એક ગ્રેનનો સોળમો કે આઠમો ભાગ છે.

રસકપુરની ઝેરી અસર: અજ્ઞાન મનુષ્યના હાથથી રસકપુર સમજણ વીના વપરાય તો બહુજ ખરાબ પરિણામ આવે છે. કેટલીક વખતે તેનાથી મોઢું આવી જાય છે. અવાળું સુજી આવે છે. લોહી નીકળે છે, શ્વાસ ગંધાય છે, જીભ જાડી થાય છે, ચ્હેરો સુજેલો જણાય છે, હાડકામાં સોડો થાય છે, છાતીમાં અને પેશાબમાં દાહ થાય છે, ગળફામાં લોહી પડે છે અને પેટમાં દરદ વિગેરે ઉપદ્રવો સાથે મૃત્યુ પણ થઇ જાય છે. એકાએક વધારે પ્રમાણ લેવાથી નાડી જલદ થાય છે, હોઠ કાળા થાય છે શરીરે પરસેવો થાય છે, પેશાબ બંધ થઇ જાય છે અને છેવટે મુંઝારો વગેરે ચિહ્નો થઇ દરદી મોતની નજીક પહોંચે છે.

સાવધાની: રસકપુરની ઝેરી અસર થવા ન પામે એટલા માટે તેનો બહુજ સંભાળીને ઓછી માત્રામાં યોગ્ય પથ્ય સાથે ઉપયોગ કરવો જોઇએ, કદાચ કંઇક વિકાર થાય તો તેનું વારણ કરવા માટે દુધ, ઇંડાની સફેદી તકમરીયાનો કે ઉમથાજીરાનો સાકર સાથે બનાવેલો લુઆબ વિગેરે ખાવા માટે આપવું તથા ફટકડી અને મોરથુથાને પાણીમાં નાખી કોગળા કરાવવા.

પથ્ય: રસકપુર ખાનારે માત્ર ઘી, દુધ, સાકર અને ઘઉંનીરોટલી લેવી જોઇએ. બીજું તમામ બંધ રાખવું.

અભ્રક

વિવેચનઃ અભ્રક એ મહારસમાં ગણાય છે, તેમાં સફેદ, લાલ, પીળું અને કાળું એમ ચાર ભેદ છે, આયુર્વેદમાં તેનાં અનુક્રમે પીનાક, નાગ, મંડુર અને વજ્ર એવા ચાર નામ છે. અગ્નિ ઉપર તપાવવાથી જેનાં પતરાં છુટાં પડી જાય તેવું અને ફુંફાડા જેવો અવાજ થાય કે ઉછળી પડે તેવું અભ્રક દવાના કામમાં યોગ્ય નથી, વજ્ર નામના કાળા અભ્રકને ગમે તેટલું તપાવવા છતાં તેમાં કાંઇ પણ વિકૃતિ થતી નથી તે અભ્રક દવાના કામમાં યોગ્ય ગણાય છે. રંગમાં કાળું, વજનમાં લોહ જેવું, તપાવતાં ફુલે નહિ તેવું, હીરા જેવી ચમકવાળું તેમજ માટી, રેતી વિગેરે જેમાં ન હોય તેવું અભ્રક ભસ્મ કરવા માટે ઉત્તમ ગણાય છે, ચુનાની વંડી બજારમાંથી મળતું શ્વેત અભ્રક ભસ્મના કામમાં વાપરે છે પરંતુ આયુર્વેદમાં તેનો ઉપયોગ કરવામાં આવતો નથી.

શુદ્ધિઃ વજ્રાભ્રકને લઇ અગ્નિ ઉપર ધમણવડે ફુંકી ફુંકીને તપાવવું, જ્યારે તે લાલ થાય ત્યારે કાંજી, ગૌમૂત્ર ત્રીફળાનો કવાથ કે ગાયનું દુધ તે પૈકી ગમે તે એક ચીજમાં સાત વખત ઠારવાથી તેની શુદ્ધિ થાય છે, શુદ્ધ થએલા અભ્રકનો ભુકો કરી (ભુકો શુદ્ધિ વખતેજ થઇ જાય છે) તેને ૨૪ કલાક સુધી ખાટી છાશમાં પલાળી રાખવું પછી તેને ખજુરના ઠળીયા સાથે એક ગરમ ધાબળીમાં બાંધી મસળતાં તેમાંથી જે ભુકો નીકળે તે એક વાસણમાં સંભાળ પૂર્વક એકઠો કરવો. એકઠા થએલા ભુકાને સુકવીને રાખી લેવો. આ અભ્રકને ધાન્યાભ્રક કહે છે.

ભસ્મ વિધીઃ તૈયાર થએલા ધાન્યાભ્રકને આકડાનાદુધમાં ત્રણ દિવસ ઘુંટી તેની ટીકડીઓ બનાવી તડકે સુકવી લઇ બે માટીના તવા વચ્ચે મુકી ગજપુટ આંચ આપવી. આ પ્રમાણે ૨૦ થી ૨૫ પુટ આપવાથી અભ્રકની નિશ્ચંદ્રભસ્મ થાય છે. અભ્રકભસ્મ બનાવતી વખતે તેમાં ચન્દ્રિકા (ચમક) જ્યાંસુધી સંપુર્ણ રીતે દેખાતી બંધ ન

થાય ત્યાંસુધી ગજપુટની નિત્ર આંચ આપ્યા કરવી જોઇએ કારણકે ચંદ્રિકાવાળી અભ્રક ભસ્મ અગ્રાહ્ય ગણાય છે.

ભસ્મ પ્રકાર બીજો: ધાન્યાભ્રકને કુંવારનોરસ, આકડાનુંદુધ, ગૌમૂત્ર, વડવાઇ, તાંદળજાનોરસ, દારૂહળદરનોક્વાથ અરડુસીનોરસ, અગથીઓ, મજીઠ, ધતુરાનાંપાનનોરસ, પીલુડીનોરસ, ભોરીંગણીનોરસ, ભાંગરો અને સતાવરી એ દરેકના દસ દસ ગજપુટ આપવાથી ઉત્તમ પ્રકારની અભ્રકભસ્મ બને છે.

ભસ્મ પ્રકાર ત્રીજો: ધાન્યાભ્રકને લઇ તેમાં ચોથે ભાગે નુરોખાર અને નેટલોજ ગોળ લઇ તેમાં ઘુંટી ટીકડીઓ બનાવી એક હાડલાની અંદર ભરી ઉપર ઢાંકણું મુકી કપડમટ્ટી કરી ગજપુટ અગ્નિ આપવો, ઠંડુ થયેથી કાઢી લઇ તેને પાણીમાં ધોઇ લેવું, જ્યાંસુધી ક્ષાર નીકળે ત્યાં સુધી ધોતા રહેવું, ધોયેલુ પાણી ચાખી જોતાં ક્ષારનો સ્વાદ ન જણાય એટલે તે ભસ્મને મુકવી લેવી પછી તેને કુંવાર, ગૌમૂત્ર, આકડાનુંદુધ, વડવાઇ અને અગથીઓ એ દરેકની અકેકેક ભાવના આપી અકેકેક ગજપુટ આપવાથી અભ્રકની નિશ્ચંદ્રભસ્મ તૈયાર થશે.

ભસ્મ પ્રકાર ચોથો (સહસ્રપુટી): ધાન્યાભ્રકને લઇ તેને આકડાનુંદુધ, થુવરનુંદુધ, ગૌમૂત્ર, વડવાઇ એરંડીનાંમુળ, કડુ, ભાંગ, ગોખરૂ, શાલપર્ણી, પૃશ્નિપર્ણી અરણી ચિત્રક, બીલીનાંમુળ અરડુસો દરડાં, બહેડાં, આમળાં, કાળીમુસળી સફેદમુસળી, આસુર, સોદર દેવદાર, મરી, શુંઠ, કોઠનીછાલ, ભારંગી, કેળડાનાફુલ, જટામાશી ગરમાળો, સતાવરી, ભોરીંગણી, ઉભીરીંગણી, અરડુસી, તુલસી, અગથીઓ ભાંગરો, મુળા, ધ્રો (ધરો) નાગરવેલ, શ બપુષ્પિ, જવાના [illegible] બ્રાહ્મી, દાડમબીજ, બલા, અતીબલા, મહાબલા, નાગબલ, ઘીનાટી કાંદા, આકાશવેલ, ઇન્દ્રવારૂણી, લસણ, ગગડની ગરણી [illegible] વિદારીકંદ, વારાહીકંદ, મજીઠ, ખેર આવળ, [illegible]

એ દરેકના સ્વરસ કે ક્વાથની ચોસઠ ભાવનાઓ (દરેક ભાવના વખતે બે દિવસ સુધી ઘુંટયા બાદ ટીકડીઓ કરવી) આપી ટીકડી બનાવી બરાબર સુકવી માટીના બે તવા વચ્ચે રાખી ગજપુટ આંચ આપવી જેથી સર્વોત્તમ સહસ્ત્રપુટી અભ્રકભસ્મ તૈયાર થાય છે. ઉપરની વસ્તુઓ પૈકી જે ચીજ ન મળી શકે તેના બદલામાં ગૌમૂત્ર કે આકડાનાદુધનો ઉપયોગ કરવો.

અભ્રકભસ્મ કરવાની સરળ રીતઃ લસણીકળી કે ડુંગળી લાવી તેને ઘુંટી મશીન વડે દાબી રસ કાઢી લેવો. આ રસમાં ધાન્યાભ્રકને ઘુંટી ટીકડી બનાવી ગજપુટ આપવાથી થોડાજ વખતમાં અભ્રકની નિશ્ચંદ્ર ભસ્મ બની શકે છે. આ ભસ્મ ખાસ કરી વાત પ્રકૃતિ વાળાને, કફ વાળાને વધુ ઉપયોગી થાય છે. (એક હસ્ત લીખીત પુસ્તકને આધારે) તે પૌષ્ટિક તરીકે ઉત્તમ કામ કરે છે.

અભ્રકમાંથી સત્વ કાઢવાની સરળ અનુભવી રીતઃ ઉત્તમ અભ્રક કાળો હોય તેનો ભુકો તોલા ૪૦ અથવા ધાન્યાભ્રક તોલા ૪૦ લઇ તેમાં ગોળ, ગુગળ, ઉન, લાખ, ઝીણી માછલી, ટંકણખાર, તલનોખોળ રાળ એ દરેક ચીજ દસ દસ તોલા લઇ સર્વને સાથે ખાંડી બકરીના દુધમાં ઘુંટી સોપારી પ્રમાણે ગોળી કરી તડકામાં સુકવી લેવી. પછી તેને એક મુસમાં રાખી મોટી ભઠીમાં વચે મુસ મુકીને યંત્રવડે ચાલતા પંખાથી તાપ આપવો (તાપનુ પ્રમાણ જેમ વધારે હશે તેમ સત્વ સહેલાઇથી નીકળશે) આ પ્રમાણે તાપ આપતાં ને મુસમાં સર્વ ભુકો રસ તળીએ બેસી ગયેલુ દેખાય (આશરે બે ત્રણ કલાક પછી) ત્યારે આંચ બંધ કરી મુસમાં રહેલો પદાર્થ ઠંડુ થયા બાદ જોતાં તેમાં અભ્રક સત્વનાં ઘુટા ઘુટા દાણા મગ કે બાજરીના દાણા જેવડા મળશે તે હાથથી અથવા લોહચુંબકથી લઇ જુદા કાઢી લેવા. લોહચુંબકથી જે પકડાય ત્યાર તે સર્વ પદાર્થ લઇ બિસ્ત્રપંચકના ભેગવી એક

ગોળો કરી ભઠ્ઠીમાં તપાવીને એકત્ર કરી લેવું અને પછી ગમે તે ઉપયોગમાં લેવું, આ પ્રમાણે બનાવતાં અભ્રકસત્વ સારા પ્રમાણમાં નીકળી શકે છે. રંગે કાંસા જેવો તેનો દેખાવ થાય છે.

સૂચના : અભ્રકને આંચ આપવામાં સંપુટને કપડમટ્ટી કરવાની જરૂર નથી, જે જે સ્થળે આકડાનું દુધ લેવા કહેલ છે તે તે સ્થળે તેના બદલે તેનો સ્વરસ પણ દુધના અભાવમાં લઇ શકાય છે. પ્રથમ આંચ તિવ્ર આપવી તો જલદી નિશ્ચંદ્ર થઇ શકે પછી આંચ ઓછી દેવી જેથી રંગ સારો બને.

ગુણ : અલ્પાયુષ્યતા મટાડી વયને સ્થાપન કરનાર, વિર્યની વૃદ્ધિ કરનાર, ત્રિદોષનાશક, જરા અને મૃત્યુને રોકનાર, બળની વૃદ્ધિ કરનાર તથા ક્ષય, ખાંસી, ધાતુક્ષય, પ્રમેહ જીર્ણજ્વર, સંગ્રહણી, યકૃતરોગ, હૃદયરોગ અને નબળાઇ વિગેરે મટાડનાર છે. અભ્રક એ અત્યંત સૌમ્ય રસાયન હોઇ કોઇપણ પ્રકૃતિવાળો માણસ ગમે તે ઋતુમાં તેનું સેવન કરી શકે છે. હાલના સમયમાં નાની વયમા થતાં મરણો અને ક્ષયરોગનો ફેલાવો વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે તેનો અટકાવ કરવા માટે અભ્રક એ સર્વોત્તમ રસાયન છે.

માત્રા : ૨ થી ૩ રતી. **અનુપાન :** મધ અને પીપર અથવા રોગાનુસાર. (અભ્રકભસ્મ અનુપાન ભેદથી સઘળા રોગોમાં વાપરી શકાય છે.)



હરતાલ

વિવેચન : બજારમાં હરતાલ બે જાતની મળે છે એક પતરી વાળી કે જેને વરકી હરતાલ કહે છે અને બીજી પીન્ડ કે જે પત્થરના રૂપમાં હોય છે. વરકી હરતાલ કે જે અભ્રકના પતરાંની માફક પડ થાય છે અને જેનો ચળકાટ સોનાના વરખ જેવો હોય છે તે દવાના કામમાં વાપરવી ઉત્તમ ગણાય છે.

શુદ્ધિઃ હરતાલના બારીક ટુકડા કરી ડોલાયંત્રમાં શ્વેત-કોહળાનો રસ ભરી ત્રણ પ્રહર બાફવાથી તેની શુદ્ધિ થાય છે. બની શકે તો ત્રણ દિવસ લગી બાફવી તો સર્વોત્તમ શુદ્ધ બને છે.

શુદ્ધિ પ્રકાર બીજો: ડોલાયંત્રમાં ચુનાનું પાણી ભરી તેની અંદર હરતાલને આઠ પ્રહર સુધી બાફ આપવાથી તેની શુદ્ધિ થાય છે.

શુદ્ધિ પ્રકાર ત્રીજો: હરતાલને ડોલાયંત્રમાં ચુનાનું પાણી, તેલ, સફેદ કોહળાનો રસ અને લીંબુનો રસ એ દરેકમાં અકેક વખત જુદું જુદું બાફવાથી તેની સર્વોત્તમ શુદ્ધિ થાય છે. બાફ્યા પછી ગરમપાણીથી બરાબર ધોઇ લેવું.

હરતાલની શ્વેત ભસ્મઃ શુદ્ધ હરતાલ શેર ૧ લઇ તેને દસ શેર લીંબુના રસમાં પાંચ દિવસ સુધી ઘુંટવી. પછી તેની ઝીણી રોટલી વણી ડમરૂયંત્રમાં એક હાંડલાની નીચે પીપળાનીછાલની બાળેલી રાખ નાખી તેના ઉપર હરતાલની રોટલી મુકી તેના ઉપર ખુબ દાબીને બીજી રાખ ભરી દેવી, ધુમાડો નિકળી જાય નહિ તે માટે રાખ દાબવામાં ખામી રાખવી નહિ, પછી યંત્રના ઉપરના હાંડલામાં બાખરાની રાખ બરાબર દાબીને ભરી દેવી અને બન્ને હાંડલાનો સાંધો બરાબર મેળવી બરાબર સંધીલેપ કરી સારી રીતે તડકે સુકવી ચુલાપર ચઢાવવું, મંદ, મધ્ય અને તિવ્ર એ ક્રમ પ્રમાણે ચાર દિવસ આંચ આપ્યા પછી યંત્રને ધીરેથી સંભાળપુર્વક ઉપરનું નીચે અને નીચેનું ઉપર એમ ઉલટું કરી પાછળના ક્રમ પ્રમાણે ચાર દિવસ અગ્નિ આપવી છેલ્લા દિવસે અને તેટલી સખત આંચ આપવી પછી ઠંડુ થયેથી કાઢી જોતાં અંદરથી શ્વેત ભસ્મ મળી આવશે, આ ભસ્મને અગ્નિમાં નાખતાં તેનો બીલકુલ ધુમાડો થશે નહિ. ઉપરની વિધીથી હરતાલની ભસ્મ કરવા છતા તમો કંઇ કચાશ જણાય તો ફરીથી ઉપરની રીત પ્રમાણે કરી લેવાથી તેની ઉત્તમ શ્વેત ભસ્મ થઇ જશે.

Per Pro

ઉપયોગ: હરતાલ શુદ્ધ રૂપમાં તેમજ ભસ્મના રૂપમાં દવાના કામમાં વપરાય છે. હરતાલ એ બહુ સંભાળપુર્વક વાપરવાની વસ્તુ છે, તાવમાં તે સોમલની માફક ઉપયોગી છે, તેમાં ઋતુ અટકાવવાનો ખાસ ગુણ રહેલો છે અને વાતવ્યાધિ રક્તદોષ, જ્વર, ચામડીનાં દરદો વાતરક્ત, કુષ્ટ. વિષવિકાર વિગેરેને પણ મટાડે છે. હરતાલમાંથી બનતી માણેકરસ અને તાલચંદ્રોદય જેવી ચીજ બનાવી વાપરવાથી કંઇપણ હાની કર્યા સિવાય સારો ફાયદો આપે છે.

સુચના: હરતાલનું સેવન કરનારે પથ્ય બરાબર રાખવું.

માત્રા: ૧ થી ૨ રતી. **અનુપાન:** ઘી.



મનસીલ

વિવેચન: મનસીલ ત્રણ જાતનો થાય છે, સ્યામાંગી. કરવીર અને ખંડાખ્યા તેમાંથી છેલ્લી જાત કે જેનો જલદી ભૂકો થઇ પડે, લાલ રંગનો અને ભારે હોય તે મનસીલ ઉત્તમ ગણાય છે. મનસીલ એ સોમલનો ખાર ગણાય છે અને તે રસાયનમા શ્રેષ્ટ ગણાય છે.

શુદ્ધિ: મનસીલને વાટી ભૂકો કરી આદુનો કે લીંબુનો રસ અથવા ઘેટીનું મૂત્ર એ પૈકી કોઇ પણ એક વસ્તુની સાત ભાવના આપવાથી તેની શુદ્ધિ થાય છે.

શુદ્ધિ પ્રકાર બીજો: મનસીલના ભૂકાને ભાંગરાના કે આદુના રસમાં અથવા ગૌમૂત્રમાં એક પ્રહર સુધી દોલાયંત્ર વડે બાફવાથી તેની શુદ્ધિ થાય છે. શુદ્ધ થયેલો મનસીલ દવાના કામમા વાપરી શકાય છે.

ગુણ: મનસીલનો ગુણ સહજ તીખો, ઉષ્ણવિર્ય અને ઝાડો વધારનાર છે તેમજ કફ, વાયુ, મંદાગ્નિ, વિષવિકાર, ક્ષય. ખાંસી, શ્વાસ, ખરજ, ત્વચાદોષ વિગેરે મટાડે છે. કુષ્ટરોગના દરેક લેપમા વપરાય છે અને તેની સારી અસર થાય છે.

માત્રા: ૧ થી ૨ રતી. **અનુપાન:** રોગાનુસાર.

સોમલ

વિવેચન: સોમલ એ ઝેરી વસ્તુ છે, આયુર્વેદમાં તે ચાર પ્રકારનો બતાવેલો છે પરંતુ ઘણે ભાગે હાલમાં સફેદ તેમજ પીળો એમ બે પ્રકારનો સોમલ બજારમાં મળતો જણાય છે, બજારમાં ઝેરી દવાઓ વેચનારને ત્યાં મળી શકે છે. સોમલની દવા વાપરવામાં ચિકિત્સકે બહુજ સંભાળ રાખવાની જરૂર છે.

કેટલાક બદમાસ માણસો સોમલનો મનુષ્યહત્યા કરવા માટે ચોરી છુપીથી ઉપયોગ કરે છે. તેની ઝેરી અસર એક કલાક પછી જણાઇ આવે છે અને દરદીને બેચેની, મોળ, ઉલટી, બળત્રા, પેટમાં સખત વાઢ, દુખાવો ઉલટીમાં લોહી, ઝાડો કે આંકડી, તરસ. ગળામાં ભીસ, શ્વાસ લેવાની મુશ્કેલી વિગેરે લક્ષણો સાથે નાડી ઘણી બારીક થઇ જાય છે અને છેવટે બેભાની અને પછી મૃત્યુ થાય છે.

શુદ્ધિ: સોમલને કોળનોરસ, તાંદળજાનોરસ, ગાયનુંદૂધ કે કાંજી એ પૈકી ગમે તે એક વસ્તુ વડે, ડોલાયંત્રમાં નાના નાના ટુકડા કરી તેની પોટલી બાંધી બાફી લેવાથી તેની શુદ્ધિ થાય છે, શુદ્ધ કરેલો સોમલ દવાના કામમાં વાપરી શકાય છે.

ભસ્મ વિધી: ખરસાંડીયા થોરની સુકી ડાળીઓને બાળી તેની રાખ કરી તેને કપડછાણ કરી લેવી, પછી એક નાની માટીની કુલડી લાવી તેમાં અર્ધ સુધી ઉપરની રાખ દાબીને ભરવી તેના ઉપર સોમલ મૂકી ઉપરથી બાકીની રાખ જોરથી દાબી ભરી લેવી પછી તેને બંધ કરી કપડમાટી કરી લઇ પાચ શેર છાણાની અગ્નિ વચ્ચે તે કુલડીને મૂકી સળગાવી દેવુ. ઠંડુ થયે તે કુલડી કાઢી લઇ ઉપરની રાખ દૂર કરી વચ્ચેથી સોમલ પતાસાના રૂપમા મળી આવે તે લઇ લેવુ. (કુલડી ખોલતી વખતે તેમાથી નીકળતા ધુમાડાથી સાવચેત રહેવુ) પતાસાના રૂપમા ફુલીને નીકળેલો સોમલ નિર્ધુમ બની જાય છે તેને ભુકો બાટલી ભરી લેવી.

સોમલનું તેલ બનાવવાની વિધી: સાફ કરેલો સાજીખાર (સોડાબાયકાર્બ) તોલા ૪, સોમલનું ચુર્ણ તો. ૮, બન્નેને લોઢાની વાટકીમાં રાખી તેમાં ૨૪ તોલા પાણી ભરી તેને ધીમી આંચથી પકાવવું જ્યારે બે તોલા પાણી બાકી રહે ત્યારે નીચે રાખવું, જ્યારે પાણી સુકાઇ જાય ત્યારે નીચે બચેલું તેલ સીસીમાં ભરી લેવું. આ તેલ એક તોલો લઇ તેમાં બીજું ૫ તોલા સરસીયુંતેલ નાખી બાટલી ભરી રાખવી.

સોમલનો ઉપયોગ: હીસ્ટીરિયા, વાતરોગ ત્વગદોષ, વાતરક્ત, શરદી, તાવ, પક્ષાઘાત, વિષમજ્વર, ત્રિદોષ, ક્ષય વિગેરે મટાડે છે.

સોમલના તેલનો ઉપયોગ: આ તેલનો શરીરે ચોપડવા માટે અને શરદી, કફ, સર્પવિષ, હિસ્ટીરિયા, કમરનુંદરદ વિગેરેમાં તેનો ઉપયોગ થાય છે. કેટલીક વખતે આ તેલની એક સળી ભરી પાન ઉપર ચોપડી દમ અને કફના રોગમાં ખાવા અપાય છે.

સુચના: પિતપ્રકૃતિવાળાને સોમલની દવા કદી પણ આપવી નહિ. સોમલની દવા ખાનારે પથ્ય બરાબર પાળવું. સોમલની દવા હમેશાં જમ્યા પછીજ આપવી, દવા ચાલુ આપવાની હોય ત્યારે એક અઠવાડીયું દવા આપી, બીજા અઠવાડીએ બંધ કરી પછી ચાલુ કરવી અને પાછી બંધ કરવી એવા ક્રમથી આપતાં તે નુકશાનકારક થતી નથી.

માત્રા: એક રતીનો ૮ મો ભાગ.

અનુપાન: મધ અથવા ઘી.

પથ્ય: ઘી, સાકર, ગોળ, ઘઉં અને સાત્વિકખોરાક સિવાય કંઇ પણ આપવું નહિ, તેલ, ખટાઇ, મરચું અને ગરમચીજો એ બદુજ ખરાબ પરિણામ લાવનાર છે એટલે બરાબર સંભાળવુ જોઇએ

ખંડ ૩ જો

વિષ–ઉપવિષાદિ

આ પ્રકરણમાં સાધારણ વિષ ઉપવિષનું વર્ણન આપવામાં આવેલ છે.

નેપાળો

વિવેચન: નેપાળાનાં ઝાડ થાય છે તેનાં એરંડબીજને મળતાં જે ફળો થાય છે તેને નેપાળાનાંબીજ કહે છે તેમાં નાની અને મોટી એમ બે જાત આવે છે. નેપાળાના ઝાડના મૂળને દંતીમૂળ કહે છે. લઘુદંતી અને બ્રહતદંતી એવા તેના બે ભેદ છે. નેપાળાના પાન એરંડાના પાનને મળતાં હોય છે, નેપાળો એ સખ્ત જુલાબ છે તેની શુદ્ધિ કર્યા વગર વાપરવો એ જોખમકારક છે એટલે દવાના કામમાં તેનાં બીજ શુદ્ધ કરીને યોગ્ય પ્રમાણમાં વિચારીને વાપરવાં જોઇએ.

શુદ્ધિ: નેપાળાનાં બીજ લાવી તેની ઉપરની છાલ કાઢી નાખવી. પછી તેની બારીક કપડામાં પોટલી બાંધી ૨૪ કલાક તેને ભેંસના છાણમાં દાટી રાખવાં, ત્યારબાદ તેને કાઢી લઇ ગરમપાણીથી ધોઇ સાફ કરી ડોલાયંત્રમાં ખાટી છાશ કે લીંબુનારસમાં પાણી મેળવી ત્રણ કલાક બાફવાં પછી તેને કાઢી લઇ દરેક બીજને ચપ્પુવડે ચીરી તેમાંથી વચ્ચેની પાતળી જીભ કાઢી નાખવી અને તેનાં બીજને લીંબુનારસમા ઘુટી બાદ માટીના કોરા વાસણ ઉપર લગાડી તેલ ચુસાતાં સુધી બરાબર સુકવી લઇ ઔષધના કામમાં વાપરવાં.

શુણ. નેપાળો તિવ્ર રેચક તથા ઝેરી છે. તેનો ઉપયોગ ખાસ કરીને જુલાબની દવાઓમાં થાય છે. શોધક ગુણ હોવાથી તે ઉદરરોગ, જીર્ણ-વાતવ્યાધી, આફરો, ચરકા, ક્રમ, ત્વકદોષ, ઉપદંશ, રક્તવિકાર વિગેરેમાં

ખાસ વાપરી શકાય છે. નેપાળો એકલો નહિ પરંતુ બીજી દ
સાથે મેળવી જુલાબ માટે વાપરવામાં આવે છે, જીર્ણજ્વર, તાવ વિગે
ઉદર સાફ કરવા માટે નેપાળાવાળી દવાઓ ખાસ વપરાય છે. જુ
માટે નેપાળામાંથી બનાવેલી ઇચ્છાભેદી વિગેરે બનાવટો ઉપ
તેમજ નિર્ભય છે. અંગ્રેજી વૈદ્યો નેપાળાનું તેલ વાપરે છે. તે ઘણું
અને સખ્તરેચક છે.

અશુદ્ધ નેપાળો વાપરવાથી દાહ, ચુંક વિગેરે વ્યાધીઓ થાવ
તેનો જુલાબ લીધા પછી રેચ વધારે લાગે કે દાહ અથવા ચુંક વિ
જણાય તો લીંબુનું શરબત કે સાકરનું પાણી આપવાથી આરામ થાવ

માત્રા: ૦૧ થી ૦ાા રતી. **અનુપાન:** બીજી યોગ્ય દવા
સાથે અથવા સાકર કે પાણી સાથે.



ઝેરકોચલાં

વિવેચન: ઝેરકોચલાં એ પ્રસિદ્ધ વસ્તુ છે તે દરેક સ્થ
બજારમાંથી મળી આવે છે, તેની પેદાશ દક્ષિણ હિંદુસ્તાન તરફ બહુ મો
પ્રમાણમાં થાય છે, તે દવાના કામમાં શુદ્ધ કરીને વાપરવામાં આવે

શુદ્ધિ: ઝેરકોચલાંને સાત દિવસ સુધી ગૌમૂત્રમાં પલાળ
રાખવાં, ગૌમૂત્ર દરરોજ બદલતા રહેવું. સાત દિવસ પછી ગૌમૂત્ર
બરાબર બારી લઇ પાણીથી ધોઇ લેવાં પછી તેની ઉપરની છાલ ત
અંદરથી ચીરીને તેની વચલી જીભ કાઢી નાખી ખરલમાં ધુટી બુ
કરી લેવો પછી તે બુકાને લાલ દાણો થતાં સુધી ધીમા સેકી લેવ
આ પ્રમાણે તૈયાર કરેલાં ઝેરકોચલાંનો દવામાં ઉપયોગ કરવો જોઇએ

ગુણ: ઝેરકોચલાં સ્વાદમાં અત્યંત કડવા, પૌષ્ટિક અને વાતઘ
છે તેનો ઉપયોગ દવા તરીકે જાણ્યા પછી કરવો નિર્ભય ગણાય છે
પ્રાચિન વૈદકીય ગ્રંથોમાં તેનો ઉપયોગ ઓછા પ્રમાણમાં થએલ

જણાય છે; જ્ઞાનતંતુનીકમજોરી, નબળાઇ, પક્ષાઘાત, (લકવો) નસોનીઢીલાશ વીર્યસ્રાવ, ચુંક, અજીર્ણ, પેટનોવાયુ વિગેરે મટાડી શરીરની શક્તિ વધારે છે, પેટનાશૂળમાં તાત્કાલિક અસર કરે છે, ધાતુપૌષ્ટિક દવાઓમાં તેમજ પાચનશક્તિ મંદ હોય ત્યારે ઝેરકોચલાંની ગોળી તથા તેની ફાકી સારો ફાયદો આપે છે, ઝેરકોચલું ઘસીને લગાડવાથી વાયુને લીધે સુસ્ત થએલું અંગ તુર્તજ સતેજ થાય છે. અંગ્રેજી વૈદકમાં ઝેરકોચલાનો ઉપયોગ બહુજ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. **માત્રાઃ** ૧ થી ૨ રતી.

સૂચનાઃ ઝેરકોચલાનું લાંબો વખત સેવન કરવાથી તેની શરીર ઉપર ખરાબ અસર થાય છે અને કેટલીક વખત ધનુર્વા વિગેરે ઉપદ્રવો થઇ આવે છે માટે સંભાળીને વાપરવું જોઇએ.

અફીણ

વિવેચનઃ અફીણની પેદાશ ખસખસના છોડવામાંથી થાય છે, ખસખસના ફળમાંથી નીકળતો રસ તે અફીણ છે અને તે બહુજ ઝેરી વસ્તુ ગણાય છે, તેનો ઉપયોગ કેટલાક લોકો આત્મઘાત કરવામાં પણ કરે છે, અફીણનો ઉપયોગ દવાના કામમાં બહુજ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે હાલમાં આયુર્વેદમાં પણ તેનો ઉપયોગ ઘણી જગાએ જોવામાં આવે છે પરંતુ પ્રાચિન આયુર્વેદના ગ્રંથોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેમ દેખાતું નથી, કેટલાક લોકો અફીણનો ઉપયોગ શરીરને ટેકામાં રાખવા તરીકે હમેશાં નિયમિત કરતા રહે છે પરિણામે તેઓ તેના ગુલામ બની જાય છે, કેટલીક અણસમજુ સ્ત્રીઓ બાળકને સુવાડી રાખવા માટે દરરોજ થોડું થોડું અફીણ આપે છે અથવા બાળાગોળીમાં નાંખી તેનો ઉપયોગ કરે છે આ એક અત્યંત નુકશાનકારક રિવાજ છે.

શુદ્ધિ: અફીણને આદુનારસમાં પીગળાવી તેનો કર્ષ બનાવી સુકવી લેવાથી તેની શુદ્ધિ થાય છે અને તે પ્રમાણે શુદ્ધ કરે અફીણ દવાના કામમાં વાપરી શકાય છે.

ઉપયોગ: અતિસાર, મરડો, રક્તાતિસાર, કોલેરા, આંચકી અનિદ્રા, સંગ્રહણી, ખાંસી (કફવાળી) ચુંક. ઉન્માદ, નબળાઇ, સુસ્તિ માથાનુંદરદ. તિક્ષ્ણ મરડો. અસહ્ય વેદના, રક્તશ્રાવ, પીડીતાર્તવ અલ્પાર્તવ. નસોનીશિથીલતા, સ્થંભનશક્તિનીખામી, મધુપ્રમેહ વિગેરે દરદોમાં અફીણ દવા તરીકે ખાવાના કામમાં બહુજ સારો ફાયદો આપે છે. તેનો મુખ્ય ગુણ પીડાશામક, ઉતેજક અને નિદ્રા લાવનાર છે સંભાળથી વાપરવામાં આવે તો તે ઉપયોગી થઇ પડે છે પરંતુ વાપરતી વખતે માત્રાનો બરાબર વિચાર કરવો જોઇએ.

માત્રા: ા રતી. **અનુપાન:** રોગાનુસાર.



ભાંગ

વિવેચન: ભાંગનો ઉપયોગ દવાના કામમાં કરવામાં આવતો હોય તેમ જણાય છે, ભાંગ, ગાંજો અને ચરસ એ એકજ છોડની પેદાશ છે, ભાંગનાછોડ એ થી ત્રણ હાથ ઉંચા થાય છે, તેના પાનને ભાંગ કહે છે, તેની કળીને ગાંજો કહે છે અને તેના છોડમાંથી જે રસ ઝરીને નિકળે છે તેને ચરસ કહે છે, દવાના કામમા ઘણે ભાગે ભાંગના પાન અને બી વપરાય છે.

ગુણ: ભાંગ માદક છે તેમજ બળ, બુદ્ધિ વધારનાર અને દિપન, પાચન, પીડાશામક, ગ્રાહી તથા નિદ્રા લાવનાર છે. ભાંગનો વધુ ઉપયોગ કરવાથી માણસ ગાંડો બની જાય છે. કેટલીક જગાએ પાક વિગેરેમાં કામોત્તેજક તરીકે ભાંગનો ઉપયોગ કરવામાં આવે છે નિદ્રા લાવવા તથા સંગ્રહણી અને અતિસાર માટે આયુર્વેદમાં ભાંગનો

ઉપયોગ ખાસ થયો હોય તેમ જણાય છે. દવાના કામમાં ભાંગને ધોઈ સેકી લઈ વાપરવી જોઈએ.

માત્રા: ૧ વાલ. **અનુપાન:** પાણી અથવા રોગાનુસાર.

થોર

વિવેચન: થોરની પેદાશ દરેક પ્રદેશમાં થાય છે. ખાસ કરીને ડાંડલીઓ, ભુંગળીઓ અને હાથલો એમ તેની મુખ્ય ત્રણ જાત છે. દવાના કામમાં ડાંડલીઓ અને ભુંગળીઓ વપરાય છે, ડાંડલીયા થોરને ખરસાણી થોર કહે છે અને તેનો વાડીની વાડ બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે, ભુંગળીઓ થોર જેને લોકો કાંટાળો થોર કહે છે તે જંગલમાં પોતાની મેળે પુષ્કળ ઉગે છે, ગુણમાં લગભગ બન્ને થોર સરખા ગણાય છે.

થોરનું દીર: એ ઉપવિષ ગણાય છે, તે સખ્ત રેચક છે તેનો રેચ ઘણોજ ભયકારક છે. અજ્ઞાન લોકો સખત જુલાબ તરીકે થોરના દુધમાં બાજરાનોલોટ મેળવીને ખાય છે પરંતુ તેનું પરિણામ બહુજ ખરાબ આવતું જણાય છે કેમકે તે ઝેરી અને સખ્ત રેચક છે, દુખતા સાંધાપર થોરનુંદુધ લગાડવામાં આવે છે, ઉદરરોગમાં વપરાતી કેટલીક દવાઓ જેવીકે નારાયણચૂર્ણ વિગેરેને આ દુધની ભાવના આપવામાં આવે છે, ખસ. ખરજવું, દાદર. કફનોળરાવો, ગાંઠ (ગ્રંથી) પ્લેગનીગાંઠ. બદ વિગેરેમાં થોરનુંદુધ વાપરવામાં આવે છે. ભસ્મોની બનાવટમા અને તેની શુદ્ધિમા પણ કેટલીક જગાએ થોરનુદુધ વાપરવામાં આવે છે.

ધતુરો (કનક)

વિવેચન: ધતુરો ધોળો, પીળો અને કાળો એમ ત્રણ પ્રકારનો થાય છે. દરેકમાં તે રંગ મુજબનાં ફુલો આવે છે, કાળાધતુરાના અને સફેદધતુરાનાં ઝાડ સામાન્ય રીતે દરેક સ્થળે જોવામાં આવે છે,

પીળા ધતુરાનાઝાડ નડીઆદમાં દેશાઇની વાડીમાં છે, દવામાં કાળા ધતુરા વધારે સરસ ગણાય છે, પરંતુ તે વધારે ઉગ્ર હોય છે. ધતુરાનાંબીજ, મુળ, પાનનોરસ, પંચાગ વગેરે દવાના કામમાં વપરાય છે. રસાયનો બનાવવાના કામમાં ધતુરાનાંબીજ શુદ્ધ કરીને વપરાય છે. ધતુરો ઝેરી છે, દુષ્ટ લોકો તેને ખાવાની ચીજોમાં નાંખીને ખવડાવે છે.

શુદ્ધિઃ ધતુરાનાંબીજને ગૌમુત્રમાં ત્રણ કલાક બાફવાથી અને પછી તેની ફોતરી કાઢી નાખી સુકવી લેવાથી તે શુદ્ધ થાય છે. ધતુરાનાંબીજને ગૌમુત્રમાં ૧૨ કલાક પલાળી રાખી પાણીથી ધોઇ સુકવી ઉપરનીછાલ કાઢી સાફ કરી વાપરી શકાય છે.

તેલઃ પાતાલયંત્રમાં ધતુરાનાંબીજ ભરી યંત્રનું મોઢું નીચે રાખી ઉપર તાપ દેવાથી તેનું તેલ નીકળે છે. આ તેલ કેટલીક પૌષ્ટિક તથા સ્થંભક દવાઓમાં તેમજ પારદના કેટલાક કાર્યોમાં વપરાય છે.

ગુણ–ઉપયોગઃ પીડાશામક અને સ્નાયુ શૈથીલ્યકૃત તરીકે પ્રસિદ્ધ છે. તે સિવાય તે ઉન્માદ, તાવ, ખાંસી, અતિસાર, શ્વાસ, નબળાઇ, ત્વકદોષ, જ્વરાતિસાર વગેરેમાં ખાસ વપરાય છે. તેનાં પાંદડાનો ધુમાડો પીવાથી શ્વાસરોગમાં તાત્કાલીક ફાયદો થાય છે. રસાયનોની અનેક બનાવટોમાં કનકબીજ વપરાયલા જોવામાં આવે છે. તથા કેટલીક જગાએ તેનું તેલ પણ વપરાય છે. વધુ લેવાથી નસો ચડે છે અને ઝેરી અસર જણાય છે.

માત્રાઃ ૦ાા થી ૧ રતી. **અનુપાનઃ** રોગાનુસાર.



વચ્છનાગ (વત્સનાભ)

વિવેચનઃ વચ્છનાગના મુળીઆં બજારમાં ગાંધી લોકોને ત્યાં મળે છે, તેમાં બે જાત છે, કાળા અને ચમકદાર તથા ભારે હોય તેને શીંગડીઆ તથા લાકડા જેવા, ભુખરા રંગના અને હલકા ટુકડા

હોય છે તેને લાકડીઓ વચ્છનાગ કહે છે. વળી વછનાગનાં સફેદ ગ
પણ મળે છે અને તે બરાબર છે. વછનાગની પેદાશ દક્ષિણ
તથા મધ્યભારતમાં થાય છે, તેના મુળીઆંને અમુક રીતે બાફી, ?
તૈયાર કરે છે જેથી તે બગડતા નથી. બજારમાં સર્વત્ર અ
મળે છે, વચ્છનાગનો ઉપયોગ આયુર્વેદમાં બહુજ મોટા પ્ર
થએલો જણાય છે, સેંકડો રસાયનોમાં તેનો ઉપયોગ થયેલો છે
તે શુદ્ધ કરીને વાપરવામાં આવે છે, શુદ્ધ કર્યા પછી તે દવ
બહુજ ઉપયોગી ચીજ બને છે. અશુદ્ધ ઝેરી છે અને વધુ અ
તેની ઝેરી અસર તરત જણાય છે. અંગ્રેજી દવામાં અશુદ્ધ વપ

શુદ્ધિ: વચ્છનાગ સારો લાવી તેના ટુકડા એક ઈંચ
કરી તેને ગૌમુત્રમાં પોટલી બાંધીને પલાળી રાખવા. પોટલી
રહે તેટલું ગૌમુત્ર નાખવું, દરરોજ સવારે નવું ગૌમુત્ર નાખ
જુનું કાઢી નાખવું. ૭૨ કલાક સુધીમાં ત્રણ વખત આ પ્ર
પછી સુકવી લેવું અને વાટી દવામાં વાપરવું. (૨) વચ્છનાગના
ગાયના દુધમાં ડોલાયંત્રવડે ત્રણ પ્રહર ધીમે તાપે બાફી લે
તેને સુકવી લઇ વાટી દવામાં વાપરવું. બંને રીત સારી ને :

ગુણ-ઉપયોગ: તે તાવ અને વાયુ માટે સર્વોત્તમ
નવા તાવમાં તથા જુના વાતરોગમાં વપરાય છે. એ સિવા
અજીર્ણ, શળ, ખાંસી, કફ, શ્વાસ, ત્રિદોષજ્વર, નબળાઇ, ફ્લ
કેટલાક દરદોમાં લેપ રૂપે લગાડવામાં આવે છે. તે દવામાં
પદાર્થ છે. પરંતુ ઝેરી છે માટે સંભાળીને વાપરવો.

માત્રા: ॥ થી ૧ રતી. **અનુપાન:** બીજી યોગ્ય દવાઓ

કણેર (કરવીર)

વિવેચન: કણેર ચાર જાતની થાય છે, સફેદ, ગુલા
એ ત્રણ એકજ પ્રકારની તથા પાંચમી એ બહુ પ્ર

ચારે એકજ વર્ગની અને સરખી ગુણવાળી બતાવવામાં આવે છે. દવાના કામમાં કણેર ઓછી વપરાય છે કેમકે તે ઝેરી છે. ઉપવિષ તરીકે આયુર્વેદમાં તેનું સ્થાન છે. દવામાં સફેદ કણેરનો ઉપયોગ કરવાનું બતાવેલ છે. ખાસ કરીને તેના મૂળીઆનો કે પાંદડાનો ઉપયોગ કરાયલો જણાય છે. ચામડીનાં દરદોમાં તેનું તેલ બનાવી લગાડવામાં વપરાય છે તે માટે **કરવીરાદિતેલ**નો પાઠ આયુર્વેદમાં છે.

ગુણ–ઉપયોગ: જ્વરઘ્ન, ત્વક્દોષહર તરીકે તેનો ખાવા તથા લગાડવામાં ઉપયોગ થાય છે. સફેદ કણેરની જડ લાવી તેને દૂધમાં પકાવી તે દૂધને જમાવી તેમાં બીજી પૌષ્ટિક દવાઓ મેળવી તેને વલોવી માખણ કાઢી લઇ તેનું ઘી બનાવી તે ઘી નાગરવેલનાપાનમાં ખાવાથી બળ તથા કામોત્તેજક અસર બતાવે છે અને તે ખાવા તથા લગાડવાના કામમાં વપરાય છે. સફેદ કણેરના પાંદડાને સુકવી તેના ભુકાની એક ચપટી નાકે સુંઘવાથી છીંકો આવી માથાનુ દર્દ મટે છે.

પ્રમાણ: ૦ાા થી ૧ રતીભાર મૂળનીછાલનો ભુકો.

ચણોઠી (ગુંજા)

વિવેચન: ચણોઠીના વેલા થાય છે તેમાં જે શીંગ થાય છે તેની અંદર બીજ હોય તેને ચણોઠી કહે છે, આ ચણોઠીને ગુંજા કે રતી કહે છે [illegible] અને તે તોલવામાં દરેક જગ્યાએ વપરાય છે ચણોઠીને [illegible] ખાવા તથા [illegible] માટે કરવામાં આવે છે ચણોઠીનાં [illegible] પાન ઝેરી નથી [illegible] બીજ (ગુંજા) ઝેરી છે ખાવાના કામમાં [illegible] [illegible] છે તે ઝેરી હોવાથી તેને [illegible] [illegible] ચણોઠીના [illegible]

શુદ્ધિ: ચણોઠીને [illegible]

ગુણ–ઉપયોગ: પૌષ્ટિક, શીતળ, વાતહર અને રોપણ છે. તેના લેપથી ટાલ ઉંદરી અને કેટલાક માથાના તથા ચામડીનાદરદ મટે છે. એ માટે ગુંજાદિતેલ પ્રસિદ્ધ બનાવટ છે. તથા ગુંજાભદ્રરસ વાતરોગ માટે પ્રસિદ્ધ છે. ધોળી ચણોઠીનો પાક બનાવી કેટલાક લોકો શીયાળામાં તાકાત, બળ, વીર્ય વધારવા માટે ખાય છે, વીર્યસ્રાવ અને મગજનીકમજોરી માટે તે સારો ફાયદો આપે છે, પણ તે સંભાળીને યોગ્ય પ્રમાણમાં લેવાની જરૂર છે, નહિતો ઉલટી થવા લાગે છે. એ સિવાય સ્ત્રીઓને ગર્ભ ન રહે તે માટે રૂતુ આવ્યા પછી ચોથે દહાડે એક ચણોઠી (લાલ) દાંત લગાડયા સિવાય ગળી જવાથી એક વર્ષ સુધી ગર્ભ રહેતો નથી, આ ઉપાય ઘણા વૈદ્યોમાં પ્રચલિત છે; પરિણામ કંઇ ચોક્કસ જાણવામાં આવેલ નથી.

આકડો

વિવેચન: આકડો પ્રસિદ્ધ વનસ્પતિ છે. આયુર્વેદમાં અને રસ રસાયન, ભસ્મ વગેરેમાં તેનો છુટથી ઉપયોગ કરવામાં આવે છે. અર્કદુગ્ધને આયુર્વેદમાં ઉપવિષ તરીકે ગણવામાં આવેલ છે. અભ્રક મારણ માટે અર્કદુગ્ધ મુખ્ય અને પ્રસિદ્ધ વસ્તુ ગણાય છે. તેમાં સફેદ અને રાતો એવા બે પ્રકાર છે. સામાન્ય રીતે રાતોજ મળે છે.

ગુણ–ઉપયોગ: આકડો પ્રસિદ્ધ અને સર્વત્ર મળતી વનસ્પતિ હોવાથી લોકો તેનો દવામાં ખુબ ઉપયોગ કરે છે. તેનું દુધ, પાંદડાં, મુળનીછાલ અને તેનાં ફુલ (રવાઇડા)નો દવામાં ઉપયોગ કરી સારો લાભ મેળવે છે. આકડો ઉપવિષમાં હોવા છતાં તે હડકાયા કુતરાના વિષ ઉપર રામબાણ ઉપાય છે, તેના મુળનીછાલ સ્વેદલ અને આમ મટાડનાર છે. તાવ, ઉદરરોગ, કફ, શ્વાસ, ખાંસી, રક્તવિકાર, અ... વગેરે અનેક રોગમાં તે ઉપયોગી વનસ્પતી છે. સંભાળીને વાપરવા... એકજ વનસ્પતિ વડે અનેક રોગ મટાડવાનુ મહાનકાર્ય કરી શકાય ... રસાયનોમાં તેનુ દુધ મુખ્યભાગે વપરાય છે.

લાંગુલી (કલીહારી)

વિવેચન: વચ્છનાગના વર્ગની આ પણ એક ઝેરી વનસ્પતિ છે પરંતુ તે એટલી બધી ઝેરી નથી. ગુજરાતીમાં તેને કેટલાક દુધીઓ વછનાગ કહે છે. તેના મુળીઆં દવાના કામમાં વપરાય છે તે મુળીઆંને ગૌમુત્રમાં ૧૨ કલાક પલાળી રાખી સુકવી પછી દવામાં વાપરવામાં આવે છે આયુર્વેદમાં તે ઉપવિષ તરીકે ગણાય છે દવાના કામમાં કોઇ કોઇ જગાએ તેનો ઉપયોગ જોવામાં આવે છે.

ગુણ: વેણ લાવનાર તરીકે પ્રસિદ્ધ છે. તે સિવાય તે કંઠમાળ, અપચી. ગ્રન્થી, બાંબલાઇ, બદ, સોજા વગેરેમાં વાટીને કે ઘસીને લેપના રૂપમાં વપરાય છે, યોનીશૂળમાં પણ તે વપરાય છે. તે સારક, તીખી કડવી, તિક્ષ્ણ, ઉષ્ણ, અને તુરી છે. અર્શ વાયુ, કૃમી, કુષ્ટ, વ્રણ, સોજો, શુષ્કગર્ભ વગેરેનો નાશ કરે છે. તેનાં મુળને વાટી પેડુપર લેપ કરવાથી વેણ આવવા લાગે છે અને પ્રસુતિ થાય છે દવામાં આવી ચીજ સંભાળીને વાપરવી જોઇએ.

ખંડ ૪ થો

ક્ષાર, લવણ અને પ્રાણીજ ઔષધો

નોંધ: આ પ્રકરણમાં ક્ષાર, લવણ પ્રાણીજ ઔષધો લેવામાં આવેલ છે.

જવખાર

વિવેચન: બજારમાં જે જવખારની સફેદપત્રીઓ ગાંધી લોકોને ત્યાં મળે છે એ ખરો યવક્ષાર નથી. ખરો યવક્ષાર જવના પંચાંગને બાળીને તેની રાખમાંથી ક્ષાર કાઢવાની પદ્ધતિએ બનાવી તૈયાર કરાય છે એ રંગે જરા મેલો, ભૂકા જેવો અને સોડામાં

નાખતા તમતમાટ કરે તેવો હોય છે. આવો યવક્ષાર વિશ્વાસ લાયક વૈદ્યો કે ફાર્મસીવાળાઓને ત્યાંથીજ મળી શકે છે.

ગુણ-ઉપયોગ: દવાની અનેક બનાવટોમાં યવક્ષાર વપરાય છે. તેનો મુખ્ય ગુણ કફઘ્ન, સારક, ઉષ્ણ, અગ્નિ પ્રદિપ્ત કરનાર. દીપન તથા મુત્રલ છે. ખાસ કરી તે ઉદરરોગ, મુત્રાશયનારોગ, ખાંસી, કફ, શ્વાસ, પથરી, મકકલશુળ, કુક્ષીશુળ, અસ્તીશુળ, ઉદાવર્તવાયુ, શરદીથી ભરાઇ જવું વગેરેમાં ઉપયોગી અને સારી અસર કરનાર છે.

માત્રા: ૩ થી ૬ રતીભાર. **અનુપાન:** પાણી કે ઘી સાથે.

સાજીખાર

વિવેચન: સાજીખારની પેદાશ સિન્ધ, પંજાબમાં થાય છે. ત્યાંની ખારી જમીનમાં લાણા કે જેને રૂદ્રવંતી કહે છે તેનાં ઝાડ થાય છે તેને કાપી બાળી તેની રાખ કરી ખાસ વિધી પ્રમાણે આ ખાર તૈયાર કરવામાં આવે છે. તે કાળારંગના છારીયુક્ત પથર જેવા આકારમાં મળે છે અને તે પેટના રોગોમાં પાચન, દિપન, વાયુ હરનાર તથા શુળને મટાડનાર છે. તેનો ઉપયોગ અનેક દવાઓમાં થાય છે. અને રસોમાં પણ વપરાય છે. કેટલાક તેને લોટનસજી કહે છે.

માત્રા: ૩ થી ૬ રતીભાર. **અનુપાન:** પાણી કે ઘી સાથે.

નવસાર (નૌસાદર)

વિવેચન: નવસારની ગણના ક્ષારમાં કરવામાં આવે છે. તેની પેદાશ આ દેશમાં ઘણે ઠેકાણે થાય છે. જનાવરો જ્યાં વધુભાગે બેસે છે અને જ્યાં તેમનાં મૂત્ર તથા છાણનો વધારે ભાગે જમાવ થાય છે તે જમાવ થએલા પદાર્થને બાળીને તેની રાખને પાણીમાં ઘોળીને સાફ કર્યા પછી પકવીને ક્ષારની રીતે તૈયાર કરે છે. નવસાર બજારમાં દરેક ઠેકાણે મળે છે. દવામાં તે શુદ્ધ કરીને વાપરવો જોઇએ. અત્યારે નવસાર પરદેશથી વધારે આવે છે, આ દેશમાં પણ બનાવાય છે.

શુદ્ધિ: નવસારનો ભુકો કરી ચારગણા પાણીમાં મેળવી તેનું પ્રવાહી થઇ જાય એટલે કપડેથી ગાળી લેવું, પછી ચૂલે મુકી તેને પકાવી લેવું અને ક્ષાર જેવું થાય ત્યારે ઉતારી વાટી લેવું તેને દવાના કામમાં વાપરવું. એ સિવાય એ નવસારને ડમરૂયંત્રમાં રાખી તેના ફુલ ઉડાવી લેવા, તે પણ ખાસ ઉપયોગી દવા તરીકે જ્વર વગેરેમાં વપરાય છે.

ગુણ-ઉપયોગ: જ્વર, યકૃતરોગ, સર્પવિષ, કલેજાના જુદા જુદા રોગોમાં સારક, શોધક, તિક્ષ્ણ અને પિત્તનું વિરેચન કરનાર છે. લોહીનો જમાવ હોય, રક્તસ્રાવ હોય, જ્વર, ત્રિદોષ અને ન્યુમોનીઆ જેવા વ્યાધિઓમાં તેની બહુજ સારી અસર થાય છે. ન્યુમોનીઆ તથા ઇન્ફ્લ્યુએંઝામાં તે ચોક્કસ ઉપાય છે તે સિવાય તેનું લોશન બનાવી તેના પોતાં મુકવાથી સોજો, વરમ, વધરાવળ વગેરે મટે છે. મગજપર તાવની ગરમી હોય, ત્યારે શીતોપચાર તરીકે નવસારનાં પાણીનાં પોતાં ખાસ ગુણદાયક થઇ પડે છે.

માત્રા: ૬ થી ૧૨ રતી. **અનુપાન:** પાણી સાથે.

ટંકણખાર

વિવેચન: ટંકણખાર એ ઘણા તળાવોમાં પાણી સુકાઇ જાય ત્યારે જામી ગયેલા પાસાની હાલતમાં મળી આવે છે. તેને શુદ્ધ કરી દવામાં વપરાય છે. આજકાલ ટંકણખાર પરદેશથી આવે છે. અને તે ઘણેભાગે સાફ હોય છે. આ સાફ ટંકણ બહાર લગાડવા માટે કાચો તથા દવામાં ફુલાવીને ખાવાના કામમાં વપરાય છે. સોની લોકોને ધાતુના કામમાં તે બહુ ઉપયોગી છે તે સિવાય તે દવાના કામમાં પણ બહુજ વપરાય છે. બીજી જાત તેલીઓટંકણ છે.

શુદ્ધિ: એક માટીના ઉંડા વાસણમાં ટંકણનો ભારી ભુકો નાખી એક તવેથા વડે હલાવતા જવું, એટલે તે ફુલી જશે. પછી

માફક ફુલેલા તે ટંકણને કાઢી લઇ બારીક વાટી ચાળી લેવું અને તે દવાના કામમાં વાપરવું.

ગુણ–ઉપયોગ: મુત્રલ, રૂતુ તથા વેણને લાવનાર, રોપણ, સારક, વિષદોષ તથા વાયુ, કફનો નાશ કરે છે. સસણી, ખાંસી, કફ, શ્વાસ. પેટનારોગ વગેરેમાં તે વપરાય છે. છાશના અનુપાનથી ટંકણ લેવાય તો મુત્ર બંધ હોય તે છુટે છે. ગર્ભાશયમાંથી થતા અત્યંત રક્તશ્રાવને બંધ કરે છે. કફને છુટો કરવા ટંકણ ઉત્તમ દવા ગણાય છે. સ્ત્રીઓને રૂતુરોગમાં ટંકણ બીજી જુદી જુદી દવાઓ સાથે દરદરૂપ ઓળખીને અપાય તો સારો ફાયદો બતાવે છે. પ્રદર, ગોનીકંડુ, મુખપાક, દરાજ, ત્વકદોષ, થુલીઓ (બાળકોનો), દંતરોગ ઉંદરી. મોઢું આવવું વગેરે વ્યાધિઓમાં ટંકણ છુટથી વપરાય છે. અને તે ખાસ ઉપયોગી છે. આયુર્વેદમાં અનેક રસાયનોમાં વપરાયેલો છે.

માત્રા: ૩ થી ૬ રતીભાર.

પ્રવાહી માટે: ૧ ભાગ ટંકણ ૨૦ ભાગ પાણીમાં મેળવી વાપરવું આ પ્રવાહી બહારના કામ માટે છે.

સુરાખાર

વિવેચન: સૂર્યક્ષાર અથવા સુરાખાર બજારમાં સર્વત્ર મળે છે, દવાના કામમાં જે સાફ હોય તે વાપરવો. તેની બનાવટ આ દેશમાં ઘણે ઠેકાણે થાય છે. તે અમુક જાતની માટી કે જેમાં ક્ષારનો ભાગ હોય છે તેમાંથી બનાવવામાં આવે છે. મેલા સુરાખારને ચારગણા પાણીમાં નાખી બરાબર મળી જાય ત્યારપછી તેને ઠરવા દેવું. ઉપરનું નીતરેલું પાણી સંભાળથી લઇ ગરમ કરી પાણીને બાળી લેવાથી તે શુદ્ધ બને છે.

ગુણ–ઉપયોગ: મૂત્રલ, શીતળ અને સ્વેદલ છે. તેનો ઉપયોગ પેશાબ લાવવામાં, તાવમાં પસીનો લાવવા માટે તથા કેટલાક

પેટના રોગોમાં તેમજ દમમાં તેનો ધુંવાડો પીવા માટે કરવામાં આવે છે. પેશાબનીગરમી, મૂત્રકૃચ્છ, ઉનવા, મૂત્રની અટકાયત. જળોદર. કમળો, તાવ, ઉદરરોગ વગેરેમાં તે સારૂં કામ કરે છે. કેટલાક વૈદો ચંદ્રપ્રભામાં શીલાજીતને બદલે સુરાખાર નાખીને ગોળી બનાવે છે, મુત્રલ તરીકે એ ગોળી સારૂં કામ કરે છે.

જાડા અમદાવાદી કાગળને સુરાખારના પાણીમાં પલાળી તેને સુકવી તેની બીડી બનાવી ધૂમાડો પીવાથી શ્વાસરોગમાં તાત્કાલિક ફાયદો આપે છે. મૂત્રનો રેચ લેવા માટે તેને દૂધ તથા પાણીમાં નાખી પીવા માટે લેવાય છે. **માત્રા:** ૪ થી ૮ રતી. પાણી સાથે.

બીજા અન્ય ક્ષાર

દવાના કામમાં અનેક જાતના બીજાપણ ક્ષાર વપરાય છે એ ક્ષાર ખાસ કરી વનસ્પતિજન્ય છે, યાને તેની બનાવટ વનસ્પતિને બાળીને તેની રાખને પાણીમાં ડોળીને તે પાણીને ગાળી ફીલ્ટર કરી ફરી પાછું ઉકાળવાથી એ ક્ષાર તૈયાર થાય છે. તેવા ક્ષારમાં મુખ્યભાગે નીચેનાં નામ આવે છે.

પલાશ કટકારી, આકડો, સુવર્ણક્ષીરી મુલી કેળ ઓખરો અપામાર્ગ, તલ, લીંબુ વાસા ચિંચા ચિત્રક વગેરે એ કરો વનસ્પતિમાંથી ક્ષાર બનાવી શકાય છે

આ બધા ક્ષાર વનસ્પતિજન્ય છે આ ક્ષાર અનેક જાતનાં ગેસ મટાડવામાં અદ્ભુત ઉપયોગી છે [illegible] અને રસ કર્મનાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે [illegible] ક્ષારો [illegible] તથા ગુલ્મ [illegible] કરનારી અને છે [illegible] તો [illegible] [illegible] તેને જાણી તેનાથી તૈયાર કરે છે

લવણ–મીઠું

વિવેચન: લવણ અથવા મીઠું આઠ પ્રકારનું આવે છે, તેમાંપણ મુખ્યભાગે પાંચ પ્રકાર પ્રસિદ્ધ છે, અને તે પંચલવણના નામથી દેશી વૈદકમાં અનેક દવાઓમાં વપરાય છે. તેમનાં નામ આ પ્રમાણે છે:–

સિંધાલુણ, સંચરલુણ, સમુદ્રલુણ, સાંભરલુણ, બીડલુણ, કાચલુણ, કાળુંલુણ, ખારલુણ, આમાંથી પ્રથમના પાંચ નામ વાળા લવણ પ્રસિદ્ધ છે, બધા લવણના પ્રતિનીધી તરીકે સિંધાલુણ વાપરી શકાય છે.

સિંધાલુણ

એની પેદાશ પંજાબ તરફ ખાણમાંથી થાય છે. તેના મોટા મોટા એક બે મણના પથરો આવે છે તે ભોજનમાં લવણની જગાએ વપરાતું પ્રસિદ્ધ લવણ છે. અને તે બીજા બધા લવણ કરતાં વધુ નિર્દોષ તથા પથ્ય ગણાય છે. આયુર્વેદમાં તેને ત્રિદોષનાશક ગણેલું છે. તે દીપન, પાચન, લઘુ, સ્નિગ્ધ, રૂચીકારક, શીતળ, વૃષ્ય, સુક્ષ્મ, અને આંખને માટે હિતકારક છે.

સમુદ્રલુણ–મીઠું

દરીઆના પાણીને ક્યારાઓમાં ભરીને સુકવે છે ને આ મીઠું છે કેટલીક જગાએ રણમાં તે પોતાની મેળે પણ પાણી સુકાવાથી બને છે. તેનો સામાન્ય રીતે બહુજ વપરાશ છે કારણ કે પુષ્કળ મળે છે. સસ્તું મળે છે અને સર્વત્ર મળે છે, આમા પણ હલકું (કાળું અથવા માટીયુક્ત) અને સારૂં બે જાત આવે છે ભોજનમાં કે દવામાં હમેશાં સારૂંજ વાપરવું. હલકું હોય તો તેને પાણીમા મેળવી કપડે ગાળી ફરી પકાવીને વાપરવું. તે અનેક રોગોમાં દવા તરીકે વપરાય છે. ગુણમાં સિંધવ કરતાં ઉતરતું છે.

સંચરલુણ

બજારમાં તેના રાતા, ચમકદાર કે ભુખરા થએલા પત્થર જેવડા ટુકડા મળે છે તેને મરાઠીમાં પાદેલોણ કહે છે. તે દવાના કામમાં સીંધાલુણ કરતાં બીજે નંબરે આવે છે અને તે વધુ વપરાય છે. પેટના રોગો મટાડી વાયુ, અજીર્ણ, આફરો, કબજીઅતમાં ખાસ ઉપયોગી ગણાય છે. ખોરાક પચાવે છે. રૂચી વધારે છે અને પિત્તને વધારતું નથી. હિંદીમાં તેને કાલાનીમક કહે છે.

વડાગરૂં મીઠું

આ મીઠું કાઠીયાવાડ તરફ પ્રસિદ્ધ છે તેને કેટલીકવાર સિંધાલુણની અવેજીમાં વાપરે છે, તેનો ઉપયોગ દવાના તથા ખાવાના કામમાં થાય છે તે ઉત્તમ જાતનું શુદ્ધ મીઠું છે અને તે ગુજરાત કાઠીયાવાડ, કચ્છ, મારવાડ વગેરે પ્રદેશોમાં પ્રસિદ્ધ છે.

સાંભરલુણ

અજમેર–જયપુર તરફના પ્રદેશોમાં એક તળાવ છે ત્યાંનું પાણી સુકવીને આ લવણ બનાવવામાં આવે છે ત્યાં દરરોજ મણ આ મીઠું બને છે તે દવાના કામમાં વપરાય છે પણ તેનો ઉપયોગ સામાન્ય છે. ગુણમાં પણ તે બીજા લવણોને મળતુંજ છે

બીડલુણ

આ એક ખારી જમીનમાંથી મળી આવતું મીઠું છે તેના દવાના કોઈ કોઈ જગાએ પંચલવણમાં વપરાશ થાય છે. સામાન્યરીતે તેનો ગુણ પણ રુચિકર, પાચન, દિપન અને આફરો તથા અજીર્ણ મટાડનાર છે.

કાચલુણ

જે ભઠ્ઠીમાંથી કાચ બને છે તેજ ભઠ્ઠીમાંથી આ નિમક તૈયાર થઈને આવે છે. દવાના કામમાં તેનો પણ ઉપયોગ થાય છ

અને તેના ગુણો પણ બીડલુણને મળતા તથા જરા વધારે તિક્ષ્ણ ગણવામાં આવે છે. ઘણેભાગે જ્યાં કાચની ભઠી હોય છે ત્યાંથીજ તે મળી આવે છે. કેટલાક તેને બંગડીખાર પણ કહે છે.

ખારલુણ-પાપડખાર

સિંધ અને કચ્છમાં તેની પેદાશ થાય છે પણ ખાસ કરી સિંધમાં ખૈરપુર સ્ટેટના પ્રદેશોમાં હજારો મણ ઉત્પન્ન થાય છે તે પણ એક પ્રકારનું મીઠુંજ છે પણ તે પાપડ બનાવવામાં વપરાતું હોવાથી અને તેની પેદાશ જુદાજ રૂપે થતી હોવાથી લોકોમાં તેનું નામ **પાપડખાર** પડી ગયું દેખાય છે. તે પેટનારોગ, બાળકનું ભરાઇ જવું, શૂળ, વાયુ, વાળો, કંઠમાળ વગેરે દરદોમાં વપરાય છે. તેમાં એક સ્વચ્છ ખાવાના કામ માટે તથા બીજું માટીયુક્ત ભુકારૂપે મળે છે તે કપડા ધોવાના કામમાં કે સાબુ બનાવવાના કામમાં વપરાય છે તે મેલને તોડનાર છે. ખરી રીતે આ પણ એક પ્રકારનો ક્ષારજ છે.

નોંધઃ કાલાનિમક તરીકે પંજાબ અને યુ. પી. માં એક જુદીજ જાતનું મીઠું વપરાય છે જો તેને ગણવામાં આવે તો નવ પ્રકાર થાય છે. આ પ્રમાણે ગણતાં તેમાંથી **પાપડખાર** જેને **ખારલુણ** કહે છે તે બીડલુણમાંજ ગણી લેવાય તો બરાબર આઠ પ્રકાર થાય છે.



સાબરશૃંગ

વિવેચનઃ સાબર નામના મોટા પ્રાણીના શીંગડા દવાના કામમાં ઘસીને લગાડવા માટે તથા તેની ભસ્મ બનાવી ખાવા માટે વપરાય છે. આ શીંગડા વજનમાં બહુજ ભારે, સખ્ત સોટા જેવા બજારમાં વેપારીઓને ત્યાં મળી શકે છે. તેને ભાંગી નાના ટુકડા કરી તેનો ફાડો કરી લેવો જોઇએ.

શુદ્ધિ: ભાંગેલા ટુકડાને એક સળગતા કોલસાથી ભરેલી સગડીમાં ઉપર રાખી (તે સગડી ખુલ્લા મેદાનમાં રાખવી કેમકે તેની વાસ બહુજ ખરાબ હોય છે માટે તેનો ધુમાડો દૂર જાય તેમ કરવું) બાળી કોલસા જેવા થાય ત્યારે લઇ લેવા, ધુમાડો બહુજ નિકળશે તે નીકળી બંધ થાય ત્યારે લઇ ઠંડા કરવા પછી તેને વાટી ભુકો કરી લેવો.

મારણ (ભસ્મ વિધી): ઉપર બતાવેલી રીતથી કરેલો ભુકો હોય તેને આકડાનાદુધમાં વાટી ટીકડી કરી સુકવી સંપુટમાં રાખી ગજપુટ અગ્નિ આપવો. આવા બે ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ બને છે.

પ્રકાર બીજો: શુદ્ધ કરી ભુકો કરેલા સાબરશૃંગને પ્રથમ અર્કદુગ્ધ, પછી અરડુસીનોરસ, ધતુરાનોરસ, બોરીંગણીનોરસ, આદુનોરસ, અપેડાનોરસ એ દરેકના જુદા જુદા રસમાં ઘુંટી ટીકડી કરી એકેક હલકો ગજપુટ સંપુટમાં બંધ કરીને આપવાથી આ ભસ્મ ઉત્તમ બને છે. ગુણમાં બહુજ સારી બને છે.

ગુણ-ઉપયોગ: ખાંસી, ક્ષય શ્વાસ પડખાનુશૂળ, કંકમાળ, રક્તવિકાર, અસ્થીક્ષય, ગ્રન્થી, અપચી, વધરાવળ તાવ વગેરેમાં આ ભસ્મ ખાસ ગુણદાયક છે. ઉત્તમ પ્રકારના કફશોધન તરીકે આ ભસ્મ ઉપયોગી છે.

માત્રા: ૨ થી ૪ રતીભાર. અનુપાન. ઘી મધ કે પાન સાથે.

મૃગશૃંગ

વિવેચન: મૃગ અથવા હરણનું શીંગડું [illegible] [illegible] છે કે જે શીંગ જંગલમાં મળી આવે છે. તે નાના [illegible] [illegible] તથા તેની બહાર ફાંટા [illegible] હોય છે.

શુદ્ધિ તથા મારણ: એ હરણનાં શીંગડા લાવી તેને ભાંગી ટુકડા કરી એક માટીના હાંડલામાં રાખી બંધ કરી હલકા ગજપુટના અગ્નિમાં બાળી લેવા. કાળારંગનીભસ્મ બને છે તે દવામાં વાપરવી.

ઉપયોગ: પાર્શ્વશૂળ, કટીશૂળ, સંધીવાત, હૃદયરોગ, હૃદયશૂળ, ખાંસી, કફ અને વાયુ માટે ખાસ ઉપયોગી છે.

માત્રા: ૩ રતીભાર. **અનુપાન:** ઘીમાં ચટાડવી.



અંબર

વિવેચન: અંબર પ્રાણીજન્ય વસ્તુ છે, કેટલાક તેને ખનીજ પણ માને છે પરંતુ એ તેમની ભૂલ છે, તેની પેદાશ આફ્રીકા તરફ થતી જોવામાં આવે છે. ભારતવર્ષમાં તે આફ્રીકાના વેપારીઓ તથા વહાણવટીઆઓ દ્વારા આવે છે. અંબર સારી તથા કિંમતી વસ્તુ હોવાથી ચોખી મળવામાં મુશ્કેલી પડે છે. વેપારી લોકો તેની બનાવટમાં ભેળસેળ તથા નકલી બનાવટો બનાવી અનેકને ઠગે છે. સારૂં અંબર વજનમાં હલકું, ભુખરા રંગનું, સફેદ કે પીળા ઝીણાં ટપકાવાળું, સારી સુગંધયુક્ત અને મનને ગમે તેવું હોય છે, એ અંબર દવાના કામ માટે લાભ કરનારૂં છે. બનાવટી અંબરમાં ગુણ નથી. દવામાં તે શુદ્ધ કર્યા સિવાયજ વપરાય છે.

ગુણ-ઉપયોગ: અંબર શરદી, ગરમી સમાન કરનાર તથા નબળાઇને દુર કરનાર છે. અત્યંત નબળાઇ, હૃદયરોગ, ધનુર્વાત, આંચકી, મગજનીકમજોરી તથા ધાતુનીક્ષીણતા માટે અંબર સારી અને અકસીર દવા ગણાય છે. અંબર ઘણેભાગે એકલું અથવા કસ્તુરી સાથે મેળવીને ક્ષીણતા માટે આપવામાં આવે છે. સુગંધી પદાર્થોમાં અંબરનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. ધાતુક્ષીણતા માટે તૈયાર

થતી પૌષ્ટિક દવાઓમાં, ત્રિદોષની નબળાઈમાં, મગજની કમજોરીમાં અંબર વાપરવાનો ખાસ રિવાજ દેખાય છે. અમારા અનુભવે તે હૃદયરોગમાં સાકર અને ઘી સાથે મેળવી લેવાથી ઉત્તમ ઉપાય જણાયો છે.

માત્રા: ૦ાા થી ૧ રતીભાર.

અનુપાન: ઘી અને સાકર અથવા સાકરને દુધ સાથે લેવાય છે, અથવા બીજી દવાઓના સંયોગમાં લેવાય છે. ૯ ભાગ સાકર અને ૧ ભાગ અંબર સાથે ઘુંટીને રાખવું એમાંથી ૩ થી ૬ રતીભાર, દુધ સાથે લેવું. આ પ્રયોગ હૃદયરોગ માટે ઠીક છે.

કસ્તુરી

વિવેચન: કસ્તુરી પ્રાણીજન્ય ઔષધ છે. તેની પેદાશ મૃગની નાભીમાં થાય છે. ખરી કસ્તુરી મળવામાં ઘણી મુશ્કેલી પડે છે, કારણકે ભારે કિંમતની વસ્તુ હોવાથી લાલચુ લોકો તેમાં ભેળ કરીને વેચે છે. નેપાળ અને કાશ્મીર એમ બે પ્રદેશની કસ્તુરી બજારમાં મળે છે તેમાં નેપાળની કસ્તુરી શ્યામ રંગની અને ગુણમાં સારી હોય છે. કાશ્મીર તરફની બીજે નંબરે ગણાય છે. કેટલાક લોકો મૃગનાભી આખાને આખી વેચે છે તેમાં પણ કચરા જેવું દેખાય છે. માટે ખાત્રીવાળા સ્થળેથી કસ્તુરી લેવી બરાબર છે.

ગુણ-ઉપયોગ: કસ્તુરીનો ઉપયોગ અનેક રસ, રસાયનોના યોગોમાં કરાયેલો છે તથા સુગંધી દ્રવ્યોમાં પણ કસ્તુરીનો ઉપયોગ કરવામાં આવે છે. કામ્બુક ને એક સરસ સુગંધ આપનાર [illegible] જેવી પૌષ્ટિક દવાના અનુપાનમાં પણ કસ્તુરી નાખી [illegible] આવે છે. વાતપ્રકોપના, શરીર ઠંડુ પડી જવું, મૂર્છા [illegible] સન્નિપાતમાં કરીને [illegible] મૂર્છા [illegible] માટે [illegible] કસ્તુરી ને અંબર સાથે [illegible]

જેવા રસ સાથે દેવાથી પૂર્ણ લાભ થાય છે. ખાંસી, શ્વાસ, નબળાઇ, કેફસાનોવરમ, હાથપગ ઠંડા થઇ થવા, વાઇ, અપસ્માર, અનિદ્રા, હિસ્ટીરીઆ, નાડીનીક્ષીણતા, શીતાંગ, તંદ્રા, મગજના જીર્ણવ્યાધિઓ, ઉન્માદ વગેરે વ્યાધિઓમાં કસ્તુરી સિદ્ધ ઉપાય છે તે લેવા પછી શરીરમાં તેજી તથા જુસ્સો આવી હુશીઆરી જણાય છે. કામોત્તેજક તરીકે એ સારી દવા છે. તેનો વધુ ઉપયોગ ઠંડી ઋતુમાં કરવો જોઇએ. કેટલાક સુખી માણસો પૌષ્ટિક તરીકે એને બીજી દવાઓ સાથે મેળવીને હમેશાં વાપરે છે, અને તે વાજીકરણ ગુણ માટે વાપરવી સારી છે.

માત્રા: ા થી ૧ રતી.

અનુપાન: કોઇપણ બીજી દવા સાથે લેવી જોઇએ.

ગોરોચન

વિવેચન: ગોરોચન પ્રાણીજન્ય વસ્તુ છે. તેનો ઉપયોગ સુગંધી પદાર્થોમાં, દવા તરીકે પૌષ્ટિક પ્રયોગોમાં અને કેટલાક રસોમાં કરવામાં આવે છે, બજારમાં તેના જાયફળના કદના ગોળાકાર સોપારી જેવડા લાલ, ભુખરારંગના ગોળા મળે છે. તે સુગંધીયુક્ત, હલકા તથા ભુખરા, લાલ કે પીળારંગના હોય છે. ગોરોચન મોંઘી વસ્તુ હોવાથી બજારમાં તેની ખોટી બનાવટ તેને મળતીજ બનાવીને લોકો વેચે છે માટે સંભાળથી લેવી. ખરૂં ગોરોચન ગાય કે બળદના પિત્તાશયમાં પેદા થાય છે. એક ગોળામાં નાનાં નાનાં એકથી વધુ પડ તેમાંથી નિકળે છે ગોળાને ભાંગતાં તેમાં પડ જુદા જુદા રંગદાર નીકળે છે તે તેજ ખરો સમજવો.

ગુણ-ઉપયોગ: બાળકને શરદી, આંચકી કે ભરાઇ ગયા જેવું હોય ત્યારે ગોરોચન દુધમાં ઘસીને આપવાથી સારી અસર બતાવે છે, કેટલાક લેપમાં ઘસીને ઠડક તરીકે લગાડવામાં આવે છે

તેમાં દસ્ત સાફ લાવવાનો ગુણ દેખાય છે, ચામડીને સ્વચ્છ કરી સુગંધી આપનાર લેપ તથા તેલમાં તેનો ઉપયોગ કેટલાક કરે છે. એ સિવાય તે કેટલીક પૌષ્ટિક દવાઓના યોગમાં પણ વાપરેલો જોવામાં આવે છે.

માત્રા: ૧ થી ૨ રતીભાર.

અનુપાન: પાનનારસમાં કે દુધ સાથે.



ખંડ ૫ મો

કેટલીક રસાયનોપયોગી ચાજો

ભીમસેનીકપુર

વિવેચન: બજારમાં ભીમસેનીકપુર ખરૂ મળતું નથી, પરંતુ વૈદ્યો પોતે નીચે પ્રમાણે તૈયાર કરી વાપરે છે તેજ ખરેખર ભીમસેની કપુર છે. એનો દવાના કામમાં ખાવા તથા આંખમાં અંજન કરવાને માટે ઉપયોગ કરવામાં આવે છે

બનાવટ: કપુર દેશી તો. ૮ નાની એલચીનાબીજ તો. ૨. ચંદન ઘસેલું તો. ૧, સમુદ્રફીણ તો. ૧ નિર્મળીનાબીજ તો. ૧ કેસરવંતી તો. ૧. નાગરમોથ તો. ૧ બધાને [illegible] કરી દૂધનાં મુંડી ટીકડી બનાવી [illegible] [illegible] લીંબુના પાત્રમાં તે ટીકડી રાખી [illegible] પાત્રને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કંકુષ્ટ—રેવતરસ

વિવેચનઃ કંકુષ્ટનું બીજું નામ પીળીઓ છે. યુનાની વૈદ્યો તેને ઉશારેરેવન્દ કહે છે, બજારમાં ગાંધી લોકોને ત્યાં પીળારંગનો ગોળ નળી આકારે સત્વ જેવો સ્વચ્છ પદાર્થ મળે છે તે લેવો, ઘણા વૈદ્યોમાં મુરદાર અને રેવતરસના નામ તથા સમજ વચ્ચે મતભેદ છે. કંકુષ્ટ એ જુદી અને મુરદાર એ જુદી વસ્તુ છે. રસાયનોમાં આ બંને પદાર્થો જુદા જુદા વપરાયલા દેખાય છે. મુરદાર કૃત્તિમ ખનીજ છે જ્યારે આ પીળીઓ કે જેને રેવતરસના નામથી પણ અનેક વૈદ્યો ઓળખે છે તે વનસ્પતિજન્ય છે. શાસ્ત્રિય નિર્ણય માટે પૂજ્ય વૈદ્યરાજ શ્રી યાદવજીભાઇ તરફથી એક લેખ ૧૯૩૨ ની વૈદ્યસંમેલન પત્રિકામાં પ્રગટ થયો છે તે વાંચવા યોગ્ય છે.

શુદ્ધિઃ પીળીઆને આદુનારસની ત્રણ ભાવના આપવાથી તે શુદ્ધ થએલો ગણાય છે.

ગુણ—ઉપયોગઃ સખ્ત જુલાબ લાવવાનો ગુણ તેમાં છે જુલાબની કેટલીક ગોળીઓની બનાવટમાં તે વપરાય છે. તે એકલો આપવાથી પેટના જીવડા બહાર કાઢે છે અને જુલાબ પણ લાવે છે. જળોદરમાં ખાસ તે રેચ માટે વધુ ઉપયોગી જણાય છે.

સુચનાઃ આ દવા સખ્ત રેચક છે માટે સંભાળીને વાપરવી.

માત્રાઃ ૧ થી ૩ રતીભાર પાણી સાથે.

કહેરબા

વિવેચનઃ કહેરબો દવાના કામમાં વપરાય છે અને તેની નાના મણકાની માળામાં પહેરવામાં આવે છે. કહેરબો બજારમાં ખરો તથા બનાવટી બે જાતનો મળે છે, દવામાં ખરો વાપરવો જોઇએ. તે રૂમાનનો પેદા થાય છે અને તે જર્મનીથી અહિં આવે છે. તે એક

જાતનો ગુંદ હોય તેમ લાગે છે. દવા માટે તે એક અકસીર અને ચમત્કારિક ચીજ છે. યુનાની વૈદકમાં તેનો ખાસ ઉપયોગ વધુ પ્રમાણમાં થએલો દેખાય છે. વૈદો પણ હવે એ ચીજ વાપરે છે, કહેરબાને લાવી કુટી ખરલમાં બારીક કરવું પછી તેને ગુલાબનાંપાણી (અર્ક)માં ચાર છ દહાડા વાટી સુકવી બાટલીમાં ભરી રાખવું.

ગુણ-ઉપયોગ: લોહી બંધ કરવા માટે, પિત્તનું શમન કરવા માટે તથા મરડો અને આંતરડાનારોગમાં, પ્રદરમાં, અર્શમાં અને રક્તપિત્તમાં તે ખાસ ઉપયોગી અને ચમત્કારિક અસર બતાવે છે.

માત્રા: ૩ રતીભાર. **અનુપાન:** પાણી સાથે.

સૂચના: કહેરબાના મોટા દાણા માળાનારૂપમાં આવે છે તે બહુજ સારી અસર બતાવે છે, બાકી તેના ટુકડા નાના આવે છે જે દવામાં વપરાય છે પણ તે ગુણમાં સાધારણ હોય છે. કમળાના દરદીને તેની માળા પહેરાવવાથી કમળો મટે છે.

અકીક

વિવેચન: અકીક દવાના કામમાં વપરાય છે તેની માળા બનાવી ગળામાં પહેરવા માટે પણ ઘણા લોકો વાપરે છે તેની પેદાશ હિન્દુસ્થાનમાં થાય છે. ખાસ કરી અકીકનો મોટો વેપાર ખંભાતમાં છે ત્યાંના લોકો અકીકમાંથી અનેક તરેહના આભુષણો બનાવી પરદેશ વેચવા મોકલે છે. સારો અકીક સ્નીગ્ધ, તેજદાર, સફેદ અને રાતા રંગયુક્ત અને વજનમાં હલકો હોય છે અને તે દવાના કામમાં વપરાય છે યુનાની વૈદો આ વસ્તુ બહુ વાપરે છે.

શુદ્ધિ: અકીકના પથ્થરને અગ્નિમાં તપાવીને તેને ગુલાબ જળમાં કે અર્ક બેદમુશ્ક (યુનાની દવા છે)માં ઠારવું આમ કરવાથી તે ધીમે ધીમે જુદો થઈ જશે અથવા દૂધમાં સાતવાર ઠારવાથી શુદ્ધ બને છે.

મારણ: તે ભુકાને ખરલમાં વાટી અર્ક ગુલાબમાં ઘુંટી ટીકડી બનાવી ગજપુટમાં સંપુટ રાખી ભસ્મ બનાવી લેવી. જરૂર હોય તો બીજો ગજપુટ આપવો.

બીજી રીત: અફીકને લોહાની ખરલમાં કુટી બારીક કપડછાણ ભુકો કરી કુંવારનારસમાં મર્દન કરી ટીકડી બનાવી સુકવી સંપુટમાં ભરી ગજપુટ દેવો. એવા બે ચાર, ગજપુટ દેવાથી તેની સારી ભસ્મ થાય છે અથવા કમલગટા (લીલી પબડી)ની લુગદી વચ્ચે અફીકને રાખી સંપુટમાં બંધ કરી ગજપુટમાં ફુંકી દેવાથી ઉત્તમ ભસ્મ બને છે. ભસ્મ બનાવ્યા પછી દવામાં વાપરવી.

ગુણ–ઉપયોગ: અફીક પૌષ્ટિક, હૃદયને બળ આપનાર તથા હૃદયરોગ મટાડી નબળાઇ અને ખોટી ગરમીને મટાડે છે હૃદયરોગની ખાસ દવા છે.

માત્રા: ૨ થી ૩ રતીભાર. **અનુપાન:** મધ સાથે.

ગૌદંતીહરતાલ

વિવેચન: ગૌદંતીહરતાલ નામની આ વસ્તુ વૈદ્યોમાં ઘાપાણુ નામથી પ્રસિદ્ધ છે. તેનો ઉપયોગ સામાન્યરીતે વૈદ્યો–હકીમોમાં છુટથી થાય છે. બજારમાં સફેદ ચમકદાર તેના પથરા મળે છે તે પડના તથા રાળીના આકારમાં બે જાતની થાય છે. દવામાં કોઇપણ વાપરી શકાય છે. આ દેશમાં તે સર્વત્ર થતી જોવામાં આવે છે. તેને લાવી સાફ કરી ગરમ પાણીવડે ધોઈ લેવાથી શુદ્ધ થાય છે.

ભસ્મ વિધી: એક સરાવમાં કુંવારના લફરાની વચ્ચે ગૌદંતીના કટકા રાખી સંપુટ બંધ કરી ગજપુટ આંચ દેવાથી સફેદરંગની ફુલેલી ભસ્મ બને છે.

બીજી રીત: સળગતી સગડીમાં કોયલા વચ્ચે ગૌદંતીના ટુકડા રાખવા. થોડીવાર પછી તે ફુલી મએલા જણાશે પછી સંભાળી

લઈ ઠંડું થયા બાદ કપડે ચાળી રાખવું. તેની ભસ્મ દવાના કામમાં કેલશીયમના સ્થાને વપરાય છે.

ગુણ-ઉપયોગ: જ્વર, વિષમજ્વર, જીર્ણજ્વર, મસ્તકશૂળ, પ્રદર, રક્તપ્રદર, બાલશોષ, બાળકોનીનબળાઇ, ખાંસી, શ્વાસ, વગેરેમાં વપરાય છે. નાનાં બાળકો માટે વધારે હિતકર છે. ગુજરાતમાં આ દવા ઘણી વપરાય છે. **માત્રા:** ૬ થી ૧૨ રતીભાર.

અનુપાન: મધ કે ઘી, સાકર સાથે.

સોનાગેરૂ

વિવેચન: બજારમાં સોનાગેરૂ એકજ જાતનો મળે છે અને તેને અતિકાગૈરિક કહેવામાં આવે છે. **પાષાણગૈરિક** જે ખરો છે તે જુદીજ જાત છે. હમણાં વૈદ્યોએ ખનીજ પદાર્થની શોધખોળ ચાલુ કરેલી હોવાથી હવે તે પણ મળવા લાગ્યો છે. દવાના કામમાં જો કે બને ઉપયોગી છે અને વપરાય છે છતાં સ્વર્ણગૈરિક ગુણમાં વધારે સરસ છે [illegible] લગી તે ખરો ગૈરિક મેળવી દવામાં વાપરવો. લેપ વગેરેમાં અતિકાગૈરિક વાપરવાથી પુરો લાભ મળે છે. તે ઘણી જગાએ [illegible] વપરાય છે.

ગુણ-ઉપયોગ: હેડકી, ઉલટી, પિત્તવિકાર, દાહ [illegible]

શુદ્ધિ: [illegible]

માત્રા: [illegible]

જહરમોહરાખતાઈ

આ એક જાતનું પથર છે. યુનાની વૈદ્યો તેને વધારે પ્રમાણમાં વાપરે છે. રંગમાં પીળું-લીલાશદાર, લીસું અને હલેકું પથર છે. હિંદુસ્થાનમાં તે ઘણું થાય છે.

મારણ: આ પથરનો ભુકો કરી બકરીનાદૂધમાં મર્દન કરી સંપુટમાં રાખી ગજપુટ આપવાથી તેની ભસ્મ થાય છે.

ગુણ–ઉપયોગ: હૃદયને હિતકારક, સ્નાયુઓને બળ આપનાર તથા શોષ, અતિસાર, કોલેરા, ઉલટી અને બાળકોના લીલા દસ્તને મટાડનાર છે. બાલશોષ અને હ્રદયરોગની ઉત્તમ દવા છે.

માત્રા: ૨ રતીભાર. **અનુપાન:** મધ સાથે.

શંખજીરૂં

વિવેચન: શંખજીરાના લીસા, ચમકદાર અને સુંવાળા પત્થર સર્વત્ર બજારમાં મળે છે. દવામાં લેપ વગેરે બ્હારના કામોમાં **શીતળ** ગુણ માટે વપરાય છે. કેટલીકવાર તે ખાવાની દવાનારૂપે પણ વપરાય છે. તે શીતળ હોવાની સાથે **રક્તસ્થંભક** પણ છે. તેથી તે અતિસાર, રક્તાતિસાર, પ્રદર, રક્તપ્રદર, અત્યાર્તવ વગેરેમાં વપરાય છે અને તે સારો ફાયદો બતાવે છે.

માત્રા: ૩ રતી. **અનુપાન:** સાકર અને દૂધ સાથે.

પિરોજા

વિવેચન: યુનાની વૈદ્યોમાં આ ચીજ ખાસ વપરાય છે. તેની ખાણો ઈરાન બુખારા તથા અફઘાનીસ્થાન તરફ છે તેને અંગ્રેજીમાં **ટરકોઇઝ** તથા સંસ્કૃતમાં **ભસ્માંગ** કહે છે.

શુદ્ધિ: તેને અગ્નિમાં તપાવી ગાયનાદૂધમાં ત્રણ વખત બુઝાવવાથી શુદ્ધ થાય છે.

મારણ: શુદ્ધ કરેલા પીરાગ્નનો ભુકો લઇ તેને કુંવારનારસમાં ઘુંટી ટીકડી કરી સંપુટમાં રાખી એકજ ગજપુટનો અગ્નિ આપવાથી ભસ્મ બને છે.

ઉપયોગ: વિષવિકાર અને વિસ્ફોટક માટે વપરાય છે.

માત્રા: ૧ રતી. **અનુપાન:** કાળાંમરી તથા ગાયનું ઘી.

કાચ

વર્ણન: દવાના કામમાં કાચનીભસ્મ ભાગ્યેજ કોઇ વાપરતા હશે. છતાં તેની ભસ્મ બનાવીને વાપરવાનું કેટલાક અનુભવી વૈદ્યોએ બનાવેલ છે. ભસ્મ માટે કાળા-લીલાશદાર બાટલા ભાંગે છે તેના ટુકડા લાવીને વાપરવાના હોય છે.

શુદ્ધિ: એક માટીના કોડીયામાં કે મૂસામાં કાચના ટુકડા ભરી ભઠ્ઠીમાં રાખી તપાવવા અને તેને કુંવારનારસમાં એકસો વખત બુઝાવવા-ઠારવા. પ્રથમ ખપે તેટલો રસ એક વાસણમાં ભરી રાખવો અને તેમાં કાચને તપાવી તપાવીને ઠારતા જવું. [illegible] આ પ્રમાણે કરતાં સફેદભસ્મ થઇ જશે.

ભસ્મ વિધી ઉપર [illegible] રીત પ્રમાણે શુદ્ધ કરતાં જે ભસ્મ જેવું થાય [illegible] તેને [illegible] [illegible] ટુકડા [illegible] [illegible] [illegible] ગજપુટ [illegible] ભસ્મ [illegible]

ગુણ-ઉપયોગ: [illegible] [illegible] છે.

માત્રા: ૧ [illegible]

અનુપાન: [illegible]

ફટકડી

વિવેચન: માતાજીનો મઢ કચ્છમાં એક છેડાપર આવેલું ઇતિહાસીક સ્થળ છે. ત્યાં સેંકડો વર્ષોથી ફટકડી બનાવવામાં આવતી, હાલમાં તે કામ થોડાક વર્ષોથી બંધ છે એટલે ફટકડી હાલે પરદેશથી આ દેશમાં આવે છે. ફટકડીની પેદાશ એક પ્રકારનાં ક્ષારવાળા પદાર્થો અને તેવાજ પાણી વડે કરવામાં આવે છે. બજારમાં તેના સફેદ ચમકદાર ગાંગડા મળે છે અને તે દવાના કામમાં વપરાય છે. કેટલાક તેને સૌરાષ્ટ્રિ કહે છે.

શુદ્ધિ: પારદ વગેરે રસાયન કામ માટે ફટકડીને કાંજીમાં રાખી શુદ્ધ કરવામાં આવે છે. પરંતુ સામાન્ય રીતે દવાના કામમાં વાપરવા માટે ફટકડીને ફુલાવીને વાપરવામાં આવે છે. તેની રીત સામાન્ય છે. એક માટીના તવામાં ફટકડીનોભુકો રાખી સગડીપર મુકી દેવો. એક બે કલાકમાં તે રસ જેવો થઇ છેવટે ફુલેલ પતાસા જેવો થઇ જશે તે ઠંડો થાય ત્યારે વાટી ચાળી બાટલીમાં ભરી રાખવું.

ગુણ–ઉપયોગ: પારદને મારણ કરવા માટે ફટકડી ઉપયોગી છે. તે સિવાય દવાના કામમાં અત્યંત ઉપયોગી વસ્તુ છે. તેના મુખ્ય ગુણ સ્થંભક, રક્તસ્થંભક, સંકોચક અને ગ્રાહી છે. તે ચામડીનાં દરદમાં કુષ્ટ, ખરજવું દાદર વગેરેને પણ મટાડે છે. નાકમાંથી પડતા લોહીને બંધ કરે છે. અર્શ, રક્તાતિસાર, જ્વર, ખાંસી, રક્તપિત્ત, ઉરઃક્ષત, રક્તપ્રદર, મુખપાક, દંતરોગ, નેત્રરોગ, કર્ણસ્રાવ, યોનીપ્રદર આમણ બ્હાર નીકળવી, યોનીનાદ, સ્ત્રીઓના ગુહ્ય અવયવોની શિથિલતા વગેરે રોગોમાં ફટકડી ખાવા તથા બ્હાર પીચકારી વગેરે લગાડવાના કામમાં ખાસ ઉપયોગી છે. તેનો સ્વાદ તુરાશ-ખટાશ પડતો છે.

માત્રા ખાવા માટે: ૨ થી ૪ રતી. લોશન માટે ૦॥ તોલો ફટકડીમાં પાણી તોલા ૪૦ નાખી લેવુ.

ચુનો (કળીચુનો)

વિવેચન: સંસ્કૃતમાં તેનું નામ શિલાક્ષાર છે કેટલાક તેને ચૂર્ણ પણ કહે છે. તે સફેદ, સ્નીગ્ધ, સ્વાદમાં ફીકું, અતિ તિક્ષ્ણ, ગરમ, રૂક્ષ છે તેનું વારણ ઘી છે, તે સોજાને મટાડનાર, અર્શ તથા રક્તાતિસારમાં ઉપયોગી તથા બળેલા ભાગપર તેલ સાથે ચુનાનું પાણી કરી લગાડવાથી શાંતી કરનાર છે. સાજીખાર, ચુનો મોરથુથો. ટંકણ એને પાણીમાં વાટી મસ્સાપર લગાડતાં તે ખરી પડે છે. ૦૧ તોલો ચુનો ૧૦ તોલા સ્વચ્છ પાણી સાથે મેળવી હલાવી રાખી મુકવું. ઉપર રહેલું પાણી લઈ લેવું તેને ચુર્ણોદક કિંવા લાઈમવોટર કહે છે તે નાનાં બાળકો માટે ઉત્તમ દવા છે, ઉલટીને મટાડે છે કૃમિ, અમ્લપિત્ત, ઝાડા, અજીર્ણ, આમશૂળ વગેરેમાં ઉપયોગી છે. ૨ ભાગ ચુનાનુપાણી તથા ૧ ભાગ તલનુંતેલ સાથે મેળવવાથી મલમ બને છે તે બળેલા ભાગપર લગાડવાથી ઠંડક આપે છે. ચુનાનુંપાણી કેટલીક દવાઓને શુદ્ધ કરવામાં વપરાય છે ચુનાની બનાવટ પથરમાંથી તથા અમુક જાતના દરિયા કિનારે મળતા છીપલામાંથી થાય છે.

ખંડ ૬ ઠો

રત્ન–ઉપરત્ન

[illegible] રત્નમણીઓનાં હીરા, માણેક, મોતી વગેરે રત્ન, ઉપરત્નોનું વર્ણન [illegible] [illegible] [illegible] [illegible]

બહુજ ઘટી ગઇ છે છતાં પણ રાજવૈદ્યો, શ્રીમંતની દવાઓ કરનાર વૈદ્યો તેમજ હકીમોમાં આવી ચીજો હજી વપરાય છે, ત્યાં તેનું શોધન મારણ થોડે ભાગે પ્રાચિન આયુર્વેદિક મતાનુસાર તથા. વધુ ભાગે યુનાની મતાનુંસાર કરવામાં આવતું જોવામાં આવે છે. અહિં અમારા અનુભવમાં જે જોવામાં આવ્યું તે તથા પ્રાચિનશાસ્ત્રમાં છે તેમાંથી ઉપયોગી હકીકત ટુંકામાં આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. અમોએ પણ તેમાંની કેટલીક ચીજો બનાવી છે પરંતુ વાપરવાનો પ્રસંગ બહુજ થોડો મળેલ છે.

મોતી જેવી વસ્તુ મુંબઇની બજારમાં સહેલાઇથી જોઇએ તેવી મળી શકે છે. રત્ન-ઉપરત્ન ખાસ કરી રત્ન લેવા માટે જયપુરની બજાર સરસ ગણાય છે. ત્યાં રત્નો ભારી કિંમત કે ઓછી કિંમતના મળી શકે છે. રત્ન ટુકડાનારૂપમાં કે ભૂકાનારૂપમાં સસ્તા મળે છે અને દવાના કામમાં બધા એવાજ લઇને વાપરે છે. કેમકે તે સસ્તા અને સુલભ છે. કેટલાક શ્રીમંતો સારા નંગ લઇને વાપરે છે.

સારા રત્નો શરીરપર આભુષણમાં લગાડીને ધારણ કરવામાં આવે તો તેની અસર ગ્રહના સબંધથી શરીરપર ફાયદારૂપે જણાય છે અને આયુર્વેદમાં તેના જુદા જુદા ગ્રહો સાથે શું શું સબંધ છે ને પણ જણાવેલ છે અને તેનો ઘણા માણસો તેવી રીતે ઉપયોગ પણ કરે છે.

વજ્ર (હીરો)

વિવેચન: આજકાલ વૈદ્યોમાં હીરાનાભસ્મનો ઉપયોગ બહુજ થોડા પ્રમાણમાં થતો જણાય છે તેનુ કારણ આવી ભારે કિંમતની વસ્તુઓ ખાનાર અત્યારે મળતા નથી. રાજ્ય કે શ્રીમંતોની મદદ સિવાય આવી ચીજો રાખવી કે બનાવવી એ સામાન્ય વૈદ્યો માટે કઠણ છે. છતાં પણ કેટલાક બનાવે છે સારી રત્નનો પાણીદાર સાફ હોય ને હીરો દવાના કામમા વપરાય છે પરંતુ તે બહુજ મુલ્યવાન

હોવાથી અતિ મોંઘો મળે છે તેથી વૈદ્યો હીરા બનાવનાર–સાફ કરનારને ત્યાંથી છોલરૂપે જે ભુકો નીકળે છે તે લાવે છે અથવા વગર ઘસેલા હીરાના ટુકડા લાવી તેની ભસ્મ બનાવીને વેચે છે કે વાપરે છે.

શુદ્ધિ: હીરાને કુલથી અને કોદરાના ક્વાથમાં સાત દિવસ બાફ આપવાથી તે શુદ્ધ થાય છે. પ્રથમ તેની ભોરીંગણીના કંદમાં પોટલી કરી લેવી.

ભસ્મ વિધી: હીરાનીભસ્મ બનાવવાની વિધીઓ અનેક જુદી જુદી શાસ્ત્રમાં લખેલી છે તેમાંથી સરળ અને જે બની શકે તેવીજ વિધી અહિં લખવામાં આવે છે. પરંતુ આ વસ્તુની ભસ્મ બનાવવાનો અમોને હજી સુધી સુયોગ પ્રાપ્ત થએલ નથી તેથી તે સબંધી કંઇ સ્વાનુભવ લખી શકાયો નથી. હીરાનુ શુદ્ધ કરેલ ચૂર્ણ માંકડના લોહીમાં ખુબ બારીક વાટવું. જો ચૂર્ણ ન હોય તો તેને તપાવીને માંકડનાલોહીમાં ઠારવું તેથી મૃદુ બની ભુકો થઇ જશે પછી તેને કાસુંદરાનારસમાં વાટી સુકવી જરૂર જણાય તેટલા પુટ આપવા તો ભસ્મ બની જશે.

ગુણ–ઉપયોગ: પૌષ્ટિક, ત્રિદોષનાશક, આયુષ્ય અને બળની વૃદ્ધિ કરનાર, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર તથા સંપૂર્ણ રોગનાશક છે.

પ્રમાણ: એક રતીનો ૮ નો ભાગ.

અનુપાન: [illegible]

માણેક

વિવેચન: [illegible]

આજકાલ બજારમાં નકલી માણેક પણ મળે છે તેનો રંગ ફીકો હોય છે એની પેદાશ બરમા તથા અફઘાનીસ્થાન તરફ થતી જણાવવામાં આવે છે.

શુદ્ધિ: ડોલાયંત્રવડે લીંબુનારસમાં ૨૪ કલાક બાફી લેવાથી તે શુદ્ધ બને છે.

મારણ: શુદ્ધ માણેકને કુટી બારીક વાટી લેવું પછી તેના સમાન ભાગે ગંધક, મનશીલ તથા હિંગુલ એ ત્રણે લેવાં, લીંબુનારસમાં સાત દિવસ મર્દન કરી ટીકડી બનાવી સુકવી સંપુટમાં રાખી ગજપુટ દેવા. એવા આઠ ગજપુટ એજ રીતે આપવાથી ભસ્મ બને છે.

બીજી રીત: શુદ્ધ માણેકના ભુકાને ગુલાબજળમાં ખુબ બારીક વાટી લેવું અથવા કેવડો, ગુલાબ અને ચંદન એ ત્રણેના સાથે કાઢેલા અર્કમાં માણેકને બારીક વાટી લેવું. આ બંને પ્રકારને પિષ્ટી કહે છે. યુનાની વૈદ્યોમાં તે પ્રમાણે વપરાય છે. આશરે પંદર દહાડા સારી ખરલમાં પીસવાથી તે બરાબર બને છે.

ઉપયોગ: વાત, પિત્તનાશક, રસાયન, દિપન, પાચન, વૃષ્ય, ક્ષય, નપુંસક્તા તથા મલબાધા અને કર્મજદોષને પણ મટાડે છે.

પ્રમાણ: ૦ા થી ૧ રતી. **અનુપાન:** મલાઇ સાથે.

પન્ના (તાર્ક્ષ્ય)

વિવેચન: પન્ના આ દેશમાં તથા મીશ્રદેશમાં પેદા થાય છે. આ દેશના પન્ના કિંમત તથા ગુણમાં વધુ વખણાય છે. જે પન્ના ભારી, લીલા કાંતિયુક્ત હોય તે ઉત્તમ ગણાય છે.

શુદ્ધિ: કુલથી અને કોદરાના કવાથમાં ડોલાયંત્રવડે ચાર પહોર બાફવાથી શુદ્ધ થાય છે.

મારણ: મીઠોજનારસમાં અલસી તથા સુંઠને વાટી તેના કલ્કની મુસદીમાં પન્ના રાખી અગ્નિમાં તપાવવું. એવી રીતે ૨૦ વખત

કરવાથી પદ્માનીભસ્મ બને છે. અથવા ગાયનાદૂધમાં ત્રણ દિવસ બારી શુદ્ધ કર્યા પછી ગોમેદમણીની માફક તેનું મારણ કરી લેવું અથવા ચુનાની મતાનુસાર પીષ્ટી કરી લેવી.

ઉપયોગ: શીતળ વિષનાશક, મધુર, રેચક, અમ્લપિત્તને મટાડનાર પુષ્ટી આપનાર તથા ભૂતબાધા મટાડે છે. ત્રિદોષ, તરસ, ઉલટી, શ્વાસ જ્વર મંદાગ્નિ દરસ પાંડુ તથા સોજાને મટાડનાર છે.

માત્રા: ૦॥ થી ૧ રતી. **અનુપાન:** રોગાનુસાર

પુષ્પરાગ–પુખરાજ

વિવેચન: પુખરાજ આ દેશમાં અનેકજગાએ થાય છે. તે [illegible] સ્વચ્છ [illegible] ચીકાશદાર, મૃદુ, કણેરના પુષ્પ જેવી પીળી [illegible] હોય તે ઉત્તમ ગણાય છે.

શુદ્ધિ: કુલથીના ક્વાથમાં કાંજી નાખી ત્રણ રાત દિવસ દોલાયંત્રમાં બાફવાથી શુદ્ધ થાય છે.

ભસ્મ: ખાટા લીંબુના રસમાં પુખરાજના વજન પ્રમાણે મનશીલ તથા ગંધક મેળવીને વાટી તેના પુખરાજની ઉપર નાંખી [illegible] આપવા. આવી રીતે આઠ પુટ (અગ્નિ) આપવાથી પુખરાજની ભસ્મ થાય છે. આ પદ્ધતિ પ્રમાણે હીરા સિવાય કોઈ પણ રત્નની ભસ્મ બને છે

ઉપયોગ: [illegible]

નીલમ (નીલમણી)

વિવેચન: [illegible]

ખુલતા રંગવાળું, વજનદાર, લીસું, ચોખ્ખું, ઘટપરમાણુંયુક્ત, કોમળ, વચોવચ વધારે તેજવાળું હોય તે ઉત્તમ ગણાય છે.

શોધન: ગળોનો કવાથ કરી, તેમાં ત્રણ રાત દિવસ ભાફવાથી શુદ્ધ થાય છે.

મારણ: ગોમેદમણી પ્રમાણે કરવાથી ભસ્મ અથવા પિષ્ટી બનાવી શકાય છે.

ઉપયોગ: શ્વાસ, ખાંસી, અર્શ, ત્રિદોષ, જ્વર, વિષમજ્વર, મંદાગ્નિ વગેરે મટાડે છે તથા વૃષ્ય અગ્નિ વધારનાર, પાપને મટાડનાર અને પૌષ્ટિક છે. **માત્રા:** ॥ થી ૧ રતીભાર.

ગોમેદમણી

વિવેચન: બળદની ચરબી જેવો હોવાથી તેનું નામ ગોમેદમણી રાખવામાં આવેલ છે. આકાર ને દેખાવમાં બીલાડીની આંખ જેવો. રંગમાં ગૌમૂત્ર જેવો નિર્મળ, સ્વચ્છ અને ચારેબાજુ સરખા આકારનો, પડવગરનો, પ્રકાશયુક્ત, વજનદાર હોય તે ઉત્તમ ગણાય છે.

શુદ્ધિ: ગોરોચનના પાણીમાં ૨૪ કલાક ભાફવાથી તે શુદ્ધ થાયછે.

મારણ: મનશીલ, હરતાલ અને ગંધક એ ત્રીજે સમભાગે લઇ તેમાં તેટલાજ વજનથી ગોમેદમણીનો બારીક ભુકો નાખી લીંબુરસમાં મર્દન કરી ગજપુટ અગ્નિ દેવો. એવા આઠ ગજપુટ દેવાથી ઉત્તમ ભસ્મ બને છે અથવા અર્ક *ત્રીનતમાં ઘુંટી તેની પીષ્ટી બનાવી લેવી. યુનાની મત પ્રમાણે એવી રીતે બનાવી વાપરે છે.

* ચંદનચુરો, ગુલાબફુલ, કેવડો એ ત્રણે સમભાગે લઇ રાત્રે ચારગણા પાણીમાં પલાળી રાખવા. સવારે નલીકાયંત્રમાં ભરી તેનો અર્ક ખેંચી લેવો આ અર્કને ત્રિફલતઅર્ક કહે છે. તે શીતળ, પિત્તનું શમનકરનાર અને મનને આનંદ આપનાર છે. રત્ન, મુક્તા વગેરેને યુનાની પદ્ધતિએ પિષ્ટી કરવામાં તે ખાસ ઉપયોગી છે.

ઉપયોગ: કફ, પિત, ક્ષય, પાંડુ, મંદાગ્નિ, અરૂચી, ચામડીના વિકારો મટાડી બળ, બુદ્ધિને વધારે છે. **માત્રા:** ૦ાા થી ૧ રતી.

વૈડુર્ય (લસણીયો)

વિવેચન: થોડું સફેદ વાંસના રંગનું, થોડું કાળાશપર મોરના ગળાપરના રંગ જેવું, બીલાડીના નેત્ર જેવુ તથા જેની બાજુમાં વાદળીઆ રંગના સેરડા પડતા હોય તેવું લસણીયું કિંમતી ગણાય છે.

શુદ્ધિ: ત્રિફલાના કવાથમાં ૨૪ કલાક ભાફવાથી શુદ્ધ થાય છે.

મારણ: માણિક અથવા ગોમેદમણીમાં બતાવ્યા પ્રમાણે ભસ્મ કરી લેવી અથવા પિષ્ટી પણ કરી વાપરી શકાય છે.

ઉપયોગ: બુદ્ધિ અને આયુષ્યને વધારનાર, પડના લોહીને બંધ કરનાર, પિત્તજન્ય રોગોને મટાડનાર તથા અગ્નિને પ્રદિપ્ત કરનાર છે.

પ્રમાણ: ૦ાા થી ૧ ગુંજ. **અનુપાન:** માખણ.

રાજાવર્ત

વિવેચન: રાજાવર્ત [illegible] રંગનો પથ્થર, આકાશની [illegible] મિશ્રીત રંગનો હોય છે. વજનમાં [illegible], નરમ, સુંવાળો હોય તે સારો ગણાય છે, તે રસાયનોમાં વપરાય છે

શુદ્ધિ: [illegible]

ભસ્મ: [illegible]

ગુણ-ઉપયોગઃ પાંડુ, મંદાગ્નિ, કફ, વાયુ અને પ્રમેહ તથા ક્ષયને મટાડનાર છે. કેટલીક પૌષ્ટિક દવાઓમાં પણ તે વપરાય છે.

પ્રમાણઃ ૧ થી ૨ રતીભાર. અનુપાનઃ માખણ.

વૈક્રાંત

વિવેચનઃ વૈક્રાંતને કેટલાક તરમરી કહે છે. વૈદ્યોમાં વૈક્રાંત માટે હજી મતભેદ ચાલે છે. કેટલાક વૈદ્યો બીલોરી કાચ જેવા જાડા અને મોટા ટુકડા આવે છે તેને વૈક્રાંત કહે છે અને તેની ભસ્મ બનાવી વાપરે છે. ખરી રીતે હાંસાદાર, છ કે આઠ હાંસાવાળું, કાચ માફક હોય છતાં તેમાં રંગ-કિરણો દેખાતા હોય એવું વૈક્રાંત આયુર્વેદ શાસ્ત્રમાં બતાવેલું છે તે વાપરવું જોઇએ. કારણકે વૈક્રાંતના ગુણો હીરાની સમાન કહેલ છે અને તેનો ઉપયોગ હીરાની અવેજીમાં કરી શકાય એમ પણ કહેલું છે.

શુદ્ધિઃ કાંજી તથા ગૌમુત્ર સાથે મેળવી તેમાં જવખાર, સાજીખાર પંચલવણ વગેરે નાખી ડોલાયંત્રમાં ભરી તેમાં વૈક્રાંતની પોટલી બાંધી ત્રણ દહાડા બાફ આપવાથી શુદ્ધ થાય છે. અથવા હીરામાં બતાવેલ વિધી પ્રમાણે શુદ્ધિ કરી શકાય છે.

મારણઃ એક સંપુટમાં ગંધકને લીંબુનારસમાં વાટેલ હોય તે રાખી તેની વચ્ચે વૈક્રાંતના ટુકડા રાખવા, ઉપર ગંધક પાથરી સંપુટ બંધ કરી ગજપુટ અગ્નિ આપવો. આવા આઠ ગજપુટ દેવાથી વૈક્રાંતનીભસ્મ બને છે તે દવાના કામમાં વાપરવી.

ગુણ-ઉપયોગઃ વૈક્રાંતભસ્મ આયુષ્ય અને બળની વૃદ્ધિ કરનાર છે, પૌષ્ટિક, બુદ્ધિવર્ધક, ત્રણે દોષને હરનાર, પેટનારોગ મટાડનાર છે. તેનો ઉપયોગ હીરાની અવેજીમાં દરેક રોગમાં કરી શકાય છે કેમકે વૈક્રાંતના ગુણો હીરાને મળતા છે. આયુર્વેદના અનેક રસાયનોમાં તેની ભસ્મ વપરાયલી જોવામાં આવે છે.

પ્રમાણઃ ના થી ૧ રતી. અનુપાનઃ રોગાનુસાર.

મોતી (મુક્તા)

વિવેચનઃ બજારમાં મોતી અનેક જાતનાં અત્યારે મળે છે. મોતીના વેપારમાં દગાઇ તથા કળા થઇ ચૂકી છે. બનાવટી મોતી આભૂષણમાં ધારણ કરવા માટે અત્યારે વિદેશથી ખૂબ આવવા લાગ્યા છે. દવાના કામમાં એ મોતી નકામાં છે. ખરાં મોતી છીપમાંથી મળી આવે છે. અને તેની પેદાશ દરિયામાં થાય છે દવામાં નાનાં કે મોટા પણ સારા તથા સ્વચ્છ મોતી વાપરવા જોઇએ. જે મોતી ચમકદાર, સરખા, સ્નિગ્ધ, ગોળ અને પાણીદાર હોય તે ઉત્તમ ગણાય છે. બજારમાં બસરાના મોતી સારા મળે છે. દવામાં **બસરાઇખાખો** એ નામથી સૌ ઝીણાં મોતી વાપરે છે. મોટાં મોતી વીંધતાં ભાંગી જાય તો તે અથવા તેનો ભુકો વાપરી શકાય છે મુખી માણસો મોટાં મોતી દવા માટે વાપરી શકે છે. અને તેના ગુણ વધુ સારો હોય છે.

શુદ્ધિઃ મોતીને ત્રિફળાનાક્વાથમાં, લીંબુનારસમાં અરણીનારસમાં, આ ત્રણમાંથી ગમે તેમા ત્રણ કલાક બાફવાથી શુદ્ધ થાય છે. પછી તેને ગરમપાણીથી ધોઇ સાફ કરી ભસ્મ માટે કામમા લેવાય છે.

ભસ્મ વિધીઃ દવામાં મોતીનીભસ્મ તથા પિષ્ટી વપરાય છે. શુદ્ધ કરેલા મોતીને ગોનાદુધમા કુંવારના રસમા ત્રિફળાના ક્વાથમાં કે ગુલાબજળમાં ખરલીને ચુનકી બનાવી [illegible] [illegible] ભસ્મ બને છે. [illegible] [illegible]

[illegible]ઃ [illegible]

બનાવટોમાં મોતી વપરાય છે તે એકલા પણ વાપરી શકાય છે. તે ભારે કીંમતી દવા છે પરંતુ ગુણમાં ખાસ અકસીર છે. કેટલાક માણસો મોતી ન મળવાથી તેને અભાવે મોતીનીછીપ વાપરે છે તેમાં પણ ગુણ ઠીક હોય છે. પરંતુ મોતી જેટલો તો નહિંજ. મોતીનો ઉપયોગ સુરમામાં નાખી આંખ માટે અંજન તરીકે કરી શકાય છે. મોતી નેત્ર માટે ખાવા અને અંજન કરવા માટે ઉપયોગી છે. ક્ષય તથા ઓસશોષમાં મોતી ઉત્તમ ગુણ આપનાર જણાયાં છે. ક્ષયની બધી દવાઓમાં મોતી વપરાય છે.

પ્રમાણ: ૦ા થી ૧ રતીભાર.

અનુપાન: મધ, ઘી અને સાકર, માખણ, મલાઇ કે બીજી કોઇપણ યોગ્ય દવા સાથે વાપરી શકાય છે.

પ્રવાલ

વિવેચન: સમુદ્રમાં રહેનાર એક જાતના કીડા પોતાના રહેવા માટે એક સ્થાન બનાવે છે તેનું નામ પ્રવાલ છે. તેનું બીજું નામ પરવાળાં પણ કહે છે. બજારમાં પ્રવાલની પાનળી તથા જાડી ડાંખળી મળે છે. રંગમાં લાલ, સ્વચ્છ, સ્નિગ્ધ તથા વજનમાં ભારે તથા જાડી હોય તે પ્રવાલ દવાના કામ માટે ઉત્તમ ગણાય છે. ઝીણાં છેદવાળા, પીળા કે સફેદ તથા કાળા હોય તે હલકાં હોય છે. એનો ઉપયોગ દવાના કામમાં ન કરવો. પરવાળાની માળા બનાવી લોકો ગળામાં પહેરે છે.

શુદ્ધિ: ત્રિફલાનાક્વાથમાં ત્રણ કલાક બાફવાથી, અરણીના-રસમાં ત્રણ કલાક બાફવાથી, લીંબુનારસમાં ત્રણ કલાક રાખી મુકવાથી કે ગૌમુત્ર અને સીંધાલુણમાં બાફવાથી પ્રવાલ શુદ્ધ બને છે. ગમે તે રીતનો ઉપયોગ કરવો. બાફી લીધા પછી તેને કુટી બારીક ભુકો કરવો અને તેની ભસ્મ બનાવવી.

કોડી

વિવેચન: કોડી (કપર્દિકા) ની પેદાશ પણ સમુદ્રમાં થાય છે. કોડી ત્રણ જાતની થાય છે. દવાના કામમાં પીળારંગની કોડીઓ વપરાય છે. એક તોલાની કે તેથી વધારે વજનમાં હોય તે દવાના કામ માટે શ્રેષ્ટ ગણાય છે. આવી કોડીઓ સમુદ્ર કિનારાના શહેરોમાં મળે છે. કેમકે ત્યાં વહાણની મુસાફરી કરનાર ખલાસીઓ બહારના દેશોમાંથી આયાત કરે છે. સારી કોડીભસ્મ બનાવવા માટે તેમજ અનેક રસોની બનાવટ માટે જરૂરી વસ્તુ છે. એ માટે પીળી મોટી કોડી વાપરવાનું ધ્યાનમાં લેવું.

શુદ્ધિ: ૧૨ કલાક સુધી ખાટી છાશ કે લીંબુનારસમાં પલાળી રાખી પછી પાણીથી ધોઇ લેવી, અથવા ત્રણ કલાક લીંબુનારસમાં કે ગૌમૂત્ર અને સિંધાલુણના મીશ્રણમાં ડોલાયંત્રમાં બાફી પછી ગરમપાણીથી ધોઇ લેવાથી શુદ્ધ થાય છે.

મારણ: કોલસાને સળગાવી તે લાલ થાય ત્યારે તેનાપર કોડીઓ મુકી દેવી. એ કોડી તપીને ફુલી જાય ત્યારે સંભાળથી લઇ લીંબુનારસમાં અથવા કુંવારનારસમાં બુઝાળવી. પછી એજ રસમાં વાટી ટીકડી કરી હલકા ગજપુટ આપી દેવો. એટલે તેની ભસ્મ બની જશે.

ગુણ-ઉપયોગ: પેટનારોગ, વિષમજ્વર, સંગ્રહણી, પેટનોવાયુ, ક્ષય, શૂળ, ખાંસી, શ્વાસ, પ્રમેહ, પ્રદર, વગેરે રોગોમાં ઉપયોગી છે તેની ભસ્મ અનેક યોગોમાં વપરાય છે.

પ્રમાણ: ૩ થી ૬ રતીભાર.

અનુપાન: માખણ કે ઘી સાથે અથવા પાની કે પાન સાથે લેવાય.

જેમાં મોતી થએલાં હોય છે તે દવાના કામ માટે ઉત્તમ ગણાય છે. સારી છીપનું વજન ૪૦ થી ૮૦ તોલા કે તેથી પણ વધુ હોય છે. આવી સારી છીપો બસરા તરફથી આવે છે. અહિં જે સામાન્ય છીપો મળે છે તે ગુણમાં તદ્દન હલકી હોય છે. સારી અને ખરી છીપ જોવાથી તેમાં મોતીના ગુણોનો ભાસ થાય છે. આવીજ છીપ દવાના કામમાં વાપરવી જોઇએ.

શુદ્ધિ: સારી છીપ લાવી તેની પીઠના ભાગમાં ખરબચડો ભાગ હોય તે કાઢી નાખી હથોડીવડે તેના ટુકડા કરી ગરમપાણીથી ધોઇ તેને ડોલાયંત્રમાં પોટલીરૂપે બાંધી ગૌમુત્ર તથા તેમાં થોડું સિંધવ નાખી તેની વચ્ચે રાખી ત્રણ કલાક બાફ આપી પછી ધોઇ શુદ્ધ કરી લેવી.

મારણ: છીપના ટુકડાને કુંવારના લફરાની વચ્ચે રાખી એક સંપુટ બનાવી ગજપુટનો હલકો આંચ આપી પછી તેને ખરલમાં ઘુંટી લેવું, વધારે સફેદ ન હોય તો એવીજ રીતે કુંવારનારસમાં ઘુંટી ટીકડી કરી સુકવી બીજીવાર આંચ આપવી તેથી ઉત્તમ સફેદરંગની ભસ્મ થાય છે. કેટલાક લીંબુનારસમાં પણ તેનું મારણ કરે છે. તે રીત પણ સારી છે.

ગુણ–ઉપયોગ: છીપનીભસ્મનો ઉપયોગ પૌષ્ટિક તથા પાચક તરીકે તેમજ વાતહર ગુણ તરીકે પ્રસિદ્ધ છે. તેનાથી પેટનાં અનેક રોગ મટે છે. મગજને તાકાત આપે છે. હાડકાંને મજબુત બનાવે છે, ભૂખ લગાડે છે, વાયુ ઓછો કરે છે. ક્ષયને મટાડનાર છે.

બીજી વિધી: મોતીની સારી છીપ લાવી તેને ભાંગી તેમાં ચમકદાર મોતી જેવા સારા સારા ટુકડા લઇ લેવા, એ ટુકડાને રાત્રે લીંબુનારસમા ૧૨ કલાક પલાળી રાખવા, સવારે તેને ગરમપાણીથી ધોઇ સાફ કરી લેવા. પછી તેને કોલસાથી ભરેલી સગડીમાં રાખી

ફુલાવી લેવું. ફુલી ભસ્મરૂપે થાય એટલે તેને ઉપાડી લઈ કંકુ જેવું ખરલમાં વાટી બાટલીમાં ભરી રાખવું. અથવાતો ગુલાબજળમાં ઘૂંટી સુકવી બાટલીમાં રાખી દેવું. આ ભસ્મ મગજની ક્ષીણતા તથા [illegible] માટે મોતીભસ્મની માફક મોતીભસ્મના અભાવમાં વાપરી શકાય છે.

પ્રમાણ: ૨ થી ૪ રતી. **અનુપાન:** મધ કે માખણ સાથે.

શંખ

વિવેચન: શંખ નાના તેમજ મોટા બજારમાં મળે છે. તેની પેદાશ સમુદ્રમાં થાય છે. દવાના કામ માટે ભારે, સ્વચ્છ, [illegible], સફેદ ચમકદાર અને જરા નવીન હોય તેવા શંખ ઉત્તમ છે, નાનાં કરતાં મોટા ગુણમાં વધુ સારા ગણાય છે.

શુદ્ધિ: શંખને ભાંગી ટુકડા કરી એક પોટલીમાં બાંધી [illegible] દોલાયંત્રના [illegible] કલાક સુધી [illegible] લીંબુનોરસ અથવા [illegible] હોય તે એ [illegible] [illegible] શુદ્ધ કરી લેવા. [illegible] લેવા.

ભસ્મ: શુદ્ધ [illegible] [illegible]

ગુણ-ઉપયોગ: [illegible]

કોડી

વિવેચન: કોડી (કપર્દિકા) ની પેદાશ પણ સમુદ્રમાં થાય છે. કોડી ત્રણ જાતની થાય છે. દવાના કામમાં પીળારંગની કોડીઓ વપરાય છે. એક તોલાની કે તેથી વધારે વજનમાં હોય તે દવાના કામ માટે શ્રેષ્ટ ગણાય છે. આવી કોડીઓ સમુદ્ર કિનારાના શહેરોમાં મળે છે. કેમકે ત્યાં વહાણની મુસાફરી કરનાર ખલાસીઓ બહારના દેશોમાંથી આયાત કરે છે. સારી કોડીભસ્મ બનાવવા માટે તેમજ અનેક રસોની બનાવટ માટે જરૂરી વસ્તુ છે. એ માટે પીળી મોટી કોડી વાપરવાનું ધ્યાનમાં લેવું.

શુદ્ધિ: ૧૨ કલાક સુધી ખાટી છાશ કે લીંબુનારસમાં પલાળી રાખી પછી પાણીથી ધોઇ લેવી, અથવા ત્રણ કલાક લીંબુનારસમાં કે ગૌમૂત્ર અને સિંધાલુણના મીશ્રણમાં ડોલાયંત્રમાં બાફી પછી ગરમપાણીથી ધોઇ લેવાથી શુદ્ધ થાય છે.

મારણ: કોલસાને સળગાવી તે લાલ થાય ત્યારે તેનાપર કોડીઓ મુકી દેવી. એ કોડી તપીને ફુલી જાય ત્યારે સંભાળથી લઇ લીંબુનારસમાં અથવા કુંવારનારસમાં બુડાળવી. પછી એજ રસમાં વાટી ટીકડી કરી હલકો ગજપુટ આપી દેવો. એટલે તેની ભસ્મ બની જશે.

ગુણ-ઉપયોગ: પેટનારોગ, વિષમજ્વર, સંગ્રહણી, પેટનો-વાયુ. ક્ષય, શૂળ. ખાંસી, શ્વાસ, પ્રમેહ, પ્રદર, વગેરે રોગોમાં ઉપયોગી છે તેની ભસ્મ અનેક યોગોમાં વપરાય છે.

પ્રમાણ: ૩ થી ૬ રતીભાર.

અનુપાન: માખણ કે ઘી સાથે અથવા પાણી કે પાન સાથે લેવાય.

રત્ન–ઉપરત્ન માટે નવો માર્ગ

આ પુસ્તકમાં પ્રાચિન તથા યુનાની વૈદક મતાનુસાર પ્રથમ રત્ન–ઉપરત્ન માટે લખાઇ ચૂક્યું છે તે ઉપરાંત એક વાત નવી જેવી દેખાવાથી અહિં [illegible] આપવી યોગ્ય ધાર્યું છું

હીરા સિવાયના રત્નોને સહજ રીતે વાપરવા માટે તથા તેના ગુણ કાયમ રહે તેવી પદ્ધતિથી તૈયાર કરવા માટે કેટલાક વૈદો પ્રથમ આગ રત્નોના ટુકડા લાવી તેને અગ્નિમાં તપાવી તપાવી ત્રિફલા-અર્કમાં ઠારે છે. ત્રિફલાઅર્ક માટે વધુ ખુલાસો જુઓ પૃષ્ઠ ૮૭ ઉપરની ફુટનોટમાં. આ અર્કમાં વારંવાર ઠારવાથી નરમ થતા જાય છે. અને છેવટે વાટી અને તેને ગુલાબજળમાં ફરી [illegible] કરી તે અર્કમાં ૨૧ દિવસ ઘૂંટવાથી ઉત્તમ પિષ્ટી બને છે. અને તે [illegible] છે. યુનાની મતાનુસાર આ રીત [illegible]

[illegible]

ખંડ ૭ મો

યંત્ર વિભાગ તથા પરિભાષા

આયુર્વેદિક દવાઓમાં કેટલાક યંત્રો વપરાય છે, આ યંત્રો તૈયાર મળતા નથી, પરંતુ દવા બનાવનારે પોતેજ પોતાના હાથે સમજીને તૈયાર કરવાનાં છે. આ યંત્રો પ્રચલિત તેમજ સામાન્ય વપરાશનાં છે; અને તેની સર્વ સાધારણ માટે અહિં માહિતી આપવામાં આવે છે. વિશેષ માટે પ્રાચિન ગ્રન્થો જોઇ લેવા.

ડમરૂયંત્ર: એક મોટું અને નાનું એમ બે માટીના હાંડલા લેવા, સગડી કે ચુલાપર રહી શકે તે માપનું હાંડલું નીચે રાખી ઉપર મોટું હાંડલું રહે તેમ ગોઠવણ કરવી બંને હાંડલાના ગળાનો ભાગ ઘસીને ધાર મેળવી દેવા પ્રમાણે કરવો. જે વસ્તુના ફુલ ઉડાવવા હોય કે હિંગુલમાંથી પારદ છુટો કરવો તે પદાર્થ તૈયાર કરી નીચેના હાંડલાના તળીઆમાં પાથરી લેવો. પછી બંને હાંડલાની સંધીને ચુનો ફટકડી, મીઠું અને લોટ લઇ વાટી તે વડે બંધ કરી દેવું. ઉપરના હાંડલાના તળીઆપર ભીના કપડાની ઘડી વાળી મુકતા જવું. તે કપડું ગરમ થાય ત્યારે બદલાવી બીજું ઠંડુ કપડું મુકવું. આમ કરવાની સાથે સગડી કે ચુલામાં એક સરખો તાપ આપતા જવું. ત્રણ, ૭ કે બાર કલાક આ પ્રમાણે કરવાથી નીચેના પદાર્થમાંથી સત્વ ઉડી ઉપરના હાંડલાના તળીઆમા ચોંટી જશે. પછી સભાળથી યંત્ર ઠંડુ થયા બાદ ખોલી તળીઆમા લાગેલો પદાર્થ ઉખેડી લેવો. આ યંત્રમાં પારદ ઉડાડવામાં આવે છે. કપુર, રસકપુર તથા સોમલનાંફુલ પણ ઉડાડીને તૈયાર કરવામા આવે છે.

વાલુકાયંત્ર: એક લોઢાની ઉંડી કડાઇ અથવા માટીનુ હાંડવું લાવી તેને તળીએ ટચલી આંગળી જઇ શકે તેવુ છિદ્ર કરી

લેવું. છીદ્ર ઉપર અભ્રકનું પતરું અથવા એમજ આટલી રાખી તેની આજુબાજુના ભાગમાં રેતી ભરી દેવી. પછી તે યંત્રને તાપ કહેલા પ્રમાણમાં આપવો. યંત્રના વચ્ચે રાખેલી આટલીનું મળું યંત્રથી બ્હાર-રેતીથી ઉપર રાખવું. આ યંત્ર માટે આતશી શીશીને બદલે સામાન્ય શીશી જેનું તળીયું ગોળ હોય, સપાટ હોય ને સારી તેને સાત કપડમાટી કરી સુકવીને તૈયાર કરી હોય તેજ વાપરવી. આ શીશીમાં ચંદ્રોદય, રસસિંદુર વગેરે કુપીપક્વ રસો બનાવાય છે. આ યંત્ર માટે ભઠ્ઠી પણ ખાસ ઉંડા માપની તથા ચારે તરફ સરખો તાપ લાગે તેવી બનાવવી જોઈએ. વધુ ખુલાસા માટે કુપીપક્વરસના ભાગ ૮ માં જોઈ લેવું.

ડોલાયંત્ર: [illegible]

ભામ તપેલીપર બરાબર ગોઠવી પછી તે હાંડલામાં જેનું તેલ કે પ્રવાહી સત્વ કાઢવું હોય તે ભરી દેવું અને તેના મોઢાપર એક માટીના પહોળા કાંઠાવાળું અર્ધ હાંડલું રાખી તેમાં છાણુ ભરી તાપ દેવો. કાંઠલો તથા હાંડલું જમીનમાંજ રહે તેમ કરવું. આ છાણાનું પ્રમાણ અંદરની વસ્તુને આધારે ઓછું વધતું લેવાય. આ પ્રમાણે તાપ દેવાથી અર્ક તથા તેલ પણ નીકળે છે અને તે નીચેના તપેલામાં એકઠું થાય છે. જે સંભાળથી કાઢી લેવું. કેરડાનાંમૂળનોઅર્ક પલાશમૂળનોઅર્ક વગેરે કાઢી શકાય છે.

આ પ્રમાણે બીજે પ્રકાર પણ બનાવી શકાય છે તેની વિગતઃ એક કપડમાટી કરેલી બાટલીમાં ધતુરાનાબીજ જેવી ચીજ ભરી તેના મોઢામાં જાડું કપડું બાંધી દેવું. એ બાટલીનું ગળું છીદ્રવાળી કડાઇની અંદરથી નીચેના ભાગમાં લઇ જવું. એ કડાઇને ઉંચા ચુલાપર મુકી આખી કડાઇમાં યોગ્યતા પ્રમાણે છાણાનો ભરાવો કરી અગ્નિ સળગાવી આપવું અને કડાઇની નીચે શીશીનું મોઢું હોય તેની પાસે કે બરાબર અડોઅડ પહોળા મોંની બાટલી રાખી દેવી. થોડીવાર પછી તેમાં તેલ-પ્રવાહી હશે તે આવતું જશે. તાપ ધીમો રાખવો તો તેલ સારૂં મળશે. કનકબીજતેલ આ યુક્તિથી સરસ નીકળે છે.

નળીકાયંત્રઃ આ યંત્રો બજારમાં દેશી ઢબના ત્રાંબાના બનાવેલા તૈયાર મળે છે. ટકવામાં તે દેશી સારા છે. ફેશન તથા સફાઇ માટે વિદેશી બનાવટનાં યંત્રો સારા જણાય છે.

પાણીના મોટા હાંડા જેવું એક વાસણ હોય તેમાં વનસ્પતિ લીલી કે સુકી ભરી તેમાં યોગ્ય પ્રમાણમાં પાણી નાખી ૧૨ થી ૨૪ કલાક પલાળી રાખવામાં આવે છે. એ હાંડા ઉપર બીજો તેમાં આવે તેવો નાનો ઘડો ભરાવી દેવો, આ ઘડાના તળીઆપર ફરનારી પાળી દિવાલ ઉંચી હોય છે જેમાં બહારથી પાણી ભરી શકાય છે. ઉપરના ઘડામાં એક નળી હોય છે જેમાંથી વરાળ નીકળે છે અને

તેના ઉપરના ભાગના મધ્ય [illegible] ભુંગળી [illegible] કે લાંબી નાળની ભાગપર એક નળી બેસાડી હોય છે આ યંત્રનું ભાગ બનાવી તેની સાથે [illegible] નળી [illegible] [illegible] નીચેની નળી વાટે બહાર [illegible] [illegible] છે કે તે [illegible] [illegible] અને નળીનો [illegible] [illegible] છે. થોડી થોડી વારે આ યંત્રના ઉપરના ભાગમાં ઠંડું પાણી ભરતા રહેવું અને ગરમ પાણી થએલું હોય તે ઉપરની નળી વટે કાઢી નાખવું એમ કરવાથી અર્ક આવે અને [illegible] તથા [illegible] નીકળે છે. ગુલાબ, ફુદીનો, વરીઆળી વગેરે [illegible] ના અર્કો કરાય ન કરતાં આ પ્રમાણે અર્ક બનાવી લેવાય છે.

સ્વેદનીયયંત્ર: ઉકાળવાને મળતોજ આ સ્વેદન કાર્ય માટેનો યંત્ર છે. પકાવવાની વસ્તુ નીચેના વાસણના મુખપર કપડું ઢીલું બાંધી તેમાં રાખવામાં આવે છે પછી ઉપર બીજુ વાસણ ઉંધુ રાખી સાંધો બંધ કરી દેવામાં આવે છે, યંત્ર આખાને ભઠ્ઠી ઉપર મુકી તાપ અપાય છે અને યંત્રના નીચેના વાસણમાં પાણી અથવા ક્વાથ હોય છે તે ઉકાળતાં વરાળ બને અને તે વરાળથી કપડાપર રાખેલી ચીજનું સ્વેદન થાય છે.

કચ્છપયંત્ર: એક માટીના કુંડામા કપડમાટી કરેલી મૂસા (જેમાં ઔષધયુક્ત પારદનો ગોળો અથવા અન્ય ધાતુ રાખવામાં આવે છે) વચમાં મુકી ફરતા કોલસા ભરવામાં આવે છે એ આખું ભરેલું કુંડું પાણીથી ભરેલા ટોપમાં મુકવું આ યંત્ર ગંધકમુક્તિયા અથવા ધાતુઓના સત્વ કાઢવા માટે વપરાય છે.

ગર્ભયંત્ર: જમીનમાં ખાડો ખોદી તેમાં ચોખાના ફોતરા મુકી વચમાં એક ચોરસ મૂસા મુકવી. એ મૂસાની વચ્ચે ગોળ છીદ્રમાં પારદ મુકી બંધ બેસ્તું ઢાંકણુ મુકી કપડમાટી કરવી તેમજ આખી

મૂષાને ફરતું લેપન કરવું અને ઉપર ચોખાના ફોતરાં મુકવા. ત્રણ દિવસ સુધી તાપ–અગ્નિ મૃદુ આપી ભસ્મ બનાવાય છે.

લવણયંત્ર: વાલુકાયંત્ર પ્રમાણેજ થાય છે પરંતુ તેમાં રેતીને બદલે મીઠું ભરવામાં આવે છે તથા કેટલીકવાર તાપ તેને થોડો થોડો અપાય છે વળી તેમાં પકવવાની દવા મૃગાંક જેવી હોય છે, તેનું સંપુટ અંદર રાખી યંત્રને બંધ કરી ચુલે મુકી તાપ આપવામાં આવે છે.

તપ્તખલ્વ: લોઢાનીખરલને તેના માપ પ્રમાણે ચુલો બનાવી તેનાપર ગોઠવી નીચે ચોખાના ફોતરાનો ધીમો અગ્નિ આપતા રહેવું અને ઉપર ખરલમાં પારદ નાખી તે સાથે બીજી ચીજો નાખવી આ પારદને માટે ઉપયોગી છે. અમારે ત્યાં લોઢાનીખરલ અને સગડી તૈયાર મળે છે.

પુટ: રસાદિપદાર્થો બરાબર પક્વ થાય તે પ્રમાણે અગ્નિ આપવી તેને પુટ કહે છે.

મહાપુટ: બે હાથ ચોરસ અને તેવડોજ ઉંડો ખાડો હોય તેમાં (ત્રણ ગુણી છાણાં માય છે) છાણાં મુકી વચ્ચે સંપુટ રાખી ઉપર છાણા ભરી અગ્નિ આપી દેવો તેને મહાપુટ કહે છે.

ગજપુટ: એક ગજ ચોરસ અને તેટલોજ ઉંડો ખાડો હોય તેમાં ઉપર મહાપુટમાં કહ્યા પ્રમાણે અગ્નિ આપવી તેને ગજપુટ કહે છે.

વારાહપુટ: એક હાથ (૨૦ ઇંચ) જેટલા ચોરસ અને ઉંડા ખાડામાં ઉપર મુજબ અગ્નિ દેવો.

કુક્કુટપુટ: બે વેંત ચોરસ તથા તેટલાજ ઉંડા ખાડામાં અગ્નિ દેવો.

કપોતપુટ: એક સાધારણ ખાડો કરી દવાને ત્રાંબાની બે વાટકીના સંપુટમાં બંધ કરેલ હોય તેને ફક્ત ૮ છાણામાં અગ્નિ આપવું તે.

ગોવરપુટ: છાણાંને બદલે છાણાંના ભૂકા તથા ભૂસાના કોતરાં ભરી ગજપુટ દેવાય તેને ગોવરપુટ કહે છે.

ભાવના: દવાનો સ્વરસ કે ક્વાથ બનાવી તેમાં પુટવાની જે વસ્તુ હોય તે નાખી ખરલમાં કે બીજા વાસણમાં ભેગી તડકે સૂકવી દેવું અથવા ખરલમાં રાખી ઘૂંટી ભેગવી દેવું.

લાવકપુટ: જમીનમાં ખાડો કર્યા વિના એક મોટો ખાડો ભરાય તેટલા ભૂસાના કોતરા અથવા ગોવરની વચમાં પકાવવાની દવા (ચીજ) મૂકી પુટ આપવા.

ભાંડપુટ: એક મોટા માટલામાં નીચે દબાવી દબાવીને અરધા સુધી ભૂસાના કોતરા ભરી વચમાં મૂષા કે સંપુટ મૂકી ઉપર પાછા ભૂસાના કોતરા દબાવીને ભરી દેવા, પછી ચુલે ચડાવી અગ્નિ દેવો.

વાલુકાપુટ: ઉપર પ્રમાણેજ પરંતુ ભૂસાના કોતરાને બદલે રેતી ભરવી.

મૂષા: વજ્રમૂષા, યોગમૂષા, દ્રાવણીમૂષા, વરમૂષા, વર્ણમૂષા, રૂપ્યમૂષા, બીડમૂષા, વજ્રદ્રાવણીમૂષા વગેરે મૂષાઓ જુદા જુદા પદાર્થો મેળવીને તેમજ નામ પ્રમાણે જુદા જુદા ઉપયોગ માટે બનાવવામાં આવે છે. આ બાબતનું વધુ વર્ણન પ્રાચિન પુસ્તકોમાંથી મળી આવે છે.

શોધન મારણનું રહસ્ય: ધાતુ, ઉપધાતુ, રસ અને ઉપરસને લાલચોળ ગરમ કરી તેલ, છાશ, ગૌમુત્ર, બકરીનુંદૂધ, કુલથીનોક્વાથ, આકડાનુંદૂધ, ગાયનુંદૂધ, લીંબુનોરસ જુદી જુદી વનસ્પતિઓના રસમાં બુઝાવવામાં આવે છે અથવા શોધન કરવાની વસ્તુને પોટલીમાં બાંધી, કોઇ વનસ્પતિનારસ અથવા ક્વાથને ડોલાયંત્રમાં રાખી શોધવામાં આવે છે. આ ક્રિયાથી ધાતુ વગેરેમા રહેલ ઝેરી કે અશુદ્ધ તત્વ દૂર થઇ જાય છે એટલુંજ નહિં પરંતુ શોધન કરેલી ચીજો જલદીથી બારીક થઇ શકે છે. કારણકે ગરમ કરેલી વસ્તુ તરતજ ઠંડી પડવાથી

બરડ બની જાય છે. ડોલાયંત્રથી શોધન કરેલી ચીજોમાં વિષનું પ્રમાણ કંઇક ઓછું થવાનો સંભવ ખરો. પરંતુ તેથી કંઇ તેમાંનું વિષકારક તત્વ દુર થઇ જતું નથી.

ઉપર પ્રમાણે એ ધાતુ, ઉપધાતુ. રસ અથવા ઉપરસનું શોધન કર્યા બાદ તેનું મારણ કરવામાં આવે છે. એ ક્રિયાથી ધાતુની ભસ્મ કરતાં તે ઓકસાઇડ, ગંધીલ. કાર્બોનેટ અથવા અતિસુક્ષ્મરૂપે તૈયાર થાય છે. પહેલાં અનેક પ્રકારની વનસ્પતિનારસ કે ક્વાથવડે ભાવનાઓ આપવામાં આવે છે. એ માટે અનેક વનસ્પતિના સ્વરસ, ક્વાથ, ક્ષીર. પ્રાણીઓનુંદૂધ, લીંબુનોરસ, ક્ષાર, ત્રિફલા, ચીકાસદાર વનસ્પતિ. પ્રાણીઓનાંમૂત્ર, વિષ્ટા, લોહી, પારદ, ગંધક. મનશીલ, હરતાલ, સોમલ વગેરે વપરાય છે. આ સર્વ પદાર્થો ભસ્મ બનાવવાના કામમાં અત્યંત મદદકર્તા થાય છે. તેથી ગંધીલરૂપે ભસ્મ જલદી તૈયાર થાય છે. વનસ્પતિઓ વાપરી હોય ત્યાં ઓકસાઇડ અથવા કાર્બોનેટરૂપે ભસ્મ તૈયાર થાય છે આ તેની અંતિમ સ્થિતિ છે અને ત્યાં પહોંચ્યાબાદ તે ધાતુના સ્વરૂપે નથી. અત્યંત બારીક રજકણોના રૂપમાં છુટી પડી જાય છે અને તેજ છુટી પડેલ પરમાણુંઓના આકારની ધાતુ મનુષ્યના શરીરમાં રહેલ રસ, રક્ત, માંસ, મેદ વગેરે ધાતુઓમાં જઇ પોતાનો ગુણ કે પ્રભાવ બતાવી શકે છે.

આજકાલ સસ્તી ભસ્મ બનાવનારા ઘણા છે તેઓ ધાતુપર આટલી ક્રિયા કરતા નથી અને પરિણામે તે ધાતુ શરીરમાં જઇ રોગરૂપે થઇ પડે છે, કેટલીકવાર તેથી હાની પણ થાય છે. આયુર્વેદિક પદ્ધતિ પ્રમાણે તૈયાર થતી આવી ભસ્મો તથા વિદેશથી આવતી લોહ વગેરેની ભસ્મ જેવી બનાવટો વચ્ચે શું અંતર છે તેનો સારાંશ પણ આ ખુલાસામાં આવી જાય છે.

ખંડ ૮ મો

કુપીપક્વ રસાયન

આયુર્વેદ શાસ્ત્રમાં રસાયનશાસ્ત્રનો એક ખાસ વિભાગ છે, આ વિભાગમાં પારદની કેટલીક બનાવટો વાલુકાયંત્રમાં આકરી અગ્નિ પકાવવામાં આવે છે તેને કુપીપક્વ રસાયન કહેવામાં આવે છે.

કુપીપક્વ રસાયનમાં પારદ એ મુખ્ય વસ્તુ છે અને તેની સાથે ગંધક પણ તેટલીજ રીતે મુખ્ય હોય છે એ સિવાય ધાતુ, ઉપધાતુ, વિષ ઇત્યાદિ પદાર્થો પણ વાપરવામાં આવે છે.

કુપીપક્વ રસાયન એ બધી દવાઓમાં સર્વોત્તમ અને એક ફળદાયક ઔષધ ગણાય છે આવી દવાઓ સિદ્ધ વૈદ્યોને ત્યાંજ બની શકે છે કારણકે એની બનાવટમાં અનુભવ અને પુષ્કળ સાધનોની જરૂરત રહે છે.

આ વિષયમાં અમો અમારા અનુભવને આધારે કેટલીક સરળ માહિતી આપવા વિચાર રાખીએ છીએ તેની મદદથી કોઈપણ વૈદ્ય આ દવાઓ પોતાને ત્યાં બનાવી શકે, એટલુંજ નહિં પણ આવી દવાઓ બનાવતાં તેમાં રહેલો ભેદ સહેલમાં સમજી હિંમતથી તે બનાવી તેનો લાભ પોતે લઇ પોતાના અન્ય ભાઇઓને આપી શકે તેમ છે.

કુપીપક્વ રસાયનો બનાવનાર વૈદ્ય પ્રથમ શુદ્ધપારદ (જેની વિગત પારદ પ્રકરણમાં કહેલી છે) તથા શુદ્ધગંધક તૈયાર કરી લેવા જોઇએ અને કાચની શીશી વિલાયતીદારૂ ભરાઇને આ દેશમાં જે શીશીઓ આવે છે તેમાંથી સપાટ તળીઆની કે ગોળ તળીઆની જે શીશી હોય તે આ કામ માટે યોગ્ય થઇ પડે છે. શીશી (બ્રાન્ડીજેવી ઉંડાતળીઆવાળી બાટલી આ કાર્ય માટે યોગ્ય નથી) લઇ ધોઇ સાફ

કરી તડકે સુકવી લઇ તેના ઉપર દરરોજ એક કપડમાટી કરવી કપડમાટી કરવાની રીત એવી છે કે મુલતાની માટી લાવી તેને કુટી પલાળી રાખવી પછી તે નરમ કરી તેમાં જુના કપડાના નાના નાના આશરે વેંતવેંતના ટુકડા કરી મસળીને શીશીપર બરાબર ચોડી દેવા. પછી તેને તડકે સુકવી ફરી એવીજરીતે બીજી કપડમાટી કરવી આ પ્રમાણે લગભગ દશેક કપડમાટી કરી લઇ સુકવી રાખવી. આ શીશી વાલુકાયંત્રમાં રહી શકે એવા માપનું લગભગ ૧૨ ઇંચ ઉંચુ અને ફરતા ઘેરાવામાં શીશીની આજુબાજુ આઠઆઠ ઈંચ જગ્યા રહે તેવું પહોળું માટીનું કે લોઢાનું (ઉંડી કડાઇના ઘાટનું) યંત્ર તૈયાર કરી લેવું. આ યંત્રને (માટીની હાંડલી પહોળા મોઢાની હોય તેને તારથી બરાબર બાંધી તેનાપર કપડમાટી બે ત્રણ કરી લેવાથી પણ બને છે.) આ યંત્રના તળીઆમાં બરાબર વચ્ચે એક પૈસો આવે જાય તેવો છેદ કરી લેવો જોઇએ જો યંત્ર લોઢાનો બનાવવો હોય તો તે લોઢાની ઉંડી કડાઇ કરાવી લેવી અને તેને તળીએ એવોજ છેદ કરાવી કડાઇને કપડમાટી કરી લેવી.

આવી કડાઇ બરાબર રહી શકે તેવો કાચી માટીના ઇંટનો બનાવેલો ઉપરથી ચોરસ યંત્ર રહે ત્યાં ગોળાકાર અને અંદર તળીઆના ભાગમાં ગોળ તેમજ પહોળો હોય તેવો ચુલો તૈયાર કરી લેવો, આ ચુલાપર યંત્ર રાખતાં નીચે દશ ઈંચ જગા ખાલી રહે તેટલો ઉંડો હોવો જોઇએ. આ યંત્રને ઠીક રાખવા માટે ચુલાની વચમાં ત્રણ લાંબા લોઢાના સળીઆ ભઠી બનાવતી વખતેજ ગોઠવી દેવા. એ સળીઆના આધારે યંત્ર બરાબર તેના ઉપર બંધ બેસતો રહી જાય તેમ ગોઠવવો. આખો યંત્ર ભઠીના મોઢામાં રહી જતાં ચારે તરફ ગોળાકારમાં એક ઇંચ જગા ખાલી રહે અને અંદરથી અગ્નિની ઝાળ બરાબર બહાર નીકળતી યંત્રની ચારે તરફ ફરતી રહે તેવી ગોઠવણ કરવી. આ ભઠીમાં ગમે તેટલા લાકડાં બાળવા છતાં ધુમાડો

થતો નથી તેટલા બહાર જતા નથી. અને તાપ સરખો રહે છે. એટલુંજ નહિ પણ તાપ ઓછોવત્તો કરવો હોય તો પણ થઈ શકે છે. આ ભઠ્ઠીનો માપ ભરાગથી ગોળાકારમાં ઉપર તરફ ૫૦ ઈંચ હોય છે. નળીઆમાં ગોળાકારનો માપ ૬૦ ઈંચ હોય છે.

ભઠ્ઠીનું મોઢું ૭ ઇંચ પહોળું ઉંચું તેમજ સાત ઈંચ પહોળું રાખવાથી તાપ બહાર જતો રહેતો નથી આવી ભઠ્ઠી બનાવવા માટે એકમો ઈંટ વાપરવી જોઈએ જેથી તે ભઠ્ઠી કદી તૂટી જતી નથી, લોઢાના સળીઆ જે બંને તરફ સરખા મુકવા છે તે અંગુઠા જેવા જાડા અને દોઢ ફૂટના લાંબા લેવા જોઈએ. અને તે આખી ભઠ્ઠીના માપમાં જ્યારે બરાબર બંધાઈ જાય ત્યારે મુખી ઉપર ઈંટો અને માટી રાખી ચારી બાજુ ઉપર લીંપણ કરી દેવું જોઈએ. દરેક વખતે આરી દવાનો પાક થયા ભઠ્ઠી ઠંડી થાય ત્યારે તેને માટી રાખ અને છાણથી લીંપી લેતાં તે અનેક વર્ષો સુધી ચાલે તેવી ભઠ્ઠી બને છે. આ ભઠ્ઠી (ચુલો) ખુલ્લા મકાનમાં એટલે કે બારી, બારણા બહુ હોય એવા સ્થાનમાં કરવા જોઈએ કદાચ આગણામાં કરવામાં આવે તો પણ ચાલે પણ આંગણામા ઉપર છાપરા જેવુ કરી લીધા પછીજ ત્યાં ચુલો કરવો જોઈએ. ખુલ્લા આંગણામાં આ ભઠ્ઠી ઉપર કામ કરવું એ ઉનાળા કે ચોમાસામાં સલાહકારક નથી. આવા ચુલો જ્યાં હોય તે મકાનનું છાપરૂં પણ બહુજ ઉંચે હોવુ જોઈએ. કેમકે ત્યા અનેક પ્રમાણમાં લાકડાં બળતા હોવાથી તે સ્થાન તપી જાય છે, અને કદાચ અકસ્માત થાય તો પણ ઉંચા છાપરાવાળું મકાન નિર્ભય ગણી શકાય છે.

હવે બાટલી અને યંત્રની વિગત જણાવ્યા પછી ત્યા લાકડાની જરૂર રહે છે. આ ભઠ્ઠી માટે હાથના કાંડા જેવા કે તેથી થોડા વધારે જાડા બાવળના લાકડા સુકા હોય તે વધારે ઉત્તમ છે, લાકડા ગોળ હોવા જોઈએ અને તે લંબાઈમાં ૧ થી ૧॥ ગજ હોવા જોઈએ આવા લાકડા એક શીશી ઉતારવા માટે ૪ થી ૬ મણ વપરાય છે જો ભઠ્ઠી

બરાબર બનાવેલી નહિં હોય તો લાકડા વધારે ખપશે અને તાપ ઓછો લાગશે માટે તે બુદ્ધિપુર્વક વિચાર કરીને તૈયાર કરવી જોઇએ. એ સિવાય એ યંત્રમાં બાટલી રાખી તેની આજુબાજુ રેતી (વાલુકા) ભરવામાં આવે છે આ રેતી નદીમાંથી સાફ હોય તે લઇ રાખવી. બહુ ઝીણી તેમ બહુ જાડી ન હોય તેવી ચાળેલી રેતી આ યંત્રમાં ભરવા માટે એકબે ડબા ભરી રાખવા કદાચ કોઇ વખતે અકસ્માત થાય તો ત્યાં આવી રેતી રહેતી હોવાથી તે વધારે ઉપયોગી થઇ પડે છે આ રેતી ભઠીમાં થોડોક વખત ચાલે છે. પછીથી તે બદલાવી નવી રેતી વાપરવી જોઇએ.

જ્યાં ભઠી ચડાવવાની હોય ત્યાં રાત્રે બતી રહી શકે તેવી સગવડ રાખવી. એક લોઢાનીશળી આશરે બે ફુટલાંબી અને પેનસીલથી જરા ઝીણી હોય તેની અણી જરા પાતળી કરી તેને છેડે લાકડાનો હાથો લગાડી તૈયાર રાખવી, એ સિવાય ચીપીઓ, સાણસી વગેરે સાધનો તૈયાર રાખવા જોઇએ.

હવે જે કોઇ કુપીપક્વરસ બનાવવાનાં હોય તેના પાઠમાં બતાવ્યા પ્રમાણે વિધીસર કજ્જલી બનાવી તૈયાર કરી રાખવી જોઇએ અને અહિં સીસી તૈયાર હોય તેના મોઢા ઉપર કાગળની કુપી બનાવી ધીમેથી તેમાં કજ્જલી ભરવી, કજ્જલી માટે એવું ધોરણ છે કે સીસીના ત્રીજા ભાગમાં દવા રહે અને બે ભાગ ખાલી રહે તેટલીજ કજ્જલી તેમાં ભરવી જોઇએ. અન્યથા ઉભરાઇ જવાનો સંભવ છે, સાધારણ રીતે ૪ રતલ (બશેર પાકા) પાણી માય એવડી બાટલીમાં ૪ તોલા સોનુ ૩૨ તોલા પારદ અને ૬૪ તોલા ગંધકની તૈયાર કરેલી ૧૦૦ તોલા કજ્જલી ભરીને નિર્ભય રીતે પકાવી શકાય છે.

સીસીમાં કજ્જલી ભરી તે સીસીને વાલુકાયંત્ર (નાંદ)માં વચ્ચે રાખેલા છેદ ઉપર રાખી તેના ઉપર સીસી મુકી અને સીસીની

ફેરવી જાવું તવીઆના જેવી માટીની શાનકી બનાવી ટેકો આપી ઉભી રહે તેમ કરવું. આવી શાનકી આવતી જેટલી મોટી હોય તે શીશીના તળીઆમાં તેને અડવું નહિ આવવાની સાથે રેતીને નીચે ભરી પણ અડકાડી ગોઠવે છે. તેમ કરવા જતાં સાફ રેતી હોય તેને શીશીને ચારે બાજુએ પંજામાં ભરી અ.૨૨ા. શીશીનું મ્હોં ૮ આંગળ ખુલ્લું રહે તેટલું મુકી બાકીને ભાગ રેતીથી ભરી લેવા.

રેતી સરખી કરી ... લોઢાના તવીઆના ટેકા ઉપર બરણીની જગ્યાના ... આપવાનું શરૂ કરવું. આ તાપનું પ્રમાણ પ્રથમ દીને ... અને તેવી રીતે ધીમે ધીમે મધ્યમ ક્રમમાં નીચા લાકડા એક પછી એક લાકડાનો અગ્નિ આપતા જવું. બરાબર ૧-૨ કલાક તેની નીચે જ ગંધકની વાસ નીકળવા લાગે છે. ગંધકની વાસ આવ્યા પછી શીશીના ખુલ્લા મોઢામાંથી અગાઉ દુર્ગંધ મારતો ધુમાડો નીકળતો દેખાય છે ૭ કલાકમાં અંદરનો ગંધક (કજ્જલી) ગળી જઈ રસ બની જાય ત્યારે તાપનું પ્રમાણ જરા વધારવું જોઈએ. પ્રથમ દીને મંદ આંચ આપવાનું વર્ણન શાસ્ત્રમાં કરેલું છે તેનો અર્થ એ છે કે કજ્જલી ઉભરાઈ ન જાય. તાપનું પ્રમાણ ધીમે ધીમે વધારતાં ૧૨ કલાક પછી તેમાંથી વધારે ધુમાડો નીકળતો દેખાય ત્યારે લોહશલાકા તપ્ત (લાલ) કરી શીશીના મોઢામાં નાંખવી તો ભડકો-બત્તી થશે આ બત્તી જો અંદર ગંધકનો બરાબર રસ થઈ ગયો હશે તો ચાલુ રહેશે, નહિ તો બુઝાઈ જશે. આ વખતે બત્તી ચાલુ રહે તો તાપનું પ્રમાણ એજ પ્રમાણે ચાલુ રાખવું પણ જો તે બુઝાઈ જાય તો તાપ જરા વધારે કરવો જોઈએ. પણ ઉભરાય નહિ તેની સંભાળ રાખવી.

આ ક્રમ પ્રમાણે લગભગ ૨૪ કલાક અગ્નિ આપતાં ગંધક બળવાનું ચાલુ થઈ જશે અને શીશીને ગળેથી બત્તી બળતી ચાલુ રહેશે એથી કંઈ ગભરાવું નહિ, ગંધક આ પ્રમાણે તમામ બળી

ઉંચેટે બતી બંધ થઇ માત્ર થોડો થોડો ધુમાડો નીકળતો દેખાશે. આ ક્રિયા ચાલતી હોય ત્યારે થોડી થોડીવારે તપ્ત શલાકા શીશીમાં નાખી ગળું સાફ કરતા રહેવું કેમકે તેથી ગંધક ઓછો થાય છે, .શીશી સાફ રહે છે. આખીરાત અને દિવસ આ પ્રમાણે ૨૪ કલાકથી તે ૪૦ કલાક સુધી અગ્નિ ક્રમ ચાલુ રાખતાં તમામ ગંધક બળી ધુમાડો નીકળતો બંધ થઇ જાય, અને ઉપરથી શીશીના તળીઆ તરફ જોતાં તે સાફ અને લાલ દેખાય ત્યારે સમજવું કે હવે ગંધક સાફ થઇ ગયો છે. આ વખતે અગ્નિનો ક્રમ પ્રથમ મંદમાંથી થોડો મધ્યમ કરવામાં આવ્યો હોય તે જરા નરમ કરી લેવો, અને શીશીને સાફ થવા આપવી. અને શીશીના ગળામાં બરાબર ઠીક બંધ બેસતો થાય તેવો ચાક (ખડી)નો બુચ ઘડીને તૈયાર રાખેલે હોય તે તથા મધ અને ચુનો તૈયાર રાખવો. જરા કપડાની સાફ પટી પણ તૈયાર રાખવી.

બરાબર શીશીનું ગળું સાફ કરી અંદરથી ધુમાડો નીકળવાનું બંધ થયું છે એમ ખાત્રી કરી પછી થોડો મધ અને ચુનો સાથે મેળવી તેમાં કપડાની ઝીણી પટી પલાળીને પટીને બુચ ઉપર લગાડી (વીંટી) તે માટીનો (ખડીનો) બુચ શીશીના મોંમાં લગાવી મજબુત બંધ કરી તે બુચ અને શીશીના સાંધા ઉપર એવીજ એક બીજી કપડાની પટી ચુના તથા મધમાં પલાળી લપેટી દેવી. આ પ્રમાણે કરતી વખતે આગ બે કલાક મંદ કરી દેવી, બરાબર બુચ બેસી જાય ત્યારપછી ધીમે ધીમે અગ્નિ વધારવાનું શરૂ કરવું અને તે લગભગ મંદ, મધ્યમ અને ઉંચેટે તિવ્ર અગ્નિ ક્રમ રાખી લગભગ ૧૨ થી ૨૪ કલાક સુધી અગ્નિ આપતાં ઉંચેટે બંધ કરી દેવું. અને અગ્નિ બંધ કર્યાં પછી શીશી તદન ઠરેલી જણાય ત્યારે યત્ર નીચે ઉતારી શીશી ઉપરથી કપડમાટીને ચાકુવડે સાફ કરી લઇ તેને સંભાળથી ફોડવી. ફોડતી વખતે કાચનો ભુકો ન થાય તે ધ્યાનમાં રાખવું. વળી ફોડવાની એક સરલ રીત એ છે કે સુતલીનોદોરો ઘાસતેલમાં પલાળી

શીશીના પેટપર લપેટી બાંધી લેવા અને તેને મજબુત કરવા, જ્યારે તે ભડકો કરી બળી રહેવા આવે ત્યારે પાણી છાંટવું કે જેથી શીશી એકદમ બે ટુકડે તુટી જુદી થશે આ પ્રમાણે ફોડતી વખતે નીચે કાગળ પાથરી લેવા અને શીશી ફુટતી વખતે તેમાંથી ધુમાડો નીકળે તે આપણા મોં તરફ ન જાય તેની સંભાળ રાખવી.

હવે શીશીને દાટો લગાવ્યા પછી કદાચ તેમાં જો ધુમાડો હોય (રહી ગયો હોય) તો બુચ ચોંટતો નથી પણ તેનાથી ઉડી જાય છે આવું બને તો ગભરાવું નહિ પણ થોડીવાર આંચ આપી ગરમ સળાકા શીશીમાં નાખી ધુમાડો સાફ કરી એકદમ ફક્ત પછીથી દાટ (બુચ) લગાડશો કે જેથી તે ઉડયા સિવાય બરાબર ચોટી રહેશે.

શીશી ફોડતી વખતે ઉપરના ભાગમાં જામી ગયેલ ચંદ્રોદયઆદિ રસની આખી નલી હોય તે સંભાળી લઇ લેવી. અને તેની ઉપર જરા મેલો (કાચો) માલ થયો હોય તે સાફ કરી જુદુ રાખી લેવુ તે વસ્તુ બીજીવાર જ્યારે કજ્જલી થાય ત્યારે તેમાં નાખી દેવી. ફેંકવી ન જોઇએ.

ચંદ્રોદય બનાવતી વખતે તેમાં સુવર્ણ નાખવામાં આવે છે તે સુવર્ણ બાટલી ફોડતી વખતે તળીઆમાં રહી જાય છે અને તે જો પુરેપુરી અગ્નિ આપી હશે તો સાફ કાળી રાખના-મેલા રાખોડી રંગના રૂપમાં મળી આવશે તે સંભાળીને લઇ રાખવો જો આંચ ઓછી અપાઇ હશે તો એમાં અમુક ભાગ પારા ગંધકનો પણ હશે એમ હોય તો તેને ફરીવાર બીજી કજ્જલીમાં નાખી સાફ કરી લેવો.

આ પ્રમાણે ન હોતાં જો તે સાફ હોય તો તેને એક ચીનીના પ્યાલામાં નાખી થોડુંક પાણી નાખી હલાવી રાખી દેવું. પછી ઉપરથી પાણી નીતારી ફેંકી દેવું, ફરી આ પ્રમાણે પાણી નાખી ધોવું. એમ બે ચાર વાર કરવાથી બીજો કચરો દુર થઇ ચોખ્ખી સોનાનીભસ્મ રહેશે તેને સુવર્ણ પ્રકરણમાં કહેલ રીત મુજબ તુલસીનારસમાં

બરાબર ધુંટી થોડાક ગજપુટ આપવાથી ઉત્તમ લાલરંગની હલકા વજનની ભસ્મ થઇ જશે તે દવાના કામમાં વાપરવી.

આ પ્રમાણે કુપીપકવરસ બનાવતાં ધ્યાનમાં રાખી કામ કરવામાં આવે તો કોઇપણ હુશીઆર વૈદ્ય કંઇ પણ નિષ્ફળતા સિવાય ફતેહમંદી સાથે સારી વસ્તુ બનાવી શકે છે.

ઉપર બતાવેલી વિધી ચંદ્રોદયને મળતી છે. પણ જો રસસિંદુર બનાવવો હોય તો તેમાં પારો અને ગંધક એ ચીજ હોય છે અને શીશી ખોલતી વખતે તળીએ કાળી રાખ (ગંધકની રાખ) બચે તો તે ફુંક મારતાં ઉડી જાય તેવી હશે અને તે ફેંકી દેવી અથવા તેનો મલમ બનાવી ખસ ઉપર લગાડવો અથવા તળીઆમાં કંઇ ન હોય તો માલ બરાબર પાકો છે એમ સમજવું. કદાચ તેને ઓછી અગ્નિ મળી હોય તો તેને તળીએ લીલા કાળારંગની કજ્જલીનો ગાંઠો બાઝેલો રહી જશે તેને ઉખેડી વાટી કજ્જલી કરી લેવી અને તે બીજીવાર બીજી શીશી ચડે તેમાં નાખી દેવો. ભુલથી તેને ફેંકી ન આપવો જોઇએ.

ચંદ્રોદયમાં શું આવે છે? ચંદ્રોદય બનાવતાં તેમાં શુદ્ધપારદ શુદ્ધગંધક અને શુદ્ધસુવર્ણ વાપરવામાં આવે છે. પારદ શુદ્ધ કરવાની રીત આગળ કહેલી છે તે પ્રમાણે પારદ શુદ્ધ બનાવી લેવો. ગંધકની શુદ્ધિ માટે ગંધક પ્રકરણમાં બતાવેલી રીત મુજબ શુદ્ધ કરીને તેને લેવો. પણ અહિં સુવર્ણ માટે જણાવવાની જરૂર રહે છે કે સોનાના વરખ લઇ શકાય છે પણ તે ઘણુ મોંઘા મળે છે. તેની જગાએ શુદ્ધ ચોખું સોનું લઇ તેને સોનુ સાફ કરનારાઓ પાસે લઇ જઇ એસીડ અને આદીના યોગથી સાફ કરાવી તેની બારીક રેતી કરાવી લેવી. આ રેતી બારીક, સુંવાળી અને ચોખી થઇ જાય છે તે આમાં શુદ્ધ પારદમાં મેળવી ગંધક નાખી કજ્જલી કરી લઇ ચંદ્રોદય બનાવવો, આમ કરવાથી થોડા ખર્ચમાં સોનુ સહેલાઇથી મળી જાય છે,

અને માલમાં કંઈ વિકૃતિ થતી નથી. પરંતુ ગરમ મળે તો આ ખટપટ નજર કરવી જોઇએ.

કુપીપકવ રસાયનોની કેટલીક બનાવટો.

(૧) પૂર્ણચંદ્રોદયરસ પ્રકાર ૧ લો: શુદ્ધપારદ તો. ૩૨ શુદ્ધગંધક તો. ૬૪ શુદ્ધસુવર્ણનાવરખ અથવા ભુકો તો. ૪ સાથે મેળવી કજ્જલી કરી તેને કુંવારનારસમાં મર્દન કરી સુકાવી લઇ પછી તેને કપડમાટી કરેલી મોટી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં એ શીશી રાખી ત્રણ દીવસ અને રાત અગ્નિ આપવો, જ્યારે અંદરનો ગંધક બળી જાય ત્યારે ચાક માટીનો ડાટ લગાડી તેજ અગ્નિ આપવો એટલે શીશીના ગળામાં લાલરંગનો પાપડીદાર અથવા બધ ગાંઠો મળી આવશે તેનું નામ પૂર્ણચંદ્રોદય કે સિદ્ધમકરધ્વજ છે. આ રસને ખરલમાં નાખી ત્રણ દિવસ બરાબર ઘુંટી એકદમ બારીક કરી લેવું. **પ્રમાણ:** ૧ રતીભાર. **અનુપાન:** રોગાનુસાર અથવા મધ સાથે. **ઉપયોગ:** બધારોગમાં અનુપાનભેદથી વપરાય, અથવાતો બીજી દવાઓ સાથે રોગાનુસાર કોઇપણ પ્રયોગમાં મેળવીને અપાય. **ખાસ ગુણ:** આ રસ વાજીકરણ છે કોઇપણ પ્રકારની નબળાઇ, ધાતુક્ષીણતા, મગજનીકમજોરી. ક્ષય, પ્રમેહ નસોનીશીથીલતા, નામર્દીપણું, તેમજ બિમારીપછીનીકમજોરી મટાડી સંસાર સુખમાં આવેલી મંદતા દુર કરે છે **નબળાઇ માટે અનુપાન:** ચંદ્રોદય ઘુટેલો તો. ૨ કસ્તુરી તો. ०।। બીમસેનીકપુર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ કેશર તો. ૧ સુવર્ણભસ્મ તો. ०।। જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ પીપર તો. ૧ વરધારાનાંબીજ તો. ૧ અકલકરો તો. ૧ સાથે મેળવી પાનનારસમાં ઘુંટી ચણાજેવડી ગોળી બનાવી સુકવી રાખવી. **પ્રમાણ:** ૨ ગોળી મધમાં ચાટી ઉપર દુધ પીવું. **ખોરાક:** પૌષ્ટિક અને ઘઉં, ઘી, સાકરવાળો ખાવો તો તે બરાબર પચી જશે અને શક્તિ તથા વિર્યનો વધારો થશે.

(૨) ચંદ્રોદય પ્રકાર ૨ જો: ઉપર બતાવેલ પાઠ મુજબ ચંદ્રોદય તૈયાર કરી તેમાં ફરીને ૬૪ તોલા ગંધક નાખી એવીજ રીતે બીજીવાર (સુવર્ણ સહિત) પકાવી લેવો. આ પ્રમાણે ત્રીજીવાર પણ કજ્જલી બનાવી ગંધક મેળવી પકાવી લેવો. આમ ત્રણ વખત કરી લેતાં તે ષડગુણ ગંધકજારિત ચંદ્રોદય તૈયાર થયો. આ ષડગુણ પ્રકાર પહેલા કરતાં વધારે ચડીઆતો તેમજ વધારે પૌષ્ટિક થાય છે તે ક્ષય, ક્ષીણતા તેમજ નબળાઇ માટે સર્વોત્તમ છે. પ્રમાણ, અનુપાન તથા સેવનવિધી પ્રથમ મુજબ.

(૩) ચંદ્રોદય પ્રકાર ૩ જો: ઉપર પ્રકાર ૧લામાં બતાવ્યા પ્રમાણે ચંદ્રોદય બનાવી તેમાં ફરી ગંધક ૬૪ તોલા મેળવી કજ્જલી કરી કુંવારનારસમાં ઘુંટી શીશીમાં રાખી વાલુકાયંત્રમાં આંચથી પકાવી તૈયાર કરવું. આ પ્રમાણે એજ વસ્તુને એ રીતે આઠ વખત કરી લેતાં તે ષોડસગુણ ગંધકજારિત ચંદ્રોદયરસ છેલ્લે તૈયાર થાય છે. અને તેનો ઉપયોગ કરતાં તે ૧ લા તથા ૨ જા પ્રકાર કરતાં વધારે ચમત્કારિક અસર બતાવી લાંબો વખતસુધી તે પોતાની અસર ટકાવી રાખે છે. આવો ચંદ્રોદય બનાવતાં બે માસ લાગી જાય છે.

(૪) ચંદ્રોદય પ્રકાર ૪ થો: પારદમાં જેમ વધારે ગંધક જારણ કરવામાં આવે તેમ તે વધારે બળવાન અને વધુ ફાયદો કરનાર થાય છે. એટલા માટે આ પ્રકાર ખાસ શ્રીમંતો તેમજ રાજવંશીઓ માટે બનાવવા યોગ્ય છે. એમ સમજી અહિં દાખલ કરેલ છે.

શુદ્ધપારદ તો. ૩૦ તથા શુદ્ધગંધક તો. ૧૫૦ લઇ કજ્જલી કરી કુંવારનારસમાં ઘુંટી સુકવી તેને નળીકા* ડમરૂયંત્રમાં ભરી ગંધક જારણ કરી લેવુ, આ પ્રમાણે ફરી તેને ઘુંટી તેમાં એટલોજ ગંધક નાખી કજ્જલી કરી ફરી નળીકા ડમરૂયંત્રમાં પકાવતાં જવું, એમ વીસ વખત કરી લેવુ. છેવટે જે રસ તૈયાર થાય તેના સમભાગે

*નલીકા ડમરૂયંત્ર માટે જુઓ યંત્ર વિભાગ ખંડ ૭ મો.

ગંધક નાખી કજ્જલી કરી તેમાં અઢી તોલા સુવર્ણવરખ મેળવી કુંવારનારસમાં તથા રક્ત કપાસના રસમાં અનુક્રમે ઘુંટી લઇ સુકવી લેવું અને કપડમાટી કરેલી શીશીમાં ભરી તેને ૪૮ કલાક અગ્નિ આપી વિધીસર પકાવી લેવું. આ પ્રમાણે કરતાં શતગુણ ગંધકજારિત ઉત્તમ મકરધ્વજ બને છે. આ રસ રાજા, મહારાજાઓ તેમજ શ્રીમંતો માટે બનાવવો જોઇએ, કેમકે તે ધારેલો ગુણ બહુજ થોડી મુદતમાં બતાવી પોતાનો ચમત્કાર દેખાડે તેવો ઉત્તમ થાય છે. અમોએ આવી રીતે નહિ પરંતુ ૫૦ બાટલીમાં બબ્બેગણો ગંધક જારણ કરીને શતગુણ મકરધ્વજ ત્રણ વાર બનાવી જોયો છે. ઘણીજ ઉત્તમ દવા બને છે

(૫) રસસિંદુર પ્રકાર ૧ લો: શુદ્ધપારદ તોલા ૧૬ તથા શુદ્ધગંધક તોલા ૯૬ લઇ સાથે ઘુંટી કજ્જલી કરી તેને કુંવારનારસમાં ઘુંટી સુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી મંદ, મધ્ય અને તિવ્ર અગ્નિ આપી ત્રણ દિવસમાં બરાબર વિધીસર પકાવી લેવું, ઠંડુ થયે બાટલી ફોડી શીશીના ગળામાંથી જામેલો ઉત્તમ રક્તવર્ણ રસસિંદુર લઇ લેવો આ રસસિંદુર ષડગુણ ગંધકજારિત ગણાય છે. અને તે ગુણમાં બહુજ ઉત્તમ તથા સર્વ રોગમાં અનુપાનભેદથી બીજી દવાઓની સાથે વાપરતાં ઉત્તમ ફાયદો બતાવે છે. જ્યાં પારદભસ્મ કે શુદ્ધપારદ વાપરવાનું જણાવેલ હોય ત્યાં આ પદાર્થ વાપરવાથી નિર્ભય અને સચોટ અસર કરે છે. **પ્રમાણ:** ૧ થી ૨ રતીભાર. **અનુપાન:** માખણ કે મધ અથવા ઘી સાથે. **ઉપયોગ:** ધાતુક્ષીણતા, ઉપદંશ, પ્રમેહ, નબળાઇ, શ્વાસ, ખાંસી, મંદાગ્નિ, વાતરોગ વગેરે મટાડે છે.

(૬) રસસિંદુર પ્રકાર ૨ જો: શુદ્ધપારદ તો. ૨૪ શુદ્ધગંધક તો. ૪૮ સાથે મેળવી ઘુંટી ઉપર પ્રમાણે કજ્જલી કરી પકાવી લેવું. આ દ્વિગુણબલીજારિત રસસિંદુર ગણાય છે. ગુણમાં નં. ૧ લા કરતાં

થોડો ઉતરતો છે. પણ તે દરેક યોગમાં વાપરી શકાય છે. પારદ ભસ્મની જગાએ વાપરવાથી સારો ફાયદો આપે છે. પ્રમાણ અનુપાન અને ઉપયોગ ઉપર મુજબ સમજી લેવું.

(૭) રસસિંદુર પ્રકાર ૩ જોઃ શુદ્ધપારદ તોલા ૨૪ શુદ્ધગંધક તોલા ૨૪ સાથે મેળવી કજ્જલી કરી ઉપર બતાવેલ રીત મુજબ શીશીમાં ભરી પકાવી લેવો. આ દવાને ૩૬ કલાકમાં પકાવી લેવાય છે. અને તે તૈયાર થતાં શીશીમાંથી કાઢી લેવો. આ સમગુણ બલિજારિત **રસસિંદુર** થયો ગણાય. તેનો ઉપયોગ ઉપર મુજબ કરી શકાય છે. ખાસ કરી કજ્જલી અથવા તો પારદભસ્મ અથવા શુદ્ધહિંગળો વાપરવાનું જ્યાં બતાવેલ હોય ત્યાં આ રસ વાપરવાથી ગુણમાં ઉતમ ફાયદો બતાવી તે યોગને સુંદર બળવાન બનાવે છે. પ્રમાણ અને માત્રા તથા ઉપયોગ ઉપર મુજબ છે.

(૮) હરગૌરીરસઃ શુદ્ધપારદ તો. ૩૦ શુદ્ધગંધક તો. ૧૦ સાથે મેળવી કજ્જલી કરી તેમાં નવસાર તો. ૩ નાખી મેળવી ધતુરાના સ્વરસમાં ભાવના આપી સુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી ૪૮ કલાક અગ્નિ આપવો. પ્રથમ ૧૬ કલાક મંદ અગ્નિ આપી ગંધક જીર્ણ થાય ત્યારે બુચ બંધ કરી પછી ધીમે ધીમે અગ્નિ વધારી છેવટે તિવ્ર અગ્નિ આપી બંધ કરવું. ઠંડુ થયે લાલરંગનો રસ કાઢી ઘુંટી લેવું. આ રસ બનાવતી વખતે ગળામાં ક્ષાર બાઝે છે. માટે હમેશાં તપ્ત શલાકાથી ગળું સાફ કરતા રહેવું જોઈએ, **પ્રમાણઃ** ૧ થી ૨ રતી. **અનુપાનઃ** માખણ કે મધ. **ઉપયોગઃ** નબળાઇ મટાડી શક્તિ આપે છે. ખાસ કરી વાજીકરણ છે. પથ્ય અને પૌષ્ટિક ખોરાક લેવો.

(૯) મલ્લચંદ્રોદય પ્રકાર ૧ લોઃ શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૫ શુદ્ધરસકપુર તો. ૧૦ એ સર્વને સાથે મેળવી તેની કજ્જલી કરી તેમાં સુવર્ણ તો. ૨॥ નાખી એ

કજ્જલીને કુંવારનારસમાં ઘુંટી મુકી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી મોં ખુલ્લું રાખી ધીમી આંચે (એકદમ મંદ નહિ) પ્રથમથી તાપ આપવાનું શરૂ કરવું. ૧૦ થી ૨૦ કલાક સુધીમાં ગંધકનું તમામ ઝરણ થઇ જાય ત્યારે ગાક (માટીનો) ડાટો મધ તથા ચુના સાથે લપેટી ગળામાં બંધ કરી દેવો. ડાટો લગાવતી વખતે શીશીમાં ગંધકનો ભાગ ન રહેવો જોઇએ તેમ પ્રથમ ગંધક ઝરણ થતી વખતે ધુમાડો ઘણો નીકળતો હોય તે બંધ થઇ પછી જરાજરા ધુમાડો નીકળતો થાય ત્યારેજ બંધ કરવાનું છે. વહેલું બંધ કરવામાં આવશે તો ડાટો ઉડી જશે અને મોડું બંધ થશે તો માલ ઓછો રહેશે માટે ધ્યાન રાખી તમે સલાકા શીશીમાં મુકી અંદર જોતા રહેવું. જો શીશીમાં કાળો ચીક જેવા ચીકણો પદાર્થ વધારે હોય તો હજી ગંધક છે એમ સમજવું, પણ તે ન જણાય તેમ સલાકાની બતી સફેદરંગ બતાવે (ગંધકનીબતી આસમાની રંગપર થાય છે તે ધ્યાનમાં રાખવું) ત્યારે સમજવું કે હવે ગંધક નથી પણ સોમલ ઉડવા લાગ્યો છે આ વખતે ડાટ મારી દેવો અને ત્યારપછી ૧૨ કલાકથી ૨૪ કલાક સુધી અગ્નિ વિચારીને માલના પ્રમાણમાં આપવાથી બધો માલ ચડી જશે પછી અગ્નિ બંધ કરી ઠંડુ થયે બાટલી કાઢી શીશી ફોડી માલ લઇ લેવો. આ માલ જરા સખત તથા કાગાશપર ચળકદાર ઉતરશે અને ભાગનાં સખત જણાય તો બરાબર છે તેમ સમજી સંભાળીને રાખી લેવો. **પ્રમાણ:** ૧ રતીભાર. **અનુપાન:** મધ અથવા ઘી સાથે. **ઉપયોગ:** શ્વાસ, ત્રિદોષ દમ, ખાસી વાતરોગ, લકવો ગરમી, ઉપદંશ તથા શીરંગરોગ વગેરે મટાડી શક્તિ વધારે છે. રોગાનુસાર યોગ્ય વસ્તુઓ સાથે મેળવી મલયચંદ્રોદય ગુટીકા બનાવી વાપરવાથી તે સારો ફાયદો બતાવે છે. આ પ્રમાણે ચંદ્રોદયની નીચી કાઢી લીધા બાદ તળીઆમાં જે સુવર્ણ બચે છે તે સંભાળીને ... તેને તુલસીનારસમાં ઘુંટી થોડા ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ ... જો કદાચ બાટલીને તળીએ કંઇ પદાર્થ (કજ્જલી) રહી ગયેલો જણાય ...

ફરીવાર બીજી વખત આવી ચીજ બનાવતી વખતે તેમાં નાખી સાફ કરી લેવું. અને સુવર્ણને જુદો પાડી લેવો. જો એમાંથી સુવર્ણ કાઢી લેવું હોય તો પણ તે નીકળી શકે છે, એ માટે એસીડથી સોનું સાફ કરનારાઓ પાસે તેને લઇ સાફ કરાવી લેવું તો સોનું શુદ્ધ હાથ આવી જશે. આ પ્રમાણે મલ્લચંદ્રોદય જેની અપુર્વ ચીજ બનાવી વાપરવાથી યશ તથા ધન અને કિર્તીનો લાભ મળે છે, પણ તે જ્યારે પકાવતા હોઇએ ત્યારે ધુમાડો આંખને એકદમ ન લાગે તેવી રીતે હુશીઆરીથી બેસવું અને શીશીને જોતા રહેવું જોઇએ.

(૧૦) મલ્લચંદ્રોદય પ્રકાર ૨ જો: શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધસોનું તો. રાા શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૫ શુદ્ધરસકપુર તો. ૧૦ સાથે મેળવી કજ્જલી કરી ઘુંટી કુંવારનારસમાં મર્દન કરી સુકવી બાટલીમાં ભરી વાલુકાયંત્રમાં મૂકી આગળ બતાવ્યા પ્રમાણે સંભાળથી પકાવી લેવું. આ પ્રમાણે તૈયાર કરેલો મલ્લચંદ્રોદય જરા ઓછો ઉગ્ર થાય છે અને તે ઉપરના રોગોપર વગર પરેજીએ વાપરી શકાય છે. ગુણ માત્રા અને અનુપાન તથા ઉપયોગ ઉપર મુજબ સમજી લેવાનું છે, બનાવતી વખતે આમાં ગંધક થોડો હોવાથી તે જલદી તૈયાર થાય છે માટે દાટો વહેલો આપવો અને અગ્નિનું પ્રમાણ ઓછું રાખવાનું ધ્યાનમાં લેવું.

(૧૧) મલ્લસિંદુરરસ: શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૦ શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધરસકપુર તો. ૧૦ સાથે મેળવી ઘુંટી કજ્જલી કરી કુંવારનારસમાં મર્દન કરી મુકવી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી ૪૮ કલાક અગ્નિ ઉપર બતાવ્યા મુજબ આપી પછી ઠંડુ થયે બાટલી ફોડી અંદરથી રસની નલી બંધાયલી કાઢી લેવી. પ્રમાણ, ઉપયોગ તથા અનુપાન મલ્લચંદ્રોદય પ્રમાણે છે. ફક્ત એમાં સુવર્ણયોગ નથી હોતો અટલીજ તેની અસર ઓછી હોય છે. બાકી બધું સરખુંજ છે.

કજ્જલીને કુંવારનારસમાં ઘુંટી ગુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં મૂકી મોં ખુલ્લું રાખી ધીમી આંચે (એકદમ મંદ નહિ) પ્રથમથી તાપ આપવાનું શરૂ કરવું. ૧૦ થી ૨૦ કલાક સુધીમાં ગંધકનું તમામ જારણ થઇ જાય ત્યારે ચાક (માટીનો) ડાટો મધ તથા ચુના સાથે લપેટી ગળામાં બંધ કરી દેવો. દાટો લગાવતી વખતે શીશીમાં ગંધકનો ભાગ ન રહેવો જોઇએ તેમ પ્રથમ ગંધક જારણ થતી વખતે ધુમાડો ઘણો નીકળતો હોય તે બંધ થઇ પછી જરાજરા ધુમાડો નીકળતો થાય ત્યારેજ બંધ કરવાનું છે. વહેલું બંધ કરવામાં આવશે તો ડાટો ઉડી જશે અને મોડું બંધ થશે તો માલ ઓછો રહેશે માટે ધ્યાન રાખી તપ્ત શલાકા શીશીમાં મુકી અંદર જોતા રહેવું. જો શીશીમાં કાળો ચીક જેવો ચીકણો પદાર્થ વધારે હોય તો હજી ગંધક છે એમ સમજવું, પણ તે ન જણાય તેમ શલાકાની બતી સફેદરંગ બતાવે (ગંધકનીબતી આશમાની રંગપર થાય છે તે ધ્યાનમાં રાખવું) ત્યારે સમજવું કે હવે ગંધક નથી પણ સોમલ ઉડવા લાગ્યો છે આ વખતે દાટ મારી દેવો અને ત્યારપછી ૧૨ કલાકથી ૨૪ કલાક સુધી અગ્નિ વિચારીને માલના પ્રમાણમાં આપવાથી બધો માલ ચડી જશે પછી અગ્નિ બંધ કરી ઠંડુ થયે બાટલી કાઢી શીશી ફોડી માલ લઇ લેવો. આ માલ જરા સખત તથા કાગળપર ચળકદાર ઉતરશે અને ભાંગતાં સખત જણાય તો બરાબર છે તેમ સમજી સંભાળીને રાખી લેવો. **પ્રમાણ:** ૧ રતીભાર. **અનુપાન:** મધ અથવા ઘી સાથે. **ઉપયોગ:** શ્વાસ, ત્રિદોષ દમ, ખાંસી, વાતરોગ, લકવો ગરમી, ઉપદંશ તથા ફીરંગરોગ વગેરે મટાડી શક્તિ વધારે છે. રોગાનુસાર યોગ્ય વસ્તુઓ સાથે મેળવી મલ્લચંદ્રોદય ગુટીકા બનાવી વાપરવાથી તે સારો ફાયદો બતાવે છે. આ પ્રમાણે ચંદ્રોદયની શીશી ફોડી લીધા બાદ તળીઆમાં જે સુવર્ણ બચે છે તે સંભાળીને લઇ લેવું. તેને તુલસીનારસમાં ઘુંટી થોડા ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે જો કદાચ બાટલીને તળીએ કંઇ પદાર્થ (કજ્જલી) રહી ગયેલો જણાય તો

ફરીવાર બીજી વખત આવી ચીજ બનાવની વખતે [illegible] કરી લેવું. અને સુવર્ણને જુદો પાડી લેવો. જો એમાંથી [illegible] હોય તો પણ તે નીકળી શકે છે. એ માટે એવીઓથી [illegible] કરનારાઓ પાસે તેને લઇ સાફ કરાવી લેવું તો [illegible] આવી જશે. આ પ્રમાણે મલ્લચંદ્રોદય જેની [illegible] વાપરવાથી યશ તથા ધન અને કિર્તિનો લાભ મળે છે, [illegible] પકાવતા હોઇએ ત્યારે ધુમાડો આંખને [illegible] હુશીઆરીથી બેસવું અને શીશીને જેના [illegible]

(૧૦) મલ્લચંદ્રોદય પ્રકાર ૨ જો:

શુદ્ધસોનું તો. ૨ા શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધ [illegible] તો. ૧૦ સાથે મેળવી કજ્જલી કરી મુકી [illegible] સુકી બાટલીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી [illegible] સંભાળથી પકાવી લેવું. આ પ્રમાણે [illegible] ઓછો ઉગ્ર થાય છે અને તે ઉપરના [illegible] શકાય છે. ગુણ માત્રા અને અનુપાન [illegible] સમજી લેવાનું છે, બનાવતી વખતે [illegible] જલદી તૈયાર થાય છે માટે દારો [illegible] ઓછું રાખવાનું ધ્યાનમાં લેવું.

(૧૧) મલ્લસિંદુરરસ:

શુદ્ધ [illegible] શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધરસકપુર [illegible] કજ્જલી કરી કુંવારનારસમાં મર્દન કરી [illegible] ભરી વાલુકાયંત્રમાં રાખી ૮૮ [illegible] આપી પછી ઠંડુ થયે બાટલી [illegible] કાઢી લેવી. પ્રમાણ, ઉપયોગ [illegible] ફક્ત એમાં સુવર્ણયોગ નથી [illegible] હોય છે. બાકી બધું સરખુંજ છે [illegible]

(૧૨) તાલચંદ્રોદય: શુદ્ધપારદ તો. ૨૦ શુદ્ધગંધક તો. ૨૦ શુદ્ધહરતાલ તો. ૧૦ સુવર્ણ તો. ૨ાા સાથે મેળવી ધુંટી કજ્જલી કરી તેને કુંવારનારસમાં મર્દન કરી સુકવી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી ત્રણ રાત અને ત્રણ દિવસ અખંડ સરખો અગ્નિ આપવો (૩૬ કલાક અગ્નિ આપી પછી ગુચ લગાડી બંધ કરવું) પછી સખત અગ્નિ આપવાથી માલ બરાબર થાય છે. આ વસ્તુ જલ્દી ઉડતી ન હોવાથી તેને આંચ વધારે આપવી પડે છે તે ધ્યાનમાં રાખી પ્રથમ ગંધક બળી જાય ત્યારેજ ડારો આપવો.

આ પ્રમાણે તૈયાર થતાં ઠંડું થયે શીશી કાઢી સાફ કરી ફોડી જોતાં અંદર તળીઆમાં સોનાની રાખ (ભુકો) બચે તે સંભાળી લઈ લેવો અને ઉપરથી માલની નળી મળે તે સંભાળી લેવી **પ્રમાણ:** ૧ થી ૨ રતીભાર. **અનુપાન:** ઘી સાથે. **ઉપયોગ:** રક્તવિકાર, ખાંસી, નબળાઇ, કુષ્ટરોગ, ક્ષય, ઉપદંશ, શ્વાસ, દમ, ઉરઃક્ષત અને વિસ્ફોટક વગેરે રોગોમાં અનુપાન ભેદથી આપતાં તે મટાડી શક્તિ વધારે છે. આ રસ બનાવતી વખતે શીશીના ગળામાં વારંવાર તપ્ત શલાકા નાખી તેની બતી જોતા રહેવું અને શીશીનું ગળું સાફ રાખવું. જ્યારે ગંધક બળી જાય ત્યારે તરતજ દારો મારી દેવો નહિંતો માલ ઉડી જશે અને વજનમાં ઓછો થશે, વહેલું બંધ થશે તો માલ નહિં ચડે.

(૧૩) તાલસિંદુર: શુદ્ધપારદ તો. ૨૦ શુદ્ધગંધક તો. ૨૦ શુદ્ધહરતાલ તો. ૧૦ સાથે મેળવી કજ્જલી કરી ઉપરની વિધી પ્રમાણે તૈયાર કરવું. જે તૈયાર થાય તેનું નામ તાલસિંદુર છે. એનો ઉપયોગ વગેરે સર્વ તાલચંદ્રોદય પ્રમાણે સમજી લેવું.

(૧૪) શિલાચંદ્રોદય: શુદ્ધમનશીલ તો. ૧૦ શુદ્ધપારદ તો. ૨૦ શુદ્ધગંધક તો. ૨૦ શુદ્ધસુવર્ણ તો. ૨ાા સાથે મેળવી ઘુંટી કજ્જલી કરવી. અને મકરચંદ્રોદયની વિધીમાં બતાવ્યા પ્રમાણે શીશીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી તાપ આપવો. આ વસ્તુ પણ બહુજ

ધીમેથી પાકે છે માટે તેને ૭૨ કલાક અગ્નિ આપવો, અગ્નિ બહુજ સખત આપવો પડે છે માટે તે ધ્યાનમાં રાખી પ્રથમ ગંધક બળી જાય ત્યારે દાટો મારી પછી સખત અગ્નિ આપવો શીશીમાં ધુમાડો નીકળે છે તેથી ગભરાવું નહિં પણ સંપુર્ણ કાળજી રાખી ગળું સાફ રાખવું અને પકાવતાં જવું. તો માલ તદન પાકો બરાબર બનશે **પ્રમાણ:** ૧ થી ૨ રતી. **અનુપાન:** મધ. **ઉપયોગ:** મેદરોગ, ખાંસી, દમ, શ્વાસ, નબળાઇ, કુષ્ટરોગ, ખસ, ખરજવું, કંઠમાળ, રસોળી, ગલગંડ, બાંબલાઇ વગેરેમાં યોગ્ય અનુપાન મેળવી ગોળી બનાવીને આપી શકાય છે.

(૧૫) શિલાસિંદુર: શુદ્ધમનશીલ તો. ૧૦ શુદ્ધપારદ તો. ૨૦ શુદ્ધગંધક તો. ૨૦ સાથે મેળવી કજ્જલી કરી કુંવારનારસમાં ઘુંટી મર્દન કરી સુકવી આગળ બતાવેલ રીત મુજબ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં પકાવી લેવું. તૈયાર થયે શીશી ફોડી કાઢી લેવો. પ્રમાણ ઉપયોગ તથા અનુપાન એ સર્વ શિલાચંદ્રોદય પ્રમાણે લેવાનું છે.

(૧૬) વ્યાધિહરણરસ પ્રકાર ૧ લો: શુદ્ધપારદ તો. ૫ શુદ્ધરસકપુર તો. ૫ શુદ્ધહરતાલ તો. ૫ શુદ્ધમનશીલ તો. ૫ શુદ્ધરસકપુર તો. ૫ શુદ્ધસોમલ તો. ૫ બધાને સાથે ઘુંટી લઇ કજ્જલી કરી કુંવારનારસમાં મર્દન કરી સુકવી બાટલીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી ૨૪ પ્રહર (૭૨ કલાક) અગ્નિ આપવી. ગંધક આશરે ૨૪ કલાકમાં બળી જાય છે ત્યારબાદ ડાટો આપી વિધીસર અગ્નિ મંદ મધ્ય અને તિવ્ર આપી પકાવી લેવું. શીશીના ગળામાં પાકેલો રસ મળી આવે છે તે સંભાળી લઇ વાટી રાખવો. **પ્રમાણ:** ૧ થી ૨ રતી. **અનુપાન:** માખણ, ઘી કે મધ સાથે. સવાર સાંજ બે વખત લેવો. **ઉપયોગ:** ચરમીનાંદરદો, ફીરંગરોગ, ચાંદી, સુજાક, રક્તદોષ, ઉપદંશ વગેરે મટાડી

સાંધા છુટ કરે છે. વાતરોગ મટાડે છે અને શરીરમાં શક્તિ લાવે છે. ગોળું આવ્યા સિવાય શરીર સાફ થઇ રોગ મટી જાય છે. પથ્ય બરાબર રાખવું.

(૧૭) વ્યાધિકુંજરરસ પ્રકાર બીજો: શુદ્ધપારદ તો. ૯ શુદ્ધરસકપુર તો. ૯ શુદ્ધગંધક તો. ૯ સમભાગે લઇ કજ્જલી કરી તેને કુંવારનારસમાં ઘુંટી કપડમાટી કરેલી શીશીમાં નાખી વાલુકાયંત્રમાં મુકી ૪૮ કલાક વિધીસર અગ્નિ આપવો. બરાબર ૨૦ કલાક પછી દાટો બંધ કરવો અને પછી બરાબર તેજ અગ્નિ આપવો. કે જેથી બરાબર પાકેલો માલ તૈયાર થાય. **પ્રમાણ:** ૨ રતી. **અનુપાન:** ઘી સાથે. **ઉપયોગ:** ઉપદંશ, વાતશીરગ, રક્તદોષ, કંઠમાળ, અને ગંભીરવ્રણ ઇત્યાદિ માટે શોધક તરીકે ઉત્તમ ઉપાય છે અને નિર્ભય રીતે વાપરી શકાય છે.

(૧૮) સમીરપન્નગરસ: શુદ્ધપારદ તો. ૮ શુદ્ધગંધક તો. ૮ શુદ્ધસોમલ તો. ૮ શુદ્ધહરતાલ તો. ૮ એ સર્વની કજ્જલી કરી કુંવારનારસમાં મર્દન કરી સુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી પ્રથમ મંદ અગ્નિ ૨૪ કલાક આપી ગંધકનું જારણ થઇ જાય ત્યારબાદ દાટો આપી પછી ૪૮ કલાક લગી ધીમે ધીમે સખ્ત અગ્નિ આપી છેવટે બંધ કરી ઠંડુ થયે શીશી કાઢી સાફ કરી ફોડી અંદરથી માલ કાઢી લેવો. આ રસનો ઉપયોગ ખાંસી, દમ, શરદી, શ્લેષ્મ, ત્રિદોષ, વાતરોગમાં કરવાથી સારૂ પરિણામ આવે છે. અનુભવથી આ દવા ન્યુમોનીયારોગમાં બહુજ ઉત્તમ કામ આપે છે. **પ્રમાણ:** ૧ થી ૨ રતી. **અનુપાન:** મધ તથા આદુનોરસ. આ રસને ગંધક બળી ગયા બાદ તાપ બંધ કરી દેવાય તો તે તળીએ કાળારંગનો ગઠ્ઠો રહે તેવા રૂપમાં બનાવી લેતાં તે તલસ્થ સમીરપન્નગ બને છે.

(૧૯) બંગેશ્વરરસ: પારદ તો. ૪ ગંધક તો. ૧૨ કલઇ તો. ૪ પ્રથમ કલઇ ગરમ કરી તેમાં પારદ મેળવી પછી તેમાં ગંધક નાખી કજ્જલી કરી લેવી. પછી કુંવારનારસમાં ઘુંટી લેવું. ત્યારબાદ બે વાટકીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી અગ્નિ આપવી, ૪ પહોર અગ્નિ આપી તૈયાર કરી ઠંડુ થએ કાઢી લેવું ને વાટી રાખવું. **પ્રમાણ:** ૩ રતી. **અનુપાન:** મધ કે માખણ સાથે. **ઉપયોગ:** બધી જાતનાં પ્રમેહને મટાડનાર છે.

નોંધ: કુપીપકવ રસાયનમાં અનેક પ્રકારે રસ બને છે, એક પ્રકારતો ઉપર નલી આવે છે તે, બીજો પ્રકાર તલસ્થ કાળારંગનો પદાર્થ બની જાય છે તે, ત્રીજો પ્રકાર આ ઉપર બતાવેલ છે. એ રીતે સેંકડો પાઠ જુદી જુદી રીતે બનાવાયલા છે. જેમાં બીજી ભસ્મો દ્રવ્યરૂપમાં હોય તેને માટે ઉપર કહેલ વિધી અથવા તો તલસ્થ રહે એજ ઉત્તમ માર્ગ ગણાય છે.

(૨૦) રસમાણિક્ય: શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૦ શુદ્ધનાગ તો. ૧૦ શુદ્ધમનશીલ તો. ૧૦ પ્રથમ નાગને ગરમ કરી તેમાં પારદ મેળવી તેને ખરલમાં ઘુંટી તેમાં ગંધક નાખી કજ્જલી કરી તેમાં મનશીલ મેળવી તેને કુંવારનારસમાં ઘુંટી લઇ સુકવી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં નાખી ૨૪ પ્રહર આંચ આપી તૈયાર કરી લેવું. શીશીના ગળામાં જે લાલરંગનો ઉત્તમ રસ મળી આવે તે લઇ લેવો. આ રસ વાટી બારીક કરી વાપરવો. **અનુપાન:** માખણ કે મધ, **પ્રમાણ:** ાા થી ૧ રતીભાર. **ઉપયોગ:** ક્ષય, દમ, શ્વાસ, ખાંસી, શીળુના, નપુંસકપણું અને રાજ્યક્ષ્મા મટાડી બળ વધારે છે.

(૨૧) સુવર્ણબંગ: પ્રથમ શુદ્ધ કલઇ તો. ૫ લઇ તેને લોઢાની કડછીમાં રાખી તાપ ઉપર ગરમ કરી લેવી તે જ્યારે રસ

થઈ જાય ત્યારે તેમાં શુદ્ધપારદ તોલા ૫ મેળવી પછી તેને એક માટીના વાટકામાં દાબી દેવું કે જ્યાં તે ચપ્રી બધાએ જગે. આ ચપ્રીને પથરની સાફ ખરલમા નાખી તેમા સિંધવનું પાણી નાખી ખરલમાં બે દહાડા ઘુંટવું. તે પાણી કાઢી લઈ બીજા સ્વચ્છ પાણી વડે તેને ધોઈ તેમાં ક્ષારનો સ્વાદ ન આવે ત્યારે પિટીને કપડામાં કોરી કરી તેને ખરલમાં મુકી તેમાં શુદ્ધગંધક તો. ૫ નાખી કજ્જલી કરવી. તેમાં નવસાર તો. ૪ તથા સુરાખાર તો. ૧ મેળવી ઘુંટી કજ્જલી તૈયાર કરી કપડમાટી કરેલી શીશીમા ભરી વાલુકાયંત્રમાં રાખી ૨૦ કલાક અગ્નિ આપી પકાવી લેવું. અગ્નિ આપ્યા પછી શીશીમાંથી ક્ષાર નીકળી ગળામાં આવી શીશાને બંધ કરી આપે છે આ વખતે વારંવાર તપ્ત શલાકા ગળામાં ફેરવતાં જવું અને ગળાને સાફ રાખવું એમ કરવાથી આઠ દશ કલાકમાં ગંધક બળી જઈ બાટલીના તળીઆમાં શલાકા ફેરવતાં સોનેરીરંગની ચમક દેખાય ત્યારે સમજવું કે માલ તૈયાર છે એટલે દાટો આપી ત્રણ કલાક પછી અગ્નિ આપી ઠંડુ થયે કાઢી લેવું. **પ્રમાણ:** ૩ રતી, મધ સાથે લેવી. શીશીમાં બંગસિંદુર તથા બંગક્ષાર મળે તે સંભાળીને કાઢી લેવું. **ઉપયોગ:** ખાંસી. પ્રમેહ, ક્ષય, મધુપ્રમેહ વગેરે માટે ઉત્તમ છે.

(૨૨) અષ્ટમુર્તિરસ: પારદ તો. ૧ હિંગુળ તો. ૧ મનશીલ તો. ૧ સોમલ તો. ૧ હરતાલ તો. ૧ બોદાર તો. ૧ ફટકડી તો. ૧ સુવર્ણ તો. ૦ll રૌપ્ય તો. ૦ll રસકપુર તો. ૯ ગંધક તો. ૬ લેવા. કુલ્લે ૨૩ તોલા દવાઓ થાય તે લેવી. બધી દવાઓ શુદ્ધ લેવી અને તેની વિધીસર કજ્જલી કરવી. **વિધી:** કપડમાટી કરેલી આગન શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી તેજ અગ્નિથી પકાવવું. આસરે ૪૮ કલાકમાં તૈયાર થાય છે. ગંધકનો ધુમાડો બંધ પડે ત્યારબાદ ગળામાં બુચ બંધ કરી દેવા અને ઠંડુ થયે ઉતારી ગળામાં લાગેલો

રસ કહાડી લેવો. અને દવામાં વાપરવા પહેલાં બરાબર પીસી બારીક કરી રાખવું. **પ્રમાણ:** ાા થી ૧ રતીભાર. **અનુપાન:** મધ અને આદુનારસ સાથે. **ઉપયોગ:** ત્રિદોષજ્વર, ખાંસી, શ્વાસ, વાતરોગ, ન્યુમોનિઆ, શરદીનો મુંઝારાવાળો તાવ વગેરેમાં વાપરી શકાય છે.

(૨૩) વિષચંદ્રોદય: શુદ્ધપારદ તો. ૧૬ શુદ્ધગંધક તો. ૧૬ સુવર્ણવર્ક તોલા ૨, શુદ્ધવચ્છનાગ તોલા ૧૬ **વિધિ:** કજ્જલી બનાવી કપડમાટી કરેલી કાચની શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી અગ્નિ આપવો. મંદ, મધ્ય અને તિવ્ર ક્રમાનુસાર બે રાત દિવસ અગ્નિ આપવાનું છે તથા ગંધકનો ધુમાડો બંધ થાય કે બુચ લગાડી દેવાનું છે. પછી આંચ બંધ કર્યા બાદ ૨૪ કલાક પછી ઠંડુ થયા બાદ ખોલી જોતાં શીશીના ગળામાં ચમકદાર નલી મળે તે સંભાળી કાઢી બારીક વાટી રાખવું. **પ્રમાણ:** ૧ રતી. **અનુપાન:** રોગાનુસાર કોઇપણ દવા અનુપાનમાં યોજવી. **ઉપયોગ:** શીતજ્વર વિષમજ્વર, ત્રિદોષજ્વર, ટાઢીઓતાવ, શ્વાસ, કાસ વગેરે ભયંકર વ્યાધિઓને મટાડે છે.

(૨૪) ત્રિપુરભૈરવરસ: પારદ તો. ૧૦, ગંધક તો. ૩૦, હીંગળો તો. ૧૦, નવસાગર તો. ૧૦, રસકપુર તો. ૧૦, ફટકડી તો. ૬, બધી શુદ્ધ દવાઓને વિધીસર વાટી કજ્જલી કરી કપડમાટી કરેલી શીશીમાં ભરી લેવું. **વિધી:** વાલુકાયંત્રમાં આ શીશીને રાખી બે દિવસ અને રાત સરખી મંદ, મધ્ય અને તિવ્ર અગ્નિ આપવી અને ગંધકનો ધુમાડો બંધ થાય ત્યારે શીશીને બુચ મારી દેવો. પછી ઠંડુ થયા બાદ શીશીના ગળામાં લાગેલો રક્તવર્ણનોરસ લઇ વાટીને રાખવો. **પ્રમાણ:** ાા થી ૧ રતીભાર. **અનુપાન:** રોગાનુસાર અથવા ઘૃત સાથે. **ઉપયોગ:** ઉપદંશ, વાનરીરંગ, લકવો, વાયુ, રક્તવિકાર વગેરે મટાડે છે.

(૨૫) **સુવર્ણભુપતિઃ** શુદ્ધપારદ તો. ૫. શુદ્ધગંધક તો. ૧ તામ્રભસ્મ તો. ૨ અભ્રકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ કાંતલોહભસ્મ તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ વચ્છનાગ તો. ૧ બધાને ખરલમાં વિધીસર મેળવી લાજવંતીનારસમાં મર્દન કરી સુકવી લેવું. **વિધીઃ** કપડમાટી કરેલી કાચની બાટલીમાં ભરી લઈ તેને વાલુકાયંત્રમાં રાખી મંદાગ્નિથી પચન કરી લેવું. (આમાં બીજા કુપીપકવરસોની માફક અગ્નિ આપવાની નથી ફક્ત સંપૂર્ણ પાચન થઇ મળી જાય તે માટેજ આ વિધી કરવાની છે પછી ઉતારી દવા કાઢી વાટી બાટલીમાં ભરી રાખવી.) **પ્રમાણઃ** ૨ થી ૪ રતી. **અનુપાનઃ** આદુનોરસ તથા પીપર સાથે. **ઉપયોગઃ** ત્રિદોષ, ક્ષય, સન્નિપાત, આમવાત, ધનુર્વાત. શુળ, ગુલ્મ, મંદાગ્નિ, પ્રમેહ, સંગ્રહણી, પથરી, મુત્રકૃચ્છ, ભગંદર, ખાંસી, શ્વાસ, અજીર્ણ, કમળો, પાંડુ, જ્વર, શીરશુળ વગેરે વ્યાધિઓ માટે પ્રસિદ્ધ છે. આ દવા મહારાષ્ટ્રના વૈદ્યોમાં બહુ વપરાય છે.

(૨૬) **માણેકરસઃ** વરખીહરતાલ ઉત્તમ પ્રકારની લાવી તેના ચણાનીદાળ જેવા ટુકડા કરી શોધન કરી લેવું (શોધન માટે જુઓ હરતાલનું પ્રકરણ પૃષ્ટ ૫૮) પછી અભ્રકના બે મોટાં પતરાં લઇ એક પતરાપર હરતાલના ટુકડા રાખી તે પતરાંની કીનારીપર ઘઉંના લોટની કીનારી કરી ઉપર બીજું પતરૂં અભ્રકનું રાખી સાથ બંધ થઈ જાય તેમ કરી દેવું, વચ્ચે હરતાલ છુટી છુટી પથરાયલી રહે તેમ કરવું. પછી અડાયાછાણાનો નિર્ધુમ અગ્નિ હોય તેનાપર એને રાખી દેવું. થોડીવારમાં તે તાપથી હરતાલ પોતાનુ રૂપ બદલી રસ રૂપ થતાં રક્તવર્ણમાં ફરી જશે એટલે ઉતારી રાખી લેવુ અને ઠંડુ થતાં ઉખેરી અંદરથી એ હરતાલનું રૂપાંતર જેને વૈદ્યો માણેકરસ કહે છે તેના ટુકડા લઇ લેવા અને તેને દવાના કામમાં વાટીને વાપરવા **ગુણ–ઉપયોગઃ** શુદ્ધહરતાલના સ્થાનમાં આ માણેકરસ વાપરી

શકાય છે તે સિવાય તાવ, રક્તવિકાર, ઓટીગરમી અને બીજા ચામડીના કેટલાક રોગોમાં બહુજ સારી અસર બતાવે છે. ઘણા વૈદ્યો તેને હરતાલભસ્મની અવેજીમાં પણ વાપરે છે. તે અનેક રસ યોગોમાં પણ વપરાય છે. **માત્રા:** ૧ રતી. **અનુપાન:** મધ અથવા રોગાનુસાર.

(૨૭) પુર્ણચંદ્રોદયનીગોળીઓ: પૂર્ણચંદ્રોદય ઘુંટેલો તો. ૪ બીમસેનીકપુર તો. ૧ જાયફળ તો. ૧ લવંગ તો. ૧ મરી તો. ૧ કસ્તુરી તો. ૦। સોનાનાંવરખ તો. ૦।. **વિધી:** બરાબર ઘુંટાયલા ચંદ્રોદયમાં પ્રથમ કસ્તુરી મેળવી ઘુંટી પછી કપુર મેળવી ઘુંટી લેવું, છેવટે બીજી દવાઓનું બારીક કપડછાણ કરેલું ચૂર્ણ નાખી પાકા પાનનારસમાં ઘુંટી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** મધમાં ગોળીનો ભુકો કરી ચાટી જવું. **ઉપયોગ:** ધાતુક્ષય નબળાઇ મંદાગ્નિ આંતરડાની-નબળાઇ, સંગ્રહણી, ક્ષય, ખાંસી, શ્વાસ વગેરે મટી ખુબ અગ્નિ પ્રદિપ્ત થાય તથા બળ અને વીર્ય વધે છે. **પથ્ય:** પચે તેવો ભારે અને પૌષ્ટિક ખોરાક લેવો. ખટાશ, તેલની ચીજો મરચાં એ ચીજો વિચારીને ખાવી.

(૨૮) મલચંદ્રોદયવટી: ઘુંટેલો મલ્લચંદ્રોદય તો. ૧, શુંઠ, મરી, પીપર, પીપરીમુળ, અકલકરો, જાયફળ, એલચી, લવંગ કેશર એ સર્વ અંક તોલો લઇ બારીક વાટી વસ્ત્રગાળ કરી લેવાં પછી તેને મલચંદ્રોદયમાં મેળવી બરાબર ઘુંટી લેવું. છેવટે બરાબર મળી જાય ત્યારે કોકસો નંગ પાકા કપુરી નાગરવેલનાપાનનોરસ કાઢી તેમાં નાખી ઘુંટવું. ગોળી વાળવા જેવું થતાં ચણાજેવડી ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **સમય:** સવાર. સાંજ. **અનુપાન:** દુધ. **ઉપયોગ:** સમસ્ત જીર્ણવાતરોગ; લકવો, નબળાઇ, શરદી, વગેરે મટે છે. ઉન્માદમાં અરણીનારસ સાથે દેવી. **પથ્ય:** રોગાનુસાર.

(૨૯) તાલચંદ્રોદયવટી : ઘુટેલો તાલચંદ્રોદય તોલા ૫ તથા સારંગધરના પાઠ પ્રમાણે બનાવેલ સાકર વગરનું લવંગનુંચૂર્ણ તો. ૫ બન્નેને ખરલમાં ઘુંટી બારીક કરી લેવું. **વિધી :** તૈયાર ઘુટેલી દવાને લવંગાદિચૂર્ણ (શારંગધર પ્રમાણે) તો. ૫માં પાણી તો. ૪૦ નાંખી ક્વાથ કરતાં તો. ૧૦ રહે ત્યારે ઉતારી ગાળી તેની ભાવના આપવી અને ઘુંટવું સુકાયેથી બીજી ભાવના દેવી. આ પ્રમાણે ૩ ભાવના આપી સુકવી ઘુંટી તેની વટાણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ ગોળી. **સમય :** સવાર, બપોર, સાંજ. **અનુપાન :** મધ અથવા નાગરવેલનાપાન સાથે. **ઉપયોગ :** ક્ષય, ખાંસી, શ્વાસ, દમ, ઉરઃક્ષત, કફ, ફેફસાંનાંદરદો, હૃદયરોગ વગેરે મટાડી કૌવત આપે છે.

(૩૦) શિલાચંદ્રોદયવટી : શિલાચંદ્રોદય ઘુટેલો તો. ૧૦ આમળા તો. ૫ બાબચી તો. ૫. **વિધી :** પ્રથમ ખરલમાં શિલાચંદ્રોદય ઘુંટી પછી તેમાં બીજી ચીજોનું બારીક કપડછાણચૂર્ણ મેળવી બરાબર ઘુંટી લેવું. બાદ ભાંગરાનારસનો એક. તથા બાબચી અને આંબળાના ક્વાથની પાંચ ભાવના આપવી, છેવટે ઘુંટી વટાણા પ્રમાણે ગોળી વાળી સુકવી રાખવી. **પ્રમાણ :** ૧ ગોળી. **અનુપાન :** પાણી. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** કુષ્ટરોગ, મેદરોગ, અર્બુદ, વાયુ અને ચરબીથી શરીરમાં જે ઉપદ્રવો થાય છે તે તથા કંઠમાળ, ગલગંડ, ખસ, ખુજલી. રતવા, વિસ્ફોટક વગેરે મટાડે છે.



ખંડ ૯ મો

સિદ્ધ રસાયન સંગ્રહ

૧ અગસ્તિસૂતરાજરસ: પારદ તો. ૧ ગંધક તો. ૧ શુદ્ધહીંગુલ તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૨ અફીણ તો. ૨ **વિધી:** બધી વસ્તુઓને યથાક્રમ મેળવી ભાંગરાનારસની દશ ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ રતી. **અનુપાન:** ત્રિકટુ અને જેઠીમધના ક્વાથ સાથે. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** વમન, શુળ, કફ, વાયુનોવિકાર, જઠરાગ્નિનીમંદતા મટાડે છે. અતિસાર અને પ્રવાહીકા ઉપર કાળાંમરી અને ઘૃતના અનુપાનથી આપવું.

૨ અગ્નિસૂતરસ: કોડીભસ્મ તો. ૧ શંખભસ્મ તો. ૨ શુદ્ધપારદ તો. ૦॥ શુદ્ધગંધક તો. ૦॥ મરી તો. ૩ એ સર્વેને વિધીસર મેળવી લીંબુનારસમાં મર્દન કરી ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મધ, પીપર સાથે. **ઉપયોગ:** મંદાગ્નિ, શુળ, સંગ્રહણી, અજીર્ણ. વાયુ વગેરે મટાડે છે.

૩ અગ્નિકુમારરસ (૧) પારદ તો. ૧ ગંધક તો. ૧ વચ્છનાગ તો. ૧ ત્રિકટુ તો. ૩ ટંકણખાર તો. ૧ લોહભસ્મ તો. ૧ અજમો તો. ૧ અફીણ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧૦. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બધા વસાણાં સાથે મેળવી ચિત્રકના ક્વાથથી ઘુંટી મરીનાદાણા બરાબર ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૩ ગોળી. **અનુપાન:** મધ. **સમય:** સવાર, બપોર સાંજ. **ઉપયોગ:** અજીર્ણ અને સંગ્રહણીનો નાશ કરે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. જુની સંગ્રહણી, સતાર્થ અને શ્વાસમાં વખાણવા લાયક ઔષધ છે.

૪ **અગ્નિકુમારરસ (૨)** પારદ તો. ૧ વચ્છનાગ તો. શુદ્ધગંધક તો. ૧ કાળામરી તો. ૮ શંખભસ્મ તો. ૨ કોડીનીભ તો. ૨. **વિધી:** વિધીસર મેળવી કાગદીલીંબુનારસમાં સાત દિ ઘુંટી સુકવી બાટલી ભરી લેવી. **પ્રમાણુ:** ૨ થી ૪ રતી. **અનુપા** મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાયુના અજીર્ણનો ન કરે છે. કોલેરામાં ખાસ ઉપયોગી છે.

૫ **અગ્નિકુમારરસ (૩)** શુદ્ધપારદ તો. ૧ હરડે તો. બહેડાં તો. ૧ આંબળા તો. ૧ જવખાર તો. ૧ શુંઠ તો. ૬ મરી તો. પીપર તો. ૧ સીંધાલુણ તો. ૧ કાચલુણ તો. ૧ બીડલુણ તો. સંચળ તો. ૧ સમુદ્રલુણ તો. ૧ ગંધક તો. ૨ ટંકણખાર તો. ૨ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બાકીના વસાણા બારીક ઘુંટ કજ્જલી સાથે મેળવી આદુનારસની સાત ભાવના આપી સુકવ બાટલી ભરી રાખવી. **પ્રમાણુ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** મધ **સમય.** સવાર, સાંજ. **ઉપયોગ:** જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે, અને પ્રકારના અજીર્ણને મટાડે છે. મંદાગ્નિમાંથી ઉત્પન્ન થયેલ શોથ, પાંડુ અર્શ, સંગ્રહણી, આમવિકાર વગેરે શાંત કરે છે.

૬ **અગ્નિતુન્ડીવટી:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ અજમો તો. ૧ ત્રિફળા તો. ૩ સાજીખાર તો. ૧ જવખાર તો. ૧ ચિત્રક તો. ૧ સિંધવ તો. ૧ જીરૂં તો. ૧ સંચળ તો. ૧ વાવડીંગ તો. ૧ સમુદ્રલુણ તો. ૧ ત્રિકટુ તો. ૩ શુદ્ધઝેરકોચલાં તો. ૧૮. **વિધી:** કજ્જલી કરી બધી વસ્તુઓ એક સાથે મેળવી લીંબુનારસમાં ઘુંટી મટર જેવડી ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણુ:** ૨ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** દરેક જાતના વાતવ્યાધી પેટનાવાયુ. અજીર્ણનાઝાડા વગેરે વ્યાધી મટે છે અને પૌષ્ટિક છે.

૭ અગ્નિરસઃ પારદ તો. ૧ ગંધક તો. ૨ પીપર તો. ૩ હરડે તો ૪ બહેડાં તો. ૫ અરડુસીનાંપાન તો. ૬. **વિધીઃ** કજ્જલીમાં વસ્ત્રગાળચૂર્ણો મેળવી બાવળનીછાલના ઉકાળાની ૨૧ ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણઃ** ૬ થી ૧૨ રતી. **અનુપાનઃ** ચોકખું મધ. **સમયઃ** સવાર, બપોર અને સાંજ. **ઉપયોગઃ** ખાંસી, ઉધરસ માટે સારો ઉપાય છે, ગળાનારોગ મટાડે છે.

૮ અગ્નિસંદીપનરસઃ રસસિંદૂર તો. ૧ ગંધક તો ૧ આંબળા તો. ૧ ટંકણખાર તો. ૨. **વિધીઃ** એક દિવસ લીંબુનારસમાં ઘુંટી પીળીકોડીઓ લઇ તેમાં ભરી લેવું અને પછી તેને સંપુટમાં રાખી હલકા પુટની આંચ આપી સ્વાંગશીત થયે બહાર કાઢી વાટી બાટલીમાં ભરી લેવું. **પ્રમાણ** ૨ થી ૬ રતી **અનુપાનઃ** સિંધવ તથા કુંવારનારસ સાથે. **સમયઃ** સવાર, સાંજ. **ઉપયોગઃ** અગ્નિપ્રદીપ્ત કરે છે પેટના વ્યાધીને મટાડે છે.

૯ અજીર્ણકંટકરસ (૧) શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ કાળામરી તો. ૩ સર્વેને વિધીસર બારીક વાટી બોરીંગણીનારસ કે કવાથની ૨૧ ભાવના આપી મુકવી રતી પ્રમાણે ગોળી વાળી રાખી મુકવું. **પ્રમાણઃ** ૨ થી ૪ ગોળી. **અનુપાનઃ** પાણી. **સમયઃ** સવાર, સાંજ અથવા જરૂર પડે ત્યારે. **ઉપયોગઃ** અજીર્ણ, ખાંસી, વાયુ, શરદી. ગળાનારોગ, ઝાડા અને પેટનાંદરદો મટાડે છે.

૧૦ અજીર્ણકંટકરસ (૨) ટંકણખાર તો. ૧ પીપર તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧ કાળાંમરી તો. ૨ લીંબુનારસમાં ઘુંટી મગના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણઃ** ૨ થી ૪ ગોળી. **અનુપાનઃ** પાણી. **સમયઃ** સવાર, સાંજ. **ઉપયોગઃ** સર્વ જાતના અજીર્ણ ઉપર ઉપયોગી છે.

૧૧ અજીર્ણારિરસ: શુદ્ધપારદ તો. ૪ શુદ્ધગંધક તો. ૪ દરેકે તો. ૮ સુંઠ તો. ૧૨ પીપર તો. ૧૨ કાળામરી તો. ૧૨ સિંધવ તો. ૧૨ ભાંગ તો. ૧૬. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કર્યાબાદ બીજાં વસાણાઓનું બારીક વસ્ત્રગાળચૂર્ણ કરી કજ્જલી સાથે મેળવી લીંબુનારસમાં ઘુંટી સુકવી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અજીર્ણ માટે વપરાતી બહુ પ્રસિદ્ધ વસ્તુ છે.

૧૨ અતિસારકુઠારરસ: એલચી તો. ૧ વછનાગ તો. ૧ ધતુરાનાંબીજ તો. ૧ ટંકણખાર તો. ૧ ઈંદ્રિજવ તો. ૧ જીરૂં તો. ૧ સુંઠ તો. ૧ અફીણ તો. ૧ નાગભસ્મ તો. ૧ ધાવડીનાંફુલ તો. ૧ કાંકચનાંબીજ તો. ૧ અતિવિષ તો. ૧. **વિધી:** બધી વસ્તુઓને બરાબર ઘુંટી ધતુરાનારસની ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ રતી. **અનુપાન:** મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સર્વ પ્રકારના અતિસાર માટે અકસીર ઉપાય છે.

૧૩ અભ્રવટીકા: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ અભ્રકભસ્મ તો. ૨ ત્રિકટુ તો. ૩ ભાંગરાનોરસ તો. ૨ નગોડનોરસ તો. ૨ ચિત્રકનોરસ તો. ૨ અરણીનોરસ તો. ૨ બ્રાહ્મીનોરસ તો. ૨ ભાંગ તો. ૨ સંફેદગરણીનોરસ તો. ૨ નાગરવેલનાપાનનોરસ તો. ૨ કાળામરી તો. ૧ ટંકણખાર તો. ૦ાા. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી વસાણાઓને ખાંડી વસ્ત્રગાળ કરી કજ્જલી સાથે મેળવવાં પછી વનસ્પતિઓના રસ નાખી ઘુંટી સુકાય ત્યારે ચણા જેવડી ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** મધ. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** ખાંસી, ક્ષય, શ્વાસ, કાસને મટાડે છે તથા બળ અને વર્ણ તેમજ અગ્નિને વધારે છે.

૧૪ અમૃતાર્ણવરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ લોહભસ્મ તો. ૧ ટંકણખાર તો. ૧ રાસ્ના તો. ૧ વાવડીંગ તો. ૧

ત્રિફળા તો. ૩ દેવદાર તો. ૧ ચિત્રક તો. ૧ ગળો તો. ૧ પદમકાષ્ટ તો. ૧ વછનાગ તો. ૧ **વિધિ:** પારદ ગંધકની કજ્જલી કરી બધાં વસાણાં સાથે મેળવી એક દિવસ ઘુંટી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ રતીભાર. **અનુપાન:** અરડુસીનોરસ અને મધ. **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** ૭ પ્રકારની નવી કે જુની ખાંસીને તરત મટાડે છે.

૧૫ અમોઘાસ્ત્રરસ: તામ્રભસ્મ, શુદ્ધગંધક, વછનાગ, હરતાલ, સુવર્ણમાક્ષિકભસ્મ, મનશીલ, ડીકામાળી, કાળીપાટ, ટંકણખાર, શુદ્ધસોમલ, દરેક વસ્તુ સરખે વજને લેવી ફક્ત પારદ અને ગંધક બે બે ભાગ લેવાં. **વિધી:** કજ્જલી કરી, સર્વ વસ્તુઓ સાથે મેળવી નગોડ અને તુલશીનારસની એકેક ભાવના આપી સરસવનાદાણા પ્રમાણે ગોળી વાળવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** તેર પ્રકારના સન્નિપાતમાં અને વિષમજ્વરમાં અનુપાન ભેદથી અને સંભાળથી વાપરવી.

૧૬ અર્શકુઠારરસ: (૧) શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ અભ્રકભસ્મ તો. ૨ લોહભસ્મ તો. ૨ બીલીફળ તો. ૧ મોટી હરડે છાલ તો. ૧ ચિત્રક તો. ૧ શુંઠ તો. ૧ મરી તો. ૧ પીપર તો. ૧ શુદ્ધનેપાળો તો. ૧ ફુલાવેલટંકણ તો. ૫ સિંધાલુણ તો. ૫ જવખાર તો. ૫ ગાંમૂત્ર તો. ૩૨ થોરનુદૂધ તો. ૩૨ વાટવા જેવી દવાઓનુચૂર્ણ કરી કજ્જલીમાં મેળવી તૈયાર કરી લેવી, પછી લોઢાની કડાઇમાં ગૌમુત્ર તથા થોરનુંદૂધ મેળવી ગરમ થાય ત્યારે બાકી દવાઓ મેળવી પાક કરી લેવા. ગટ્ટુ થાય ત્યારે ઉતારી એક બે દીવસ ખરલમાં ઘુંટી ગોળા વાળવા જેવુ થતાં ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી રાખવી. **પ્રમાણ:** બે ગોળી દરરોજ સવારે પાણી સાથે લેવાથી હરસનો રોગ મટે છે. એનાથી દસ્ત સાફ આવે છે.

૧૭ અર્શકુઠારરસ (૨) રસવંતી તો. ૮ હરડે તો. ૪ ગેરૂ તો. ૨ કાળાંમરી તો. ૧ **વિધી :** ખાંડી વસ્ત્રગાળ કરી બોડીઆકડાના રસથી ૨૧ દિવસ ઘુંટી કમળકાકડીના પ્રમાણની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** પાણીમાં ઘુંટીને લેવી. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** ૭ પ્રકારના અર્શનો નાશ કરે છે. દવા ચાલતી હોય તે દરમ્યાન મગનુંયુષ, ઘઉંનીરોટલી, છાસ. વગેરે પથ્ય રાખવું.

૧૮ અશ્વકંચુકીરસ : શુદ્ધપારદ તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવછનાગ તો. ૧ ત્રિકટુ તો. ૩ શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધનેપાળો તો. ૧ ત્રિફળા તો. ૩ **વિધી :** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં વસ્ત્રગાળ વસાણાં મેળવી ભાંગરાના રસની ૨૧ ભાવના આપી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** પાણી. **સમય :** જરૂર પડે ત્યારે. **ઉપયોગ :** જ્વર, ખાંસી, દમ, વગેરેમાં અપાય છે, પેટ સાફ લાવવાની જરૂર હોય ત્યાં શોધન તરીકે આ ગોળી સારું કામ કરે છે. કેટલાક આને ઘોડાચોળી પણ કહે છે. તાવમાં જુલાબ તરીકે ઉત્તમ છે.

૧૯ અષ્ટમૂર્તીરસ : સુવર્ણભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ નાગભસ્મ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ રૌપ્યમાક્ષિકભસ્મ તો. ૧ મનશિલ તો. ૧ પારદ તો. ૭ **વિધી :** લીંબુનારસમાં ઘુંટી ભુધરયંત્રમાં એક પહોર પુટ આપી બહાર કાઢી ઘુંટી બાટલી ભરી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ રતી. **અનુપાન :** મધ કે માખણ સાથે **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** ક્ષય પાંડુ રોગ તથા વિષમજ્વરનો નાશ કરે છે, અનુપાન ભેદથી ઘણા બ્યાન વ્યાધિઓમાં વાપરી શકાય છે.

૨૦ અમરસુંદરીવટી : શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળા, પીપરીમૂળ, રેણુંકબીજ, ચિત્રક, લોહભસ્મ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, શુદ્ધપારદ, શુદ્ધગંધક, શુદ્ધવછનાગ, વાવડીંગ, અક્કલકરો, નાગરમોથ, આ સર્વેનું ચૂર્ણ લઇ, પારદ ગંધકની કજ્જલી કરી તેમાં મેળવી પછી તેમાં જોઇતો જુનો નરમ ગોળ (આશરે તો. ૪૦ લેવો). હોય તે મેળવી ઘુંટી ચણાપુરની ગોળી બનાવી લેવી. **પ્રમાણ :** ૨ ગોળી. **અનુપાન :** પાણી કે રોગાનુસાર. **ઉપયોગ :** હીસ્ટીરીઆ, અપસ્માર, ઉન્માદ, હરસ, શ્વાસ. શરદી, ખાંસી અને સર્વે વાતરોગમાં અપાય છે.

૨૧ આનંદભૈરવરસ : શુદ્ધહીંગળો તો. ૧ વછનાગ તો. ૧ ત્રિકટુ તો. ૩ ટંકણખાર તો. ૧ ગંધક તો. ૧ **વિધી :** લીંબુનારસમાં ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** કડાછાલ અને ઇંદ્રિજવના કવાથ સાથે મધમાં ગોળી ચટાડી ઉપર કવાથ પાવો. **સમય :** સવાર. સાંજ. **ઉપયોગ :** અતિસાર, જ્વરાતિસાર શરદી, તાવ, વગેરેમાં સારૂં કામ કરે છે.

૨૨ આમકુઠારરસ : જાયફળ તો. ૧ ત્રિકટુ તો. ૩ ટંકણખાર તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ મોચરસ તો. ૧ વછનાગ તો. ૧ નાગરમોથ તો. ૧ કડાછાલ તો. ૧ ચિત્રક તો. ૧ ત્રિફલા તો. ૩ અતીવિષ તો. ૧ રાળ તો. ૧ જીરૂ તો. ૧ હિંગ તો. ૧ **વિધી :** પારદ ગંધકની કજ્જલી કરી. ક્રમવાર બધાં વસાણા મેળવી ભાંગરાનારસથી અથવા તેના કવાથથી ત્રણ દિવસ ઘુંટી ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** આદુનોરસ. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** આમશુળ અતિસાર. જુનીસંગ્રહણીનો નાશ કરે છે.

૨૩ આરોગ્યવર્ધનીગુટીકા નં. ૧ લો : શુદ્ધપારદ તો. ૧

શુદ્ધગંધક તો. ૧ લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ હરડેછાલ તો. ૨ બહેડાંછાલ તો. ૨ આમળાં તો. શિલાજીત તો. ૩ ગુગળ તો. ૪ ચિત્રકછાલ તો. ૪ કડુ તો. ૨ **વિધી:** પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરવી બાદ કાષ્ટીક ઔષધો ચૂર્ણ ખાંડી વસ્ત્રગાળ બનાવી લેવું. ગુગળને પાણીમાં ગાળી અંદ શિલાજીત મેળવી દેવો પછી કજ્જલીમાં ચૂર્ણ અને શિલાજીત તથ ગુગળ વગેરે અનુક્રમે મેળવી લીંબડાનારસથી ત્રણ દિવસ ઘુંટી સુકવ બાટલીમાં રાખવું અથવા ચણીબોર જેવડી ગોળી વાળવી. **પ્રમાણ** ૨ ગોળી. **અનુપાન:** દૂધ અથવા પાણી. **સમય:** સવાર, સાંજ **ઉપયોગ:** સોજા, લીવર, બરલ, ઉદરરોગ, કબજીયત, જીર્ણજ્વર પાંડુરોગ, મંદાગ્નિ, કુષ્ટરોગ, લોહીબિગાડ સોથ, મેદનો નાશ કરે છે દવા ચાલતી હોય ત્યારે દૂધ ભાત લેવા વધુ હિતકર છે.

૨૪ આરોગ્યવર્ધની નં. ૨: પારદ તો. ૧ ગંધક તો. ૧ તામ્રભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ ત્રિફલાચૂર્ણ તો. ૧૦ ચિત્રકચૂર્ણ તો. ૨૦ શુદ્ધગુગળ તો. ૨૦ શીલાજીત તો. ૧૫ કડુચૂર્ણ તો. ૭૦ પ્રથમની પાંચ ચીજોને બરાબર મેળવી પછી તેમાં ચૂર્ણો મેળવી ગુગળ તથા શીલાજીતને લીંબડાના [illegible] તેટલા રસમાં મેળવી તે રસ વડે આ ચૂર્ણને ખરલમાં નાખી ત્રણ દીવસ ઘુંટવું અને બરાબર લીંબડાનારસનો ઉપયોગ કરવો પછી ગોળી વાળવા જેવું થતાં ચણા જેવડી ગોળી વાળી તડકે સુકવીને બાટલીમાં ભરી રાખવું. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી અથવા દુધ સાથે. **ઉપયોગ:** સોજા, કબજીયત, ઉદરરોગ [illegible] રક્તવિકાર, જીર્ણજ્વર, યકૃતરોગ, મંદાગ્નિ, પાંડુ, નબળાઇ, [illegible] મટાડી ભૂખ લગાડે તથા લોહી સુધારે છે. આ દવા ઉપર [illegible] તેટલું દુધ વધારે લેવું.

૨૫ ઇચ્છાભેદીરસઃ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ ટંકણખાર તો. ૧ મરી તો. ૧ સુંઠ તો. ૧ શુદ્ધનેપાળો તો. ૩ **વિધીઃ** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં વસાણા મેળવી લીંબુનારસથી એક દીવસ ઘુંટી ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણઃ** ૧ થી ૨ ગોળી. **અનુપાનઃ** પાણી. **સમયઃ** જરૂર હોય ત્યારે. **ઉપયોગઃ** સખ્ત રેચની જરૂર હોય ત્યાં આ ગોળી અપાય છે. લોહીબિગાડ, ઉપદંશ, ખસ, બરલ. તાવ, જળોદર, વગેરેમાં આપવી. દસ્ત બંધ કરવા માટે ખીચડી, ઘી, છાશ અથવા સાકરવાળું પાણી પીવું.

૨૬ ઉદયભાસ્કરરસઃ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ તામ્રભસ્મ તો. ૮ શુદ્ધમનશીલ તો. ૩ શુદ્ધહરતાલ તો. ૨ ત્રિકટુ તો. ૧૨ વચ્છનાગ તો. ૨. **વિધીઃ** પારદ ગંધકની કજ્જલી કરી બાકીના વસાણાં મેળવી નગોડ, આદુ, ભાંગરો અને અરણીનારસની સાત સાત ભાવના આપી બરાબર સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણઃ** ૨ થી ૪ રતીભાર. **અનુપાનઃ** આદુનોરસ અથવા ત્રિકટુનુંચૂર્ણ. **સમયઃ** સવાર, સાંજ. **ઉપયોગઃ** પાંડુ, કમળો, સોજા, દાહ, સન્નિપાત, જ્વર, પ્રમેહ, પ્લીહા, જળોદર, સંગ્રહણી, કુષ્ટ, ધનુર્વાત, વગેરે વ્યાધીનો નાશ કરે છે. છાશ અને રાતા ચોખા પથ્ય તરીકે આપવા.

૨૭ ઉન્મત્તભૈરવરસઃ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધહીંગુલ તો. ૧ ગજપીપર તો. ૩ વચ્છનાગ તો. ૩ સુંઠ તો. ૩ શુદ્ધધતુરાનાંબીજ તો. ૩ જાયફળ તો. ૩ જાવંત્રી તો. ૩ લવીંગ તો. ૩ મરી તો. ૩ અક્કલકરો તો. ૩. **વિધીઃ** પારદ ગંધક અને હીંગળાની કજ્જલી કરી બાકીના વસાણાં વસ્ત્રગાળ બનાવી કજ્જલી સાથે મેળવી આદુનારસથી ત્રણ દીવસ સુધી ઘુંટી ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણઃ** ૧ થી ૨ ગોળી. **અનુપાનઃ** પીપર અને મધ સાથે **સમયઃ** સવાર, સાંજ. **ઉપયોગઃ** ક્ષય

શ્વાસ તથા તમામ જાતના કફરોગમાં સારૂં કામ કરે છે ઉપરાંત ધાતુપુષ્ટ પણ કરે છે.

૨૮ **ઉન્માદકુઠારરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ વજ તો. ૧ બ્રાહ્મી તો. ૧ શંખપુષ્પી તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૧. **વિધી:** યથાવિધી વસ્ત્રગાળ કરી ખરલમાં નાખી વજ, ધતુરો અને બ્રાહ્મીનોરસ અથવા કવાથથી એકેક દિવસ ઘુંટી બબ્બે રતીભારની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** વજ અને બ્રાહ્મીના સ્વરસ અથવા ક્વાથ સાથે **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** ઉન્માદ, અપસ્માર, હીસ્ટીરીઆ, વાતવ્યાધિ વગેરેનો નાશ કરે છે.

૨૯ **ઉપદંશગજકેસરીરસ:** લવંગ તો. ૧ શુદ્ધપારદ તો. ૧ મરી તો. ૧ અક્કલકરો તો. ૧ વાવડીંગ તો. ૧ રૂમીમસ્તકી તો. ૧ અજમોદ તો. ૪ ગોળ તો. ૪ બીલામ સારા નંગ ૪૦. **વિધી:** પ્રથમ પારદ અને અક્કલકરાને બે દિવસ ઘુંટવું બાદ તેમાં લવંગ અને અજમોદ મેળવી એક દિવસ ઘુંટવું બાદ ગોળ સિવાયની બધી વસ્તુઓ સાથે મેળવી લોઢાનીખાંડણીમાં બીલામાં સાથે કુટવુ તે જ્યાંસુધી બીલામાં બીલકુલ બધાની સાથે મળી જાય અને એકરસ થાય ત્યાંસુધી. બાદ ગોળ મેળવી ફરી એક વખત કુટી એકરસ કરી બબ્બે વાલની ગોળી વાળવી. **પ્રમાણ:**- ૨ ગોળી. **અનુપાન:** સ્વચ્છપાણી સાથે ગોળી ગળી જઈ ઉપરથી નાગરવેલનાપાનનું બીડું ખાવુ. **સમય:** એક વખત સવારના. **ઉપયોગ:** ઉપદંશ અને તેના વિકારથી થયેલા દરેક વ્યાધિ સાત દીવસમાં મટે છે. દુધભાતનું પથ્ય.

૩૦ **ઉપદંશહરવટી:** કાળીજીરી તો. ૧॥ ખેદાર તો. ૧॥ ચુનોગોળ તો. ૮॥ **વિધી:** ખરલમાં બરાબર ઘુંટી પંદર ગોળી બનાવવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર,

સાંજ. **ઉપયોગ:** ઉપદંશ અને ઉપદંશજનિત તમામ વ્યાધીમાં ઉત્તમ ઉપાય છે. પથ્ય તરીકે ઘી તથા ઘઉંનીરોટલી સિવાય બીજી વસ્તુ આપવી નહિ.

૩૧ એકાંગવીરરસ: શુદ્ધપારદ. શુદ્ધગંધક, કાન્તલોહભસ્મ, બંગભસ્મ. નાગભસ્મ, તામ્રભસ્મ, અભ્રકભસ્મ, પોલાદભસ્મ, શુંઠ, મરી, પીપર, સર્વ વસ્તુ સરખા વજને લેવી. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી ભસ્મો મેળવી ત્રિફલા, ત્રિકટુ, નગોડ, આદુ, સરગવો, કુષ્ટ, આંબળા, ઝેરકુચલા, આકડાનામુળનીછાલનો સ્વરસ અથવા ક્વાથની ત્રણ ત્રણ ભાવનાઓ આપી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૩ રતી. **અનુપાન:** મધ, આદુનોરસ. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** પક્ષાઘાત (લકવો), ધનુર્વાત. અર્ધાંગવાત, ગૃધસી. વિશ્વાચી, અપબાહુક વગેરે તમામ વાતવ્યાધિને મટાડે છે.

૩૨ કટુકાદિલોહ: કડુ તો. ૧ શુંઠ તો. ૧ મરી તો. ૧ પીપર તો. ૧ દન્તીમૂળ તો. ૧ વાવડીંગ તો. ૧ ત્રિફળા તો. ૩ ચિત્રક તો. ૧ દેવદાર તો. ૧ નસોતર તો. ૧ ગજપીપર તો. ૧ લોહભસ્મ તો. ૧૩. **વિધી:** ખાંડી બારીક વસ્ત્રગાળ કરી લેવું. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** દૂધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શોથરોગનો નાશ કરે છે.

૩૩ કનકસુંદરરસ: શુદ્ધહીંગળો તો. ૧ મરી તો. ૧ શુદ્ધગંધક તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ પીપર તો. ૧ શુદ્ધવચ્છનાગ નો ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૧. **વિધી:** કપડછાણ કરી ભાંગના સ્વરસ અથવા ક્વાથથી ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અતીસાર, સંગ્રહણી, અપચો વગેરેમાં સારૂં કામ કરે છે પથ્ય તરીકે છાશ, ભાતનુ ભોજન કરાવવું.

૩૪ કફકુઠારરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ ત્રિકટુ તો. ૩ જેઠીમધ તો. ૮ શુદ્ધધતુરાનાંબીજ તો. ૧ શુદ્ધઅંકોલ તો. ૧ કાકડાશીંગ તો. ૧ જાયફળ તો. ૧ અરીઠાનાંબીજ તો. ૧. **વિધી:** ઉપરની ચીજોને ખરલમાં નાખી બારીક વાટી નાગરવેલના પાનના રસની ૩ ભાવના, આદુનારસની ૩ ભાવના અને જેઠીમધના કવાથની ૭ ભાવના આપી ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** ગોળ ગરમ પાણી સાથે. **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** ખાંસી, દમ, શ્વાસ, કફ વગેરે માટે છે.

૩૫ કફકેતુરસ: પીપર, ફુલાવેલ ટંકણખાર, શુદ્ધવચ્છનાગ દરેક એકેક તોલો લઇ તેને આદુનારસમાં ખરલ કરી મગ પ્રમાણે ગોળી કરી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ તથા મધ સાથે. **ઉપયોગ:** ખાંસી શ્વાસ, કફનોરોગ, દાંતનાદરદો, ત્રિદોષ, કર્ણરોગ વગેરે માટે છે.

૩૬ કફચિંતામણીરસ: શુદ્ધહીંગળો ઇંદ્રજવ ટંકણખાર ભાંગનાબીજ, કાળાંમરી એ દરેક ચીજ એકેક તોલો રસસિંદુર તો. ૩ એ સર્વેને ખરલમાં વાટી આદુનારસમાં ઘુંટીને ચણા પ્રમાણના ગોળી કરવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** આદુનારસમાં અથવા ભારંગીનાકવાથ સાથે. **સમય:** દર ચાર ચાર કલાકે લેવી. **ઉપયોગ:** ખાંસી, દમ, કફનોમુંઝારો તેમજ ન્યુમોનીયા અને ઇન્ફલુએંઝામાં સારો ફાયદો કરી કફને છુટો કરે છે.

૩૭ કર્પુરરસ: શુદ્ધહીંગળો તો. ૧ શુદ્ધઅફીણ તો. ૧ નાગરમોથ તો. ૧ ઇંદ્રજવ તો. ૧ જાયફળ તો. ૧ કપુર તો. ૧ **વિધી:** ખરલમાં બારીક વાટી પાણી સાથે એકેક વાલની ગોળી કરી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી અથવ

મધ. સમય: સવાર, સાંજ. ઉપયોગ: જ્વરાતિસાર, અતિસાર, બધી જાતની સંગ્રહણી, રક્તાતિસાર, મરડો વગેરે મટે છે.

૩૮ કર્પૂરસુન્દરીવટી: કપુર તો. ૧ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ ધતુરાનાંબીજ તો. ૧ વરધારાનાંબીજ તો. ૧ અક્કલકરો તો. ૧ ત્રિકટુ તો. ૩ ચોપચીની તો. ૧ કાંકચબીજ તો. ૧ ભાંગ તો. ૫ અફીણ તો. ૫ વચ્છનાગ તો. ૨॥. વિધી: બધાનું વસ્ત્રગાળ બારીકચૂર્ણ કરી ભાંગનારસ અથવા કવાથની ૬ ભાવના આપી રતીભારના પ્રમાણમાં ગોળી વાળી સુકવી લેવી. પ્રમાણ: ૧ થી ૨ ગોળી. અનુપાન: પાણી. સમય: સવાર સાંજ. ઉપયોગ: વાતગ્રહણી, અર્શવિકાર, પ્રબળ અતિસાર, મંદાગ્નિનોનાશ કરે છે, કામ વૃદ્ધિ કરનાર છે, તેમજ અફીણના બંધાણીને બંધાણ છોડાવવા માટે ઉપયોગી છે.

૩૯ કલ્પતરૂરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ ટંકણખાર તો. ૧ મરી તો. ૮ સુંઠ તો. ૨ પીપર તો. ૨ વિધી: પારદ ગંધકની કજ્જલી કરી બીજી વસ્તુઓ કપડછાણ કરી કજ્જલીમાં મેળવી બે પહોર ઘુંટી બાટલીમાં ભરી રાખવું. પ્રમાણ: ૩ થી ૬ રતી. અનુપાન: આદુનોરસ અથવા મધ. સમય: સવાર, સાંજ. ઉપયોગ: વાતકફજ્વર, શ્વાસ, કાસ, મુખપ્રમેહ, અંગરૈસ, અગ્નિમાંદ્ય અને અરૂચીને દૂર કરે છે.

૪૦ કલ્યાણસુંદરરસ: અભ્રકરસ તો. ૧ પીપરીમુળ તો. ૧ શંખભસ્મ તો. ૧ ટંકણખાર તો. ૧. વિધી: લીંબુનારસમાં ઘુંટી ગોળો બનાવી કપડામાં બાંધી. હાંડલીમાં લીંબુનોરસ ભરી તેના દોરીયા તે ૬॥ લટકાવવો એટલે ડોલાયન્ત્રથી સ્વેદન ૧૨ કલાક કરી અઢાર ઘડી ઘુંટી ૭ ૭ રતીની ગોળી વાળી સુકવવી. પ્રમાણ: એક ગોળી

અનુપાન: જ્વરહર અનુપાન અથવા પાણી. **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** બધી જાતના તાવમાં વાપરી શકાય છે.

૪૧ કલ્યાણસુંદરરસ: રસસિંદુર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧. **વિધી:** બધાને સાથે ખરલમાં નાખી ચિત્રકના ક્વાથથી એક દિવસ ઘુંટી હસ્તિશુંડીનારસની સાત ભાવના આપી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** ગરમ પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ઉરઃતોય (પ્લુરસી) હૃદયરોગ, હૃદયનોવાયુ હૃદયમાંથી લોહી પડવું તેમજ ફેફસાની બધી બિમારી માટે ઉપયોગી છે.

૪૨ કસ્તુરીભુષણરસ: શુદ્ધપારદ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ શુંઠ તો. ૧ કસ્તુરી તો. ૧ પીપર તો. ૧ જનીમળ તો. ૧ ભાંગનાંબીજ તો. ૧ કપુર તો. ૧ મરી તો. ૧. **વિધી:** બારીક વસ્ત્રગાળ કરી બધાને સાથે મેળવી આદુનારસની સાત ભાવના આપી બબ્બે રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતશ્લેષ્મ, મંદાગ્નિ, ત્રિદોષજનિત ઘોરકાસ શ્વાસ, ક્ષય, શોથ, વિષમજ્વર આદિનો નાશ કરે છે. શુક્ર અને ઓજની વૃદ્ધિ કરે છે.

૪૩ કસ્તુરીભૈરવરસ (બ્રહત્) કસ્તુરી, કપુર તામ્રભસ્મ ધાવડીનાંફુલ, કૌંચબીજ, ચાંદીભસ્મ, સવર્ણભસ્મ, મુક્તાભસ્મ પ્રવાલભસ્મ, લોહભસ્મ, કાળીપાટ, વાવડીંગ નાગરમોથ, સુંઠ, કે હરતાલશુદ્ધ, અભ્રકભસ્મ, આંબળા આ સર્વ સમભાગે લઈ વિધિસર મેળવી પછી પાકેલા આકડાનાપાનનારસમાં બે દિવસ ઘુંટી મર્દન કરી રતીભારની ગોળી બનાવી છાંયે સુકવી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ. **ઉપયોગ:** દરેક પ્રકાર

તાવ, ત્રિદોષ, મૂર્ચ્છા, સંગ્રહણી, મરડો, ખાંસી, પ્રમેહ, પાંડુ, જીર્ણજ્વર. આંચકી, નવોતાવ તથા અત્યંત નબળાઇમાં ખાસ ઉપયોગી છે.

૪૪ કસ્તુરીભૈરવરસ (મધ્યમ): બંગભસ્મ તો. ૧ જસતભસ્મ તો. ૧ કસ્તુરી તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ કાન્તલોહભસ્મ તો. ૪ ધતુરાનુંધન તો. ૨ રસસિંદુર તો. ૨ લવંગ તો. ૨ જાયફળ તો. ૨ કપુર તો. ૨ ત્રિકટુ તો. ૨ **વિધી:** કપુર અને ત્રિકટુ સિવાયની દરેક વસ્તુને યથાવિધી મેળવી, દ્રોણપુષ્પી તથા નાગરવેલના પાનનારસની સાત સાત ભાવના આપ્યા બાદ ત્રિકટુ અને કપુર મેળવી અકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતોલ્વણ સન્નિપાત, મહાશ્વાસ, શ્લેષ્મરોગ ત્રિદોષજ્નીતઘોરસન્નિપાત, વિકૃતગર્ભાશય વિકૃતશુક્રમેહ, વિષમજ્વર, ક્ષય. શ્વાસ, ગુલ્મ, આદિ ઘણા રોગને દૂર કરે છે.

૪૫ કસ્તુર્યાદિસ્થંભન: કસ્તુરી તો. ०। કેશર ઉંચી જાતનું તો. ०॥ જાયફળ તો. ०। લવીંગ તો. ०। અફીણ તો. ०॥। ભાંગ તો. ૧॥। મધની અંદર ઘુંટી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** મધમાં ગોળી ચાટી ઉપર ગરમ કરી ઠારેલું દૂધ પીવું. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ** વિર્યશ્રાવને મટાડે છે ધાતુ સ્થંભન કરે છે તેમજ ઓજસ, કાંતિ અને શક્તિની વૃદ્ધિ કરે છે.

૪૬ કામદુઘારસ: ગળોનુંસત્વ તો. ૪ સોનાગેરૂ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ બારીક વસ્ત્રગાળ બનાવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૪ થી ૬ રતી. **અનુપાન:** ચોખાનુંધોણ અથવા મધ અને માખણ અથવા દૂધ અને સાકર. **સમય:** સવાર, સાંજ.

ઉપયોગ: પ્રદરરોગ, પિત્તપ્રકોપ પ્રમેહ, ઉષ્ણતા તથા ગર
લગના વ્યાધિમાં ઠંડક લાવનાર છે.

૪૭ કામદેવરસ રસસિંદુર તો. ૧ રૌપ્યભસ્મ તો.
હીંગળો તો. ૩ નાગભસ્મ તો. ૪ અભ્રકભસ્મ તો. ૫ લોહભસ્મ તો.
બંગભસ્મ તો. ૭ **વિધી:** ખરલમાં નાખી ધતુરો, ભાંગ અને મુસ
તેના સ્વરસ અથવા ક્વાથની સાત સાત ભાવના આપી સુકવી બાટ
ભરી લેવી. **પ્રમાણ:** ૩ રતી. **અનુપાન:** મધમાં ચાટી ઉપર
પીવું. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સ્વપ્નશ્રાવ. વિર્યદો
ક્ષય. નબળાઇને મટાડી નવું પુરૂષાતન આપી વિર્ય સ્થંભન કરે

૪૮ કામધેનુરસ: રસસિંદુર તો. ૧ અભ્રકભસ્મ તો.
નાગભસ્મ તો. ૧ શુદ્ધકપુર તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો.
જસતભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ **વિધી:** ખરલમાં નાખ
એક દિવસ ખાલી ઘુંટી બીજે દિવસે કમળનાંફુલનારસથી ઘુંટવું
સુકાયાબાદ વસ્ત્રગાળ કરી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ રતી.
અનુપાન: પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વીસ
પ્રકારના પ્રમેહ ખાસ કરી શુક્રમેહ, જીર્ણજ્વર, રાજ્યક્ષ્મા અને
શરીરની ક્ષીણતાને દૂર કરે છે.

૪૯ કામિનીવિદ્રાવણરસ: અક્કલકરો તો. ૧ સુંઠ તો. ૧
લવીંગ તો. ૧ સમુદ્રશોષનાંબીજ તો. ૧ પીપર તો. ૧ જાયફળ
તો. ૧ જાવંત્રી તો. ૧ સફેદચંદન તો. ૧ શુદ્ધહીંગળો તો. ૦। શુદ્ધગંધક
તો. ૦। અફીણ તો. ૦॥ **વિધી:** બારીક વસ્ત્રગાળ કરી પાણીથી
ચણા ચણા જેટલી ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨
ગોળી ખાઇ ઉપર દુધ પીવું. **સમય.** રાત્રીના સ્ત્રીસંયોગથી ચાર
કલાક અગાઉ. **ઉપયોગ:** વિર્યનું સ્થંભન કરી રતીસુખમાં ઘણો
આનંદ આપનાર છે.

૫૦ કામિનીમદભંજનરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૨ પારદ ગંધકની કજ્જલી કરી ધતુરાનાંબીજ મેળવી પછી ધતુરાનાતેલથી ઘુંટી ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** સાકર સાથે, અથવા મધ સાથે લઇ ઉપર દૂધ પીવું. **સમય:** સ્ત્રીસંયોગ પહેલાં બે કલાક અગાઉ. **ઉપયોગ:** સંયોગ વખતે વિર્યની રૂકાવટ કરી સ્ત્રીના મદનું ભંજન કરનાર છે. ઉતાર તરફિ લીંબુ વપરાય છે.

૫૧ કાલારિરસ: શુદ્ધપારદ તો. ૩ શુદ્ધગંધક તો. ૩ શુદ્ધવચ્છનાગ તો. ૩ પીપર તો. ૧૦ લવીંગ તો. ૪ શુદ્ધધતુરાનાંબીજ તો. ૩ ટંકણખાર તો. ૩ જાયફળ તો. ૫ મરી તો. ૫ અક્કલકરો તો. ૩. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજા વસાણાનું બારીક વસ્ત્રગાળચૂર્ણ બનાવી મેળવવું. બાદ કેરડાનીકુંપળ. આદુ અને લીંબુના સ્વરસની અકેક ભાવના આપી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ અને મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સન્નિપાતમાં ખાવામાં તથા નસ્ય દેવા માટે ઉપયોગી છે.

૫૨ કાસકેસરીરસ: શુદ્ધગંધક તો. ૧ ત્રિકટુ તો. ૩ અભ્રકભસ્મ તો. ૧ કડુ તો. ૧ માણેકરસ (હરતાલમાંથી બનાવેલ) તો. ૧. **વિધી:** વસ્ત્રગાળ બનાવી પંચકોલ (પીપર, પીપરીમૂળ સુંઠ, ચવક, ચિત્રકોના કવાથમાં ત્રણ દિવસ ઘુંટી અંધમૂષામાં રાખી ભુધરયંત્રમાં લઘુ આંચથી પકાવવું, ત્યારબાદ બહાર કાઢી પાણીમાં બબ્બે રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મધ. **સમય:** સવાર. સાંજ **ઉપયોગ:** ઉર્ધ્વશ્વાસ, કાસ. રક્તવિકાર, કુંટ અને ત્વકરોગ વગેરેનો નાશ કરે છે.

૫૩ કુમારકલ્યાણરસ: રસસિંદુર તો. ૧ મોતીનાપીટો તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧

નાગરમોથ તો. ૧ અતીવિષ તો. ૧ લીંબડાનીકુંપળો તો. ૧ કુલઓ તો. ૧ તામ્રભસ્મ તો. ૦।. **વિધી:** બધાને વાટી ઘુંટી વસ્ત્રગાળ બારીક બનાવી લેવું. **પ્રમાણ:** ૨ થી ૬ રતી સુધી. **અનુપાન:** દવા પાણીમાં નાખી માટીની ઠીકરી ગરમ કરી તે પાણીમાં ઝબોળી ઉપર વાસણ ઢાંકી દેવું બાદ દવા પાવી. **સમય:** સવાર, બપોર અને સાંજ. **ઉપયોગ:** કૃમીરોગ, જ્વર, છર્દી, અતિસાર. અગ્નિમાંદ્ય, કાસ, શ્વાસ વિગેરે બાળકોના ઘણા વ્યાધિઓ આ દવાથી મટે છે.

૫૭ ક્રમીકુઠારરસ: કપુર તો. ૮ અજમો તો. ૧ વાવડીંગ તો. ૧ કેશર તો. ૧ પીતપાપડો તો. ૧ ત્રાયમાણ તો. ૧ કડાછાલ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧. **વિધી:** દરેક દવાનું ચૂર્ણ લઇ ખરલમાં ઘુંટી તેને પ્રથમ બ્રાહ્મી પછી ભાંગરો પછી ઉંદરકનીનારસની અથવા ક્વાથની એકેક ભાવના આપી એકેક રતીભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મધ અથવા વાવડીંગનોકવાથ **સમય:** જરૂર જણાય ત્યારે અથવા દરરોજ સવારમાં. **ઉપયોગ:** પેટનાંકૃમી. અજીર્ણ, ચૂંક મોળ, વાયુ, ઝાડા, ઉલટી, કોલેરા વગેરેમાં સારો ફાયદો બતાવે છે.

૫૮ ક્રમિમુદગરરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ અજમો તો. ૩ વાવડીંગ તો. ૪ ખાખરાનાંબીજ તો. ૫ શુદ્ધઝેરકુચલા તો. ૬. **વિધી:** પારદ ગંધકની કજ્જલી બનાવી બાકીનાં દ્રવ્યો મેળવી મધની અંદર ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** ઉંદરકનીનોકવાથ અથવા પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સમસ્ત ક્રમીરોગનો નાશ કરે છે. તરસ ઘણી લાગે તો વાવડીંગ અને નાગરમોથનોકવાથ પીવરાવવો.

૫૯ ક્રવ્યાદરસ: શુદ્ધપારદ તો. ૪ શુદ્ધગંધક તો. ૪ કજ્જલી કરી તેમા લોહભસ્મ તો. ૨ તામ્રભસ્મ તો. ૨ ઘુંટી તેના પર્પટી

મગના દાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** ઘીમાં રાખી ગળી જવી (ચાવવી નહિ). **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** ઉપદંશ, ફીરંગ, ચાંદી, રક્તવિકાર વગેરે ગરમીના ભયંકર દરદો આ દવાના થોડાજ વખતના સેવનથી મટે છે. **સૂચના:** આ દવા ચાલે ત્યાંલગી પરેજી બરાબર રાખવી. ખોરાકમાં દૂધ, ઘી, સાકર ઘઉંનીરોટલી લેવી. બાકી તમામ બંધ કરવું. અપથ્ય નજ થાય તેની સંભાળ રાખવી. દવા દાંતે ન લાગે તેની સંભાળ રાખવી.

૬૨ ગગનાદિલોહ: અભ્રકભસ્મ તો. ૧ ત્રિફલા તો. ૩ લોહભસ્મ તો. ૧ કડાછાલ તો. ૧ ત્રિકટુ તો. ૩ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ સાજીખાર તો. ૧ તમાલપત્ર તો. ૧ તજ તો. ૧ એલચી તો. ૧ બંગભસ્મ તો. ૧ જીરૂં તો. ૧ શાહજીરૂં તો. ૧ ચિત્રકમૂળ તો. ૯. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી ભસ્મો તથા કાષ્ટીક ઔષધો વસ્ત્રગાળ બનાવી કજ્જલી સાથે મેળવી દેવાં. એક દિવસ ઘુંટી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ વાલ. **અનુપાન:** મધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** મુત્રાતિસાર અને સોમરોગનો નાશ કરે છે.

૬૩ ગંડમાલાકંડનરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૦॥ તામ્રભસ્મ તો. ૧॥ મંડુરભસ્મ તો. ૩ ત્રિકટુ તો. ૬ સિંધવ તો ૦॥ કાચનારનીછાલનુચૂર્ણ તો. ૧૨ સારો ઉંચીજાતનો ગુગળ તો. ૧૨ **વિધી:** પ્રથમ લોઢાનીખાંડણીમા ગાયનુઘી લેપન કરી ગુગળને નાખી કુટવો જ્યારે ગુગળ પાતળો થઇ જાય ત્યારે બીજાં વસાણા તથા ભસ્મો અનુક્રમે મેળવી એક રસ થયે બોર જેવડી ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** કાચનાર તથા વરુણાદીકષાયના

એરંડાનાપાનપર ઢાળી લેવી. પછી તેને વાટી લીંબુનારસની તથા સુંઠ, ચવક, ચિત્રક, પીપર, પીપરીમૂળ (પંચકોલ)ની એક ભાવના આપી ત્યારબાદ તેમાં ટંકણખાર, બીડલવણ અને મરી એકેક તોલો મેળવી પછી ચણાનાખારની અથવા તે ન મળે તો લીંબુનારસની સાત ભાવના આપી સુકવી મરી જેવડી ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી, છાશ કે સિંધવ સાથે. **ઉપયોગ:** અજીર્ણ, ઉલટી, શૂળ, વાયુ, ઝાડા, ગોળો, મંદાગ્નિ, બરલ, કમ્જીઅન તથા સર્વ ઉદરરોગ મટાડે છે.

૬૦ કેસરાદિવટી: કેસર તો. ૧ મરી તો. ૧ ચંદન તો. ૧ રસકપુર તો. ૧ સાકર તો. ૧ લવંગ તો. ૧ પુનર્નવાનાંમૂળ તો. ૧. **વિધી:** બરાબર વસ્ત્રગાળ બનાવી પુનર્નવાનારસથી ઘુંટી એક રતીની ગોળી વાળી સુકવી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** માખણમાં લપેટી ગળી જવી ઉપર અનંતમૂળનોકવાથ પીવો. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** ઉપદંશ જન્ય સર્વે વિકાર, વ્રણ, ચાંદી, ભગંદર, રક્તવિકાર એ સર્વે રોગને દૂર કરે છે. **સુચના:** દવા ચાલતી હોય ત્યારે સખત પરેજી રાખવી. ઘઉં, ઘી, સાકર દૂધ, ભાત સિવાય કંઇ બીજું આપવું નહિ.

૬૧ કેસરાદિવટી સ્પેશીયલ: ગોમેદ તો. ૧ [illegible] [illegible] ૧ રસકપુર તો. ૧ [illegible] તો. ૧ આ ચારે ચીજોને બરાબર [illegible] [illegible] તેના ઉપર વાટી નાખી ઘુંટવું. ત્રણ દિવસ ઘુંટતા [illegible] [illegible] [illegible] તેના ફુલ ઉતારી લેવા. આ ફુલ મેળા [illegible] [illegible] [illegible] [illegible] ખરલમાં ઘુંટી [illegible] રીતે ફુલ [illegible] [illegible] રસકપુર કેસરાદિવટીમાં વાપરવો. **પાઠ:** [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. રસકપુરનોઉદ્ગાર (ઉપર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેમાંથી [illegible] [illegible]

ટેવ હોય તો તે મટી જાય છે. બાળક તંદુરસ્ત અવતરે છે અને ગર્ભિણી સ્ત્રીની શક્તિ કાયમ રાખે છે. **સૂચના:** ગર્ભિણીના કોઇપણ વ્યાધીમાં યોગ્ય અનુપાન સાથે દવા વાપરી શકાય છે.

૬૭ ગર્ભચિન્તામણીરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૨ કપુર તો. ૧ બંગભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ ગોખરૂ તો. ૧ શતાવરી તો. ૧ બલા તો. ૧ અતીબલાનીજડ તો. ૧. **વિધી:** પારદ વગેરેને એક પછી એક ખરલમાં નાખતા જવું અને ઘુંટવું. દરેક વસ્તુ એ પ્રમાણે મેળવી શતાવરીના સ્વરસ અથવા પાણીથી ઘુંટી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સન્નિપાતમાં અપાય છે તેમજ ગર્ભિણીસ્ત્રીનો જ્વર, દાહ, પ્રદર અને સૂતિકારોગમાં ઠીક કામ કરે છે.

૬૮ ગર્ભચિન્તામણીરસ (મહા) શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ માણેકરસ (હરતાલમાંથી બનાવેલો) તો. ૧ બંગભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરવી બાદ દરેક ભસ્મો કજ્જલી સાથે અેક મેળવી એક પહોર ઘુંટવું બાદ બ્રાહ્મી, વજ, ભાંગરો, પિત્તપાપડો, દશમૂળ દરેક વનસ્પતિના ક્રમથી સાત સાત ભાવના આપી અેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** દ્રાક્ષનોરસ અથવા દુધ કે પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ગર્ભિણીના તમામ વ્યાધિને મટાડે છે. સગર્ભાવસ્થામાં જ્યારે બીજા ઔષધો આપવા દરેક આવવાનો ભંજર હોય ત્યારે આ ઔષધો નિર્ભય રીતે વાપરી શકાય છે.

ક્વાથ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ગલગંડ, કંઠમાળ ગળગુન્ડી અને અપચી આદી રોગો આ રસથી જલદી સારા થાય છે.

૬૪ ગંધકરસાયન: શુદ્ધગંધક તો. ૪૦ લઇ તેને દૂધ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, ગળો હરડે, બહેડાં, આમળાં, ભાંગરો, આદુ એ પ્રત્યેકની સાત સાત ભાવના આપી સુકવી પછી સરખા વજને સાકર મેળવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૪થી ૮ વાલ **અનુપાન:** દૂધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** કૃશતા, કંડુ, પામા, વિસ્ફોટ, પાંડુરોગ, અર્શ, જીર્ણજ્વર, પ્રમેહ, વાતરોગ, ધાતુક્ષય, મંદાગ્નિ રક્તદોષ વગેરે મટે છે.

૬૫ ગંધકરસાયન (૨) ત્રિફલાનુચૂર્ણ તો. ૪ શુદ્ધગંધ તો. ૨ લોહભસ્મ તો ૧ દરેક ચીજને સાથે ઘુંટી વસ્ત્રગાળ કરી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૪ થી ૮ વાલ **અનુપાન:** મધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતવિસ્ફોટક રક્તદોષ ઉપદંશ અને શૂળનો નાશ કરે છે.

૬૬ ગર્ભપાળરસ: શુદ્ધ તો. ૧ મરી [illegible] તો. ૧ તજ તો. ૧ તમાલપત્ર તો. ૧ એલચી તો. [illegible] તો. ૧ વાયવડીંગ તો. ૧ ચવક તો. ૧ દ્રાક્ષ તો. ૧ [illegible] ભસ્મ તો. ૧ બંગભસ્મ તો. ૧ શુદ્ધહીંગળો તો. [illegible] **વિધી:** સર્વે ઔષધોનું ચૂર્ણ લઇ તેમાં ભસ્મો [illegible] તેને [illegible]ની સાત ભાવના આપવી [illegible] ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** [illegible] દીવસમાં બે વખત. **અનુપાન:** [illegible] [illegible] [illegible] **ઉપયોગ:** [illegible] [illegible]

ઉપયોગ : અજીર્ણ, આમ, ગુલ્મ, હૃદયશૂળ, પાર્શ્વશૂળ, ઉદરશૂળ આદિ વ્યાધીનો નાશ કરે છે.

૭૩ ગ્રહણીકપાટરસ : ત્રિકટુ તો. ૩ ફુલાવેલ ટંકણખાર તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ કોડીભસ્મ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો ૧. બધાને સાથે ખરલમાં નાખી લીંબુનારસથી ઘુંટી ત્રણ ત્રણ રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ :** ૨ થી ૪ ગોળી. **અનુપાન :** મરી, ઘી અને સાકર સાથે લેવી. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** સંગ્રહણી અને ઝાડાના રોગમાં સારી છે.

૭૪ ગ્રહણીવજ્રકપાટરસ : રસસિંદુર તો. ૧ શુદ્ધગંધક તો. ૧ યવક્ષાર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ વજ તો. ૧ અરણી તો ૧ ટંકણફુલાવેલ તો. ૧. વિધીસર સાથે મેળવી ખરલમાં ઘુંટી તેને અરણી, બીજોરૂં તથા ભાંગરાનારસની એકેક ભાવના આપી ઘુંટી ગોળો બનાવી લેવો. પછી તેને સુકવી પાનમાં લપેટી કપડમાટી કરી તે ગોળાને એક હાંડલીમાં રાખી બંધ કરી અર્ધ પ્રહર મંદ આંચ આપી ઉતારી ઠંડુ થયે ખોલી વાટી ખરલમાં ઘુંટી લઇ તેને ફરીથી અરણીનારસની, સેમળાનાંમૂળના કવાથની તથા ભાંગરાનારસની સાત સાત ભાવના આપી ઘુંટી ચણા પ્રમાણે ગોળી વાળી રાખવી. **પ્રમાણ :** ૩ થી ૬ રતીભાર. **અનુપાન :** મધ સાથે. **ઉપયોગ :** સંગ્રહણીરોગ મટે. જુના ઝાડાના રોગ માટે ઉત્તમ છે.

૭૫ ગ્રહણીગજકેસરીરસ : શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ લોહભસ્મ તો. ૧ જાયફળ તો. ૧ ધાવડીનાંફુલ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧ [illegible] તો. ૧ જીરૂ તો. ૧ સુંઠ તો. ૧ સિંધવ તો. ૧ આંબાનીગોટલી તો. ૧ [illegible] તો ૧ મોચરસ તો. ૧ બીલાંનોગર્ભ તો. ૧ નાગરમોથ તો. ૧ અતિવિષ તો. ૧ અફીણ તો. ૭ અભ્રકભસ્મ તો. ૨૫.

૧૭૬ મહામૃત્યુંજયલોહ: લોહભસ્મ તો. ૪ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો ૧ અભ્રકભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ જવખાર તો. ૧ સાજીખાર તો. ૧ બીડલવણ તો. ૧ સિંધાલુણ તો. ૧ કોડીભસ્મ તો. ૧ શંખભસ્મ તો. ૧ ચિત્રક તો. ૧ શુદ્ધમનશીલ તો ૧ શુદ્ધહરતાલ તો. ૧ હીંગ તો. ૧ કડુ તો. ૧ રોહીતછાલ તો. ૧ નસોતર તો ૧ આંબળા તો. ૧ ઈંદ્રવારણીનાંમૂળ તો. ૧ ધાવડીફુલ તો ૧ કુઠ તો. ૧ અઘેડાનાંબીજ તો. ૧ એરંડમૂળ તો. ૧ અમ્લવેતસ તો ૧ દારુહળદર તો ૧ દારુહળદર તો. ૧ ધતુંરા તો. ૧ ઈંદ્રજવ તો. ૧ દારૂહળદર તો. ૧ અજમોદ તો. ૧ અજમો તો. ૧ સરપુંખમૂળ તો. ૧ કુવાડીઆનાંબીજ તો. ૧ રક્તચંદન તો. ૧. આ દરેક ચીજ ચુર્ણ

બારીક કરી વિધીસર મેળવી તેને ખરલમાં નાખી પ્રથમ ગળોનોરસ, આદુનોરસ એની એકેક ભાવના આપી સુકવી પછી મધ સાથે મેળવી ગોળી ચણા જેવડી કરી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** બરલ, ખાંસી, જીર્ણજ્વર, વિષમજ્વર, શ્વાસ, અર્શ, યકૃતરોગ, સોજા, નબળાઇ, હૃદયરોગ તથા ઉદરરોગ મટાડે છે.

૧૭૭ મલ્લપર્પટી: સફેદરાલ તો. ૧ શુદ્ધસોમલ રતી ૧૨. **વિધી:** પ્રથમ રાલને બારીક વાટી તેને લોઢાના વાટકામાં ઘી લગાડી તેમાં નાખી ગરમ કરવું. રસ થાય ત્યારે નીચે ઉતારી તેમાં સોમલનું બારીક ચૂર્ણ મેળવી તેને પર્પટી માફક કેળના પાનપર ઢાળી લેવું. પછી બારીક વાટી બાટલીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૦॥ રતીભાર. **અનુપાન:** મધ અથવા રોગાનુસાર. **ઉપયોગ:** કફવાતરોગ, મનિક્રમ, ઉલટી વગેરે રોગોમાં અથવા જ્યાં મલ્લ વાપરવું ઉચિત હોય ત્યાં બુદ્ધિ અનુસાર વાપરવી. **સૂચના:** આ ઉપાયમાં સોમલ આવે છે માટે બનાવતી વખતે ધુમાડો ન લાગે તેની સાવધાની રાખી તાપ ધીમો કરવો, તથા વાપરતી વખતે પ્રમાણ ઠીક ધ્યાનમાં લઇ વાપરવું.

૧૭૮ મદનમંજરીવટી: અભ્રકભસ્મ તો. ૪ બંગભસ્મ તો. ૨ રસસિંદુર તો. ૧ શતાવરી તો. ૭ તજ તો. ૨ એલચી તો. ૨ તમાલપત્ર તો. ૨ નાગકેશર તો. ૨ જાયફળ તો. ૨ મરી તો. ૨ સૂંઠ તો. ૨ લવંગ તો. ૨ જાવત્રી તો. ૨ પીપર તો. ૨ સાકર તો. ૩૮. **વિધી:** ખાંડી બારીક વસ્ત્રગાળ કરી ગોળી વળે તેટલું મધ તથા ઘી નાખી પા પા તોલાની ગોળી વાળવી અગર અવલેહ રહેવા દેવો. **પ્રમાણ:** ૧ તોલો. **અનુપાન:** સાકરવાળું દૂધ. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** ઉત્તમ વાજીકરણ છે તેમજ શક્તિ. પુષ્ટિ, અગ્નિ અને વિર્ય વધારનાર છે. ખાંસી, ક્ષય મટાડે છે.

૧૭૯ મેહમુદ્દગરરસ: રસવંતી, બીડલવણ, દેવદાર, બીલીફળ, ગોખરૂમોટાં, દાડમબીજ, કરીઆતું, પીપરામૂળ, શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળા, નસોતર. એ સર્વને વિધીસર મેળવી. જરા ઘીવાળો હાથ કરી ચણા પ્રમાણે ગોળી બનાવી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી. **ઉપયોગ:** બધી જાતના પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પાંડુ, જીર્ણજ્વર, કમળો, રક્તપિત, આમ, સંગ્રહણી, મંદાગ્નિ, અરૂચી વગેરે મટે.

૧૮૦ મૃગાંકરસ: શુદ્ધપારદ, સુવર્ણભસ્મ એ બન્ને એકેક તોલો, મોતીનીપીષ્ટી તો. ૨ શુદ્ધગંધક તો. ૨ ફુલાવેલટંકણખાર તો. ૧. સર્વને ખરલમાં વિધીસર મેળવી તેમાં કાંજીની ભાવના આપી એક બે દિવસ મર્દન કરી લેવું. પછી તેનો ગોળો બનાવી એક સરાવમાં રાખી કપડમાટી બરાબર કરી એક હાંડલીમાં મીઠું (લવણ) ભરી તેની વચ્ચે એ સંપુટ રાખી ઉપર મીઠું રાખી બંધ કરી હાંડલીના મોઢાને ઢાંકણીથી બંધ કરી સાંધને બરાબર ચોડી બંધ કરી દેવું. પછી તે હાંડલીને ચુલાપર મુકી ૧૨ કલાક અગ્નિ આપવો. ઠંડુ થયે ઉતારી સંભાળપૂર્વક તેમાંથી રસ કાઢી ઘુંટી રાખવો. **પ્રમાણ:** ૨ રતીભાર. **અનુપાન:** કાળામરી અથવા પીપર તથા મધ સાથે યોગ્ય લાગે તે. **ઉપયોગ:** ક્ષય નબળાઇ, ધાતુક્ષીણતા તથા અત્યંત ઉપદ્રવ સાથેનો રાજ્યક્ષ્મા આ દવા વેળાસર આપવાથી મટે છે. **પથ્ય:** સાદો અને પૌષ્ટિક ખોરાક, આરામ અને આનંદમાં રહેવું. ખપે તેણે માંસનો ઉપયોગ પણ કરવો. તેલ, વેંગણ, કારેલા ખટાશ વગેરે બંધ રાખવું.

૧૮૧ મૃગાંકવટીકા: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ ત્રિકટુ તો. ૩ ત્રિફલા તો. ૧ ચવક તો. ૧ તાલીસપત્ર તો. ૧

પીપર તો. ૧ લાલકમળ તો. ૧ પીપળાનીલાખ તો. ૧ **વિધી:** અરડુસીના પંચાગના ક્વાથની પાંચ ભાવના આપી ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** લાલકમળ, અરડુસી, પીપર અને ઉંબરાનાક્વાથ સાથે **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતિક, પૈતિક, શ્લેષ્મીક સન્નિપાતિક, કાસ, શ્વાસ, જ્વર, રક્તનિષ્ઠીવન, તૃષા, દાહ, પ્રમેહ ભ્રમ, વમન, પ્લીહા ગુલ્મ, ઉદર, આનાહ, કૃમિ, કંડુ આદિ ઘણા રોગોનો નાશ કરે છે.

૧૮૨ મૃત્યુંજયરસ. શુદ્ધહિંગળો તો. ૨ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવછનાગ તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ મરી તો. ૧ પીપર તો. ૧ આ સર્વને વિધીસર મેળવી લીંબુનારસમાં ઘુંટી મગ જેવડી ગોળી બનાવી સુકવી રાખવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** પાણી કે આદુનોરસ. **ઉપયોગ:** તમામ જાતના તાવ અને ખાસ કરીને પેટના વિકારથી આવના નવા તાવ માટે ઉત્તમ છે. ત્રિદોષના તથા સામાન્ય તાવમાં પણ ઉપયોગી છે.

૧૮૩ યોગેશ્વરરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ લોહભસ્મ તો. ૧ નાગભસ્મ તો. ૧ પીળીકોડીનીભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ બંગભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ એલચી તો. ૨ તમાલપત્ર તો. ૨ નાગરમોથ તો. ૨ વાવડીંગ તો. ૨ નાગકેશર તો. ૨ રેવંચીબીજ તો. ૨ આંબળા તો. ૨ પીપરીમૂળ તો. ૨ **વિધી:** બધાં ઔષધોને બારીક વસ્ત્રગાળ કરી ખરલમાં નાખી આંબળાનારસની ચાર ભાવનાઓ આપી ચણા જેવડી ગોળીઓ વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** રોગાનુસાર અથવા પાણી સાથે **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** પથરી, મધુમૂત્ર, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, અનેક જાતના કંઠરોગ, હરસ અને જલંદરનો નાશ કરે છે.

૧૮૪ રસેન્દ્રગુટીકા : શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ હરતાલભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ શુદ્ધવછનાગ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ સાજીખાર તો. ૧ ટંકણખાર તો. ૧ જવખાર તો. ૧ ધતુરાનાંબીજ તો. ૧ મરી તો. ૧ **વિધી :** ખરલમાં ખુબ બારીક ઘુંટી જયંતિ, ચિત્રક, માનકંદ, જંગલીસુરણ, બ્રાહ્મી, ભાંગ, ભાંગરો, કાળોભાંગરો, આદુ, અને નગોડનારસની એકેક ભાવના આપી મગ જેવડી ગોળી વાળીને સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** આદુનોરસ. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** ૭ પ્રકારની ઉધરસ, હેડકી, શ્વાસ, ક્ષય, ભગંદર, મંદાગ્નિ, અરૂચી, શોથ ઉદરરોગ, પાંડુ અને કમળાને મટાડે છે. મધુર અને સ્નિગ્ધ પદાર્થોનું સેવન કરવું, રૂક્ષ પદાર્થ ત્યાગવા.

૧૮૫ રત્નગીરીરસ : શુદ્ધપારદ શુદ્ધગંધક તામ્રભસ્મ, અભ્રકભસ્મ, સુવર્ણભસ્મ એ પાંચ ચીજ એકેક તોલો, લોહભસ્મ તો. ૦ાા વૈક્રાંતભસ્મ તો. ૦ા બધાને વિધીસર સાથે મેળવી ભાંગરાનારસ વડે મર્દન કરી પર્પટીની રીતે ઢાળી લેવું. પછી તેને ખરલમાં ઘુંટી લઈ સરગવો, અરડુસી, નગોડ, વજ, ચિત્રક, ભાંગરો ગોરખમુંડી, કાસ, અરણી, ગળો, અગથીઓ, બ્રાહ્મી તથા કુંવાર, આટલી ચીજોનો ક્વાથ કે સ્વરસ જુદા જુદા લઇ તેની દરેકની ત્રણ ત્રણ ભાવના આપી સુકવી એક કુંપામાં ભરી બંધ કરી કપડમાટી કરી લેવી બાદ તેને વાલુકાયંત્રમાં રાખી લઘુ પુટ આપી દેવા, ને જે દવા તૈયાર થાય તે સંભાળી કાઢી સુકવી વાટી લેવી. **પ્રમાણ :** ૧ રતી **સમય :** ચાર ચાર કલાકે. **અનુપાન :** પીપર તથા મધના સાથે. **ઉપયોગ :** એના ઉપયોગથી નંબર કે જુનોતાવ બરાબર ઉતરી જાય છે અને અનુપાન બદલીને આપવાથી દરેક રોગ મટાડે છે

૧૮૬ રસપર્પટી : શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ બન્ને બરાબર કજ્જલી કરી લોઢાના વાસણમાં ઘૃત લગાડી તેમાં કજ્જલી નાખી

અહુજ મંદ તાપવડે તેને પીગળાવવું. રસ જેવું થાય ત્યારે ગાયના-છાણ ઉપરે કેળનુંપાન પાથરી તે પર ઢાળી ઉપર પાન ઢાંકી છાણથી ઢાંકી દેવું. ઠંડુ થતાં તે લઈ વાટી રાખવી. **પ્રમાણ** ૧ થી ૩ રતીભાર. **અનુપાન :** મધ અથવા રોગાનુસાર. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** હરસ મંદાગ્નિ, અજીર્ણ, ઝાડા, સંગ્રહણી, મુખપાક, સુવારોગ. શૂળ, કમળો. પાંડુ ગુલ્મ, કુષ્ઠ, આમવાત, સોજા, અમ્લપિત્ત વગેરે મટે છે.

૧૮૭ રસરાજરસ : શંખ તો. ૪ સાચાં મોતીનીછીપ તો. ૪ ગંધક તો. ૮ **વિધી :** ત્રણ ચીજોને સાથે ખાંડી આકડાનુંદૂધ ત્રણે ઔષધ ડુબી જાય તેટલું નાખી ખરલ કરવું. સુકાયા બાદ ટીકડી કરી સરાવસંપુટમાં નાખી ગજપુટની આંચ આપવી. ઠંડુ થયે બહાર કાઢી બારીક પીસી શીશીમાં ભરી લેવું. **પ્રમાણ :** ૨ થી ૩ રતી. **અનુપાન :** કાળાંમરીનુંચૂર્ણ તથા ઘી. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** ક્ષયરોગની ખાંસીમાં આપવાથી સારૂં કામ કરે છે.

૧૮૮ રક્તપિત્તશામકરસ : ષડગુણગંધક જારીત રસસિંદુર તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૨ અરડુસીનાપાનનારસમાં ચાર દિવસ ઘુંટી સુકવી શીશીમાં ભરી લેવું. **પ્રમાણ :** ૧ થી ૩ રતી. **અનુપાન :** અરડુસીનોરસ અને મધ સાથે. **સમય :** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ :** રક્તપિત્તને મટાડે છે.

૧૮૯ રામબાણરસ : શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધવછનાગ તો. ૧ લવીંગ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ મરી તો ૨ જાયફળ તો. ૦।। **વિધી :** બારીક ઘુંટી આમલીનાપાકાંફળ અને આદુનારસથી એકેક દિવસ ઘુંટી એક વાલની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ ગોળી **અનુપાન :** પાણી અથવા રોગાનુસાર અનુપાન સાથે. **સમય :** સવાર સાંજ બે વખત **ઉપયોગ :** નવીનજ્વર જીર્ણજ્વર. વાતપિત્ત કફજ્વર તથા સંગ્રહણી, આમવાત, મંદાગ્નિ, કફ, ખાંસી, અરુચી ઉલટી વગેરે મટે છે.

૧૯૦ રૂક્વટી : લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ શુદ્ધપારદ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ માણેકરસ તો ૧ શુદ્ધગંધક તો. ૧ ગુગળ તો ૧ વાવડીંગ તો. ૧ ત્રિફલા તો ૩ બોર તો. ૧ ત્રિકટુ તો. ૩ ચિત્રક તો. ૧ દેવદાર તો ૧ અમુદ્રીણ તો. ૧ હળદર તો ૧ દારૂહળદર તો. ૧ ગળણીબીજ તો. ૧ સાટોડીનાંમૂળ તો. ૧ **વિધી :** પારદ ગંધકની કજ્જલી કરી બાકીની ચીજેનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ મેળવી ભાંગરાનારસની એક ભાવના આપી ત્રણ ત્રણ રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** પાણી અથવા ત્રિફલાનો ક્વાથ. **સમય :** સવાર. સાંજ. **ઉપયોગ :** તમામ પ્રકારનાં કુષ્ટરોગ માટે સારો ઉપાય છે.

૧૯૧ રેતોરોધનીગુટીકા : શુદ્ધધતુરાનાબીજ તો ૧ શુદ્ધઝેરકુચલા તો. ૧ શુદ્ધગંધક તો ૧ શુદ્ધપારદ તો ૧ જાયફળ તો ૧ **વિધી :** નાગરવેલના પાકાપાનનારસમાં ઘુટી અડધ રતીની ગોળી કરવી **પ્રમાણ :** ૧ ગોળી. **અનુપાન :** સાકર નાખેલું દુધ **સમય :** સ્ત્રી સંયોગથી એક કલાક પહેલાં **ઉપયોગ :** વિર્યસ્થંભન કરે છે

૧૯૨ રોહીતકલોહ : રોહીતનીછાલ તો ૧ ત્રિકટુ તો ૩ ત્રિફલા તો. ૩ વાવડીંગ તો. ૧ નાગરમોથ તો ૧ ચિત્રક તો ૧ લોહભસ્મ તો. ૧૦ **વિધી :** બારીક ઔષધોનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી તેની સાથે લોહને મેળવી એક દિવસ ઘુટી ફરી વસ્ત્રગાળ કરી બાટલી ભરી લેવી. **પ્રમાણ :** ૩ થી ૬ રતી **અનુપાન :** મધ સાથે **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** પ્લીહા (બરલ) યકૃત [illegible] અને સોજા આદી વ્યાધિનો નાશ કરે છે (રોહીતક [illegible]) ક્વાથ લઈને ઘુટી લેવું વધુ અસરકારક બનાવે છે.

૧૯૩ લક્ષ્મીનારાયણરસ : શુદ્ધગંધક, શુદ્ધહીંગળ [illegible] ટંકણ, શુદ્ધવચ્છનાગ, નનોકનાબીજ, અતિવિષ, પીપર [illegible]

અભ્રકભસ્મ, સિંધાલુણ આ દરેક ચીજ બે બે તોલા લઇ બારીક વાટી ખરલમાં ઘુંટી તેને દંતીમૂળના ક્વાથની તથા ત્રિફલાના ક્વાથની ત્રણ ત્રણ ભાવના આપી ઘુંટી રતીભારની ગોળી કરી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૩ રતીભાર. **અનુપાન:** આદુનારસ સાથે. **ઉપયોગ:** જ્વર, ત્રિદોષજ્વર. કોલેરા, વિષમજ્વર. ઝાડા, સંગ્રહણી, રક્તાતિસાર, પ્રમેહ, શૂળ, સુવાવડીની આંચકી-વાયુ વગેરે મટે છે. નાનાં બાળકોની આંચકી મટાડે તથા પીડાશામક છે.

૧૯૪ લક્ષ્મીવિલાસરસ: અભ્રકભસ્મ તો. ૪ શુદ્ધપારદ તો. ૨ શુદ્ધગંધક તો. ૨ રૌપ્યભસ્મ તો. ૧ જાવંત્રી, જાયફળ, વરધારાનાંબીજ, કનકબીજ, ગાંજાનાબીજ, વિદારીકંદ, શતાવરી. નાગબલા, અતિબલા, ગોખરૂ, અને નેતરનાંબીજ આ ૧૧ ચીજો દરેક એકેક તોલો લઇ બારીક વાટી સર્વને વિધીસર મેળવી પાનનારસમાં બરાબર ઘુંટી લઇ ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી રાખવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** દૂધ અથવા રોગાનુસાર. **ઉપયોગ:** જ્વર, ત્રિદોષજ્વર પ્રમેહ, ભગંદર, કુષ્ટ, નબળાઇ, વાતરોગ પીનસ, મેદ, અર્શ, ક્ષીરશૂળ, ધાતુક્ષીણતા વગેરે મટાડી બળ-વીર્ય વધારે છે.

૧૯૫ લક્ષ્મણાલોહ: લક્ષ્મણાનુંપંચાગ તો. ૪૦૦ અશોકનીછાલ તો. ૪ કાસ (દર્ભ) ના મૂળ તો. ૪ મહુડાનાફુલ તો. ૪ જેઠીમધ તો. ૪ બલા તો. ૪ કાળીપાટ તો. ૪ બીલીનોગરભ તો. ૪ લોહભસ્મ તો. ૨૮ પાણી તો. ૧૧૦૦. **વિધી:** લક્ષ્મણાના પંચાગને અધકચરું કુટી પાણીમાં ક્વાથ કરવો. ચોથો ભાગ બાકી રહે ઉતારી ગાળી લેવું. બાદ ગાળેલ પાણીને ફરી મંદાગ્નિની આંચે પકાવવું ને ઘન જેવું થવા આવે એટલે લોહભસ્મ તથા બાકીના વસાણાનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ મેળવી બબ્બે વાલની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સ્ત્રીઓના સમસ્તરોગોમાં વાપરવા લાયક પ્રચલીત દવા છે.

૧૯૬ લાહીચુર્ણ: અજમો તો. ૧ ખોરાસાની અજમો તો. ૧ સાજીખાર તો. ૧ ટંકણખાર તો. ૧ જવખાર તો. ૧ ચિત્રકમૂળ તો. ૧ ત્રિકટુ તો. ૩ ગજપીપર તો. ૧ વાવડીંગ તો. ૧ ભિલામ તો. ૧ વજ તો. ૧ જીરૂં તો. ૧ શાહજીરૂં તો. ૧ શેકેલીહીંગ તો. ૧ કુષ્ટ તો ૧ સિંધવ તો. ૧ સંચળ તો. ૧ બીડલુણ તો. ૧ સમુદ્રલુણ તો. ૧ કાચલુણ તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ અહધ્રુમ તો. ૧ ત્રિફલા તો. ૩ ભાંગ તો. ૨૮. **વિધી:** ભાંગને તાવડી ઉપર શેકી લેવી બાકીના વસાણાઓનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પારદ ગંધકની કજ્જલી કરી બધી વસ્તુઓને તેમાં મેળવી શીશીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** પાણી અગર રોગાનુસાર. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શૂળ, અતિસાર, સંગ્રહણી, આનાહ પ્લીહા, પ્રમેહ, મંદાગ્નિ વગેરે રોગમાં વાપરવું સારૂં છે.

૧૯૭ લોહામૃત: નાગરમોથ તો. ૧ ગળો તો. ૧ પીપર તો. ૧ જેઠીમધ તો. ૧ ચિત્રકમૂળ તો. ૧ સુંઠ તો. ૧ ત્રિફલા તો. ૩ વાવડીંગ તો. ૧ લોહભસ્મ તો. ૧૦. **વિધી:** કાષ્ટીક ઔષધોનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી લોહભસ્મ મેળવી એક દિવસ ખરલમાં ઘુંટી શીશી ભરી લેવી. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** ચોખું મધ **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** પાંડુરોગ અને જીર્ણજ્વર માટે સારો ઉપાય છે.

૧૯૮ લોહપર્પટી: શુદ્ધપારદ તો. ૨ શુદ્ધગંધક તો. ૨ ઉત્તમ લોહભસ્મ તો. ૨ ત્રણેને સાથે મેળવી વિધીસર ઘુંટી લઇ પર્પટીની રીત પ્રમાણે કાળી બનાવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ રતી. **અનુપાન:** પાણી અથવા જીરા અને ધાણાનો કવાથ. **ઉપયોગ:** સંગ્રહણી, આમશૂળ, મૂત્રરોગ આઢ્ય, પાંડુ, કમળો, જ્વર, મંદાગ્નિ, અમ્લપિત્ત, કુષ્ટ, અરુચિ, નવજ્વર વગેરે મટાડે છે

૧૯૯ લોકનાથરસ (૧) શુદ્ધપારદ તો. ૨ શુદ્ધગંધક તો. ૨ પીળીકોડી તો. ૮ ટંકણખાર તો. ૧ શંખનાટુકડા તો. ૧૬. **વિધી:** પારદ ગંધકની કજ્જલી બનાવી દરેક કોડીઓની અંદર ભરી દેવી. બાદ ટંકણખારને ગાયનાદૂધથી ઘુંટી તેનાથી કોડીઓનાં મોઢાં બંધ કરી દેવાં. સારબાદ બે સરાવ લઇ એક સરાવમાં શંખના અરધા ટુકડા મુકી ઉપર કજ્જલી ભરેલી કોડીઓ બરાબર ગોઠવી ઉપર બીજું સરાવ ઉંધુ મુકી સંપુટ બનાવી લેવો, ઉપર કપડમટ્ટી કરી બરાબર સુકાવ્યા બાદ પાંચ શેર છાણાની આંચ આપવી, ઠંડુ થયે બહાર કાઢી સરાવ સિવાયની અંદરની બધી ઔષધીને તથા શંખના ટુકડાને ખરલ કરી શીશીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** કાળામરી તથા ઘીના સાથે વાતવ્યાધિમાં. માખણ સાથે કફવ્યાધિમાં અથવા રોગાનુસાર અનુપાન આપવું. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અતિસાર, ક્ષય, અરૂચી, સંગ્રહણી, કૃશતા, મંદાગ્નિ, ખાંસી, શ્વાસ, ગુલ્મ વગેરે વ્યાધિઓમાં બહુ સારૂં કામ કરે છે. પ્રયોગ ચાલે તે દરમ્યાન સાત્વીક ખોરાક આપવો, તેલ મરચું ખટાસની પરેજી રાખવી.

૨૦૦ લોકનાથરસ (૨) શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો ૧ અભ્રકભસ્મ તો. ૨ લોહભસ્મ તો. ૨ તામ્રભસ્મ તો. ૨ કોડીનીભસ્મ તો. ૬. **વિધી:** બધી વસ્તુઓને ખરલમાં નાખી નાગરવેલના પાનનારસથી ઘુંટી ગોળો બનાવી, સરાવસંપુટમાં મુકી ૭–સાત કપડમટ્ટી કરી સુકાવ્યાબાદ ગજપુટની આંચ આપવી ઠંડુ થયે કાઢી લઇ બારીક મર્દન કરી શીશીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૧ થી ૩ રતી. **અનુપાન:** મધ અને પીપર અથવા હરડેનુંચૂર્ણ અને ગોળ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** યકૃત, પ્લીહા, ઉદરરોગ ગુલ્મ, શોથ વગેરે વ્યાધિને મટાડે છે.

૨૦૧ લંકેશ્વરરસ: શુદ્ધપારદ તો. ૧. અભ્રકભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધશીલાજીત તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ અમ્લવેત્સ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧. **વિધી:** ખરલમાં નાખી બારીક ઘુંટી બીજોરાનારસથી ત્રણ દિવસ મર્દન કરી બબ્બે રતીભારની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** ત્રિફલા, કડવા લીંબડાની અંતરછાલ, વજ, મજીઠ, પરવળનાંમૂળ, કડુ અને હળદરનાકવાથ સાથે. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** ખસ, દાદર, ખુજલી, કોઢ વગેરે દરેક પ્રકારનાં કુષ્ટમાં વાપરી શકાય છે.

૨૦૨ વસંતકુસુમાકરરસ (૧) સુવર્ણભસ્મ તો. ૨ અભ્રકભસ્મ તો. ૨ લોહભસ્મ તો. ૩ રસસિંદુર તો. ૪ાા બંગભસ્મ તો. ૩ મુક્તાપિષ્ટી તો. ૪ પ્રવાલપિષ્ટી તો. ૪ બીમસેનીકપુર તો. ૦ાા કસ્તુરી તો. ૦ા. **વિધી:** પ્રથમની સાત દવાઓને ખરલમાં નાખી ઘુંટી તેને ગાયનુંદુધ, અરડુસીનોરસ, હળદરનોકવાથ, કેળનાકંદનોરસ, માલતીનોરસ, સફેદચંદનનોકવાથ, તુલશીનોરસ એ દરેકની સાત સાત ભાવના આપી સુકવી તેમાં કસ્તુરી તથા બીમસેનીકપુર મેળવી ઘુંટી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ રતી. **સમય:** સવાર, સાંજ બે વખત. **અનુપાન:** માખણ અથવા મધ સાથે ઉપર દુધ પીવું. **ઉપયોગ:** તમામ પ્રકારના પ્રમેહ, મધુપ્રમેહ, વીર્યસ્રાવ, નબળાઇ, ધાતુક્ષીણતા, સ્વપ્નદોષ પ્રદર, બહુમૂત્ર, સોમરોગ વગેરે મટાડી અને શક્તિ આપે છે. વિર્યવર્ધક અને કામોત્તેજક છે.

૨૦૩ વસંતકુસુમાકરરસ (૨) સુવર્ણભસ્મ તો. ૨ રૌપ્યભસ્મ તો. ૨ બંગભસ્મ તો. ૩ નાગભસ્મ તો. ૩ કાન્તલોહભસ્મ તો. ૩ અભ્રકભસ્મ તો. ૪ પ્રવાલપિષ્ટી તો. ૪ કસ્તુરી તો. ૧. **વિધી:** કસ્તુરીને બાજુ રાખી બાકીની બધીને સારી ખરલમાં નાખી ગાયનુંદુધ,

શેરડીનોરસ, અરડુસીનાપાનનોરસ, લાક્ષનોક્વાથ સુગંધીવાળાનોક્વાથ, કેળનોરસ, કેળનાંફુલનોરસ, સફેદકમળનોરસ, માલતીપુષ્પનોરસ વગેરે રસોની સાત સાત ભાવના આપી સુકાયાબાદ કસ્તુરી મેળવી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** માખણ અથવા ઘી અને મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** બુદ્ધિવર્ધક, કામવર્ધક, પૌષ્ટિક, આરોગ્ય વધારનાર, તમામ પ્રકારની નબળાઇ, ક્ષય, મધુપ્રમેહ, પ્રમેહ, શુક્રપ્રમેહ માટે બહુ ઉત્તમ યોગ છે.

૨૦૪ વડવાનલરસ: શુદ્ધપારદ તો. ૮ નાગભસ્મ તો. ૮ શુદ્ધવચ્છનાગ તો. ૧૦ સિંધવ તો. ૧૦ હળદર તો. ૯ સુંઠ તો. ૯ પીપર તો. ૯ મરી તો. ૯ ચિત્રકમૂળ તો. ૩ ગંધક તો. ૩ ભોંયઆંબળા તો. ૩. **વિધી:** બારીક વસ્ત્રગાળ કરી સરગવો, આદુ, કેરડો બીજોરા, લીંબુ, નાગરવેલનાંપાન પીપળાનાંમૂળનીછાલ એ દરેકના સ્વરસ અથવા ક્વાથની એકેક ભાવના આપી સુકવી કપડછાણ કરી શીશીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૩ રતી. **અનુપાન:** પાણી અથવા સમયોચિત અનુપાન સાથે. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** સમસ્ત વાતવિકાર, અરૂચી, શૂળ, વમન, આદી વ્યાધિઓનો નાશ કરે છે.

૨૦૫ વન્હિરસ: જાયફળ તો. ૨ મરી તો. ૮ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ લવીંગ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ **વિધી:** બારીક ઘુંટી પાકી આંબલીનારસની એક ભાવના આપી બબ્બે વાલની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** સ્વચ્છ પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** મંદાગ્નિ, શૂળ અને વાતરોગનો નાશ કરે છે.

૨૦૬ વજ્રક્ષાર: વજ્ર તો. ૮ ફુટ તો. ૮ લોહભસ્મ તો. ૮ **વિધી:** બારીક ખાંડી પટ્ટબ્રાગ કરી લોહ સાથે મીશ્ર કરી ભરી લેવું.

પ્રમાણ: ૨ થી ૪ રતી. **અનુપાન:** ઘી અને મધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** પરીણામશૂળ માટે સારી છે.

૨૦૭ વસંતમાલીની (લઘુ) શુદ્ધખાપરીયું તો. ૧૦ સફેદ મરીનુંચૂર્ણ તો. ૫ માખણ તો. ૧ **વિધી:** ખરલમાં ઘુંટી માખણનો કરમો દઇ જ્યારે બરાબર મળી જાય ત્યારે લીંબુનોરસ નાખી ઘુંટતા જવું. જ્યારે ચીકાશ મટી જાય ત્યારબાદ ચણા જેવડી ગોળી વાળી મુકવી રાખવી. (આશરે દશ દિવસ લીંબુનારસમાં ઘુંટવી જોઇએ.) **પ્રમાણ:** ૨ ગોળી. **સમય:** સવાર, બપોર અને સાંજ. **અનુપાન:** પીપર અને મધ સાથે. **ઉપયોગ:** જીર્ણજ્વર, બાલશોષ, નબળાઇ, મગજ તથા આંખનીગરમી, હાથ પગનો દાહ વગેરે માટે છે. નાનાં બાળકો માટે પુષ્ટી આપનાર યોગ છે.

૨૦૮ વસંતતિલકરસ: લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ બંગભસ્મ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ પ્રવાલભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ મોતીનીપિષ્ટી તો. ૧ જાવંત્રી તો. ૧ જાયફળ તો. ૧ તજ તો. ૧ તમાલપત્ર તો. ૨ એલચી તો. ૨ નાગકેશર તો. ૨. **વિધી:** માત્રાઓને બારીક ઘુંટી અરડૂસાના રસની ભાવનાઓ વસ્ત્રગાળ કરી મેળવી ત્રિફલાનાક્વાથની બે ભાવના આપી ત્રણ ત્રણ રતીની ગોળી વાળી મુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી [illegible] **અનુપાન:** રોગાનુસાર અથવા પાણી. **સમય:** [illegible] **ઉપયોગ:** વાતપિત્ત, કફ અને સન્નિપાતથી થયેલા [illegible] અપસ્માર, કોલેરા, ક્ષય, ઉન્માદ, [illegible] આદીનો નાશ કરે છે.

૨૦૯ વાતકુલાંતકરસ: શુદ્ધપારદ, શુદ્ધગંધક, શુદ્ધ [illegible] [illegible], [illegible], શુદ્ધશિલાજીત, શુદ્ધ [illegible] [illegible], [illegible], [illegible], [illegible] [illegible] [illegible]

બહેડાં, આમળાં, લવીંગ, શુંઠ, મરી, પીપર એ દરેક ચીજ અકેક તોલો લઇ ચૂર્ણ કરી વિધીસર બધાને સાથે મેળવી દેવું. પછી ત્રિફલા તથા ભાંગરાનારસમાં ત્રણ ત્રણ દિવસ ઘુંટી લર્મ ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. પ્રમાણ: ૧ થી ૨ ગોળી. અનુપાન: લીંબડાના-પંચાગના ચૂર્ણ સાથે અથવા ઘી સાથે. ઉપયોગ: વાતરક્ત, રક્તદોષ અને વાતવિકારને મટાડે છે.

૨૧૦ વાતવિધ્વંસરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ નાગભસ્મ, બંગભસ્મ, લોહભસ્મ તામ્રભસ્મ, અભ્રકભસ્મ, પીપર, ફુલાવેલટંકણખાર, મરી, શુંઠ એ દરેક અકેક તોલો તથા શુદ્ધવચ્છનાગ તો. ૪ા બધાને વિધીસર મેળવી પછી તેને ત્રિફલા, ત્રિકટુ, ચિત્રક, ભાંગરો, કુષ્ટ, અક્કલકરો, નગોડ, આદુ, લીંબુ અને લુણીનીભાજી એ દરેકનો ક્વાથ કે સ્વરસ લઇ તેની ત્રણ ત્રણ ભાવના આપી બબ્બે રતીભારની ગોળી કરી લેવી. પ્રમાણ: ૨ ગોળી. અનુપાન: રોગાનુસાર. ઉપયોગ: ભયંકરવાતરોગ, સંગ્રહણી, શૂળ, સન્નિપાત, અપસ્માર, મંદાગ્નિ, શીતપિત્ત, પ્લીહા, ઉદરરોગ, અર્શ વગેરે મટાડે છે.

૨૧૧ વાતરાક્ષસરસ: રસસિંદુર, શુદ્ધગંધક, કાંતલોહભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મ સમભાગે લઇ બરાબર મેળવી ઘુંટી લેવું. પછી તેને ગળો, ચારોટી, ચિત્રક, તુલસીપત્ર, ત્રિકટુ એ પાંચ ચીજોનારસ કે ક્વાથની અંદર ત્રણ ત્રણ દિવસ બરાબર ઘુંટી ગોળો બનાવી સુકવી લેવું. અને તેને સરાવમાં રાખી બંધ કરી ઉપર એ ત્રણ કપડમાટી કરી લઘુ પુટની આંચ આપવી. ઠંડુ થયે કાઢી વાટી નાખવું પ્રમાણ: ૨ રતીભાર. સમય: સવાર, સાંજ. અનુપાન: રોગાનુસાર. ઉપયોગ: ઉરુસ્થંભ, સંધિવાત, વાતરક્ત, આમવાત, ધનુર્વાત પક્ષાઘાત, કટીવાયુ કંપવાયુ, શૂળ વગેરે સમસ્ત વાતરોગ મટાડે છે.

૨૧૨ વાતારિરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ ત્રિફલાચૂર્ણ તો. ૩ ચિત્રક તો. ૪ શુદ્ધગુગળ તો. ૫. પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ચીજો મેળવી પછી ગુગળને એરંડતેલનો હાથ આપી ગોળી વાળવી. **પ્રમાણ:** ૪ થી ૮ વાલ. **અનુપાન:** શુંઠ અને એરંડમૂળના કવાથ સાથે. **ઉપયોગ:** સંપૂર્ણ વાતરોગ મટાડે, જુલાબ લાગે તો ગરમ ભોજન ખાવું.

૨૧૩ વાતપિત્તારિરસ: શુદ્ધપારદ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ મરી તો. ૧ કુઠ તો. ૧ નાગબલા તો. ૧ હરડે તો. ૧ ગોખરૂ તો. ૧ વિદારીકંદ તો. ૧ એરંડાનામૂળનીછાલ તો. ૧. **વિધી:** બારીક વસ્ત્રગાળ કરી ચિત્રક અને સાટોડીનાકવાથની એકેક ભાવના આપી ચણ ચણ રતીની ગોળી વાળવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** સ્વચ્છ પાણી. **ઉપયોગ:** વાતપિત્તજન્ય વ્યાધીઓ માટે સારો ઉપાય છે.

૨૧૪ વાતગજેન્દ્રસિંહરસ: અભ્રકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ શુદ્ધપારદ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ નાગભસ્મ તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ સિંધાલુણ તો. ૧ લવીંગ તો. ૧ હીંગ તો. ૧ જાયફળ તો. ૧ કેશર તો. ૧ [illegible] તો. ૧ ચંદન તો. ૧ હરડે તો. ૧ બહેડાં તો. ૧ આમળાં તો. ૧ [illegible] તો. ૧. **વિધી:** બારીક વસ્ત્રગાળચૂર્ણ બનાવી એક દિવસ કુંવારનારસથી ઘુંટી ચણ ચણ રતીભારની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** [illegible] **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ૮૦ પ્રકારના વાતરોગ, ૪૦ પ્રકારના પિત્તરોગ, ૨૦ પ્રકારના કફરોગ, [illegible]

૨૧૫ વાતગજાંકુશરસ: રસસિંદુર તો. ૧ લોહભસ્મ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ હરડે તો. ૧ કાકડાસીંગ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ ત્રિકટુ તો. ૩ અરણી તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧. **વિધી:** ભસ્મ સિવાયની ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી બારીક વસ્ત્રગાળ કરી એક દિવસ ખરલમાં કોરૂં ઘુંટવું પછી બધાને મેળવી બાદ ગોરખમુંડી અને નગોડનારસથી એકેક દિવસ ઘુંટી અડ્ડે રતીભારની ગોળીઓ બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** પીપરનુંચૂર્ણ તથા રાસ્નાનાકવાથ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સાધ્ય અથવા અસાધ્ય વાતરોગ, ગ્રધ્રસી. દારૂણસન્નિપાત. ક્રોષ્ટુશીર્ષક, અપબાહુક, ઉરૂસ્થંભ, હનુસ્થંભ મન્યાસ્થંભ પક્ષાઘાત વગેરેમાં સારૂં કામ કરે છે.

૨૧૬ વાતરાજવટી: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ તજ તો. ૧ તમાલપત્ર તો. ૧ એલચી તો. ૧ નાગકેશર તો. ૧ જાયફળ તો. ૧ ત્રિકટુ તો. ૩ શાહજીરૂં તો. ૧ સફેદજીરૂં તો. ૧ કપુર તો. ૧ તમાલપત્ર તો. ૧ તાલીસપત્ર તો. ૧ નાગકેશર તો. ૧ લવીંગ તો. ૧ અજમો તો. ૧ ચિત્રકમૂળ તો. ૧ તગર તો. ૧ પીપરીમૂળ તો. ૧ ગળો તો. ૧ સફેદચંદન તો. ૧ દ્રાક્ષ તો. ૧ વજ તો. ૧ જાવંત્રી તો. ૧ જટામાસી તો. ૧ ચવક તો. ૧ શતાવરી તો. ૧ બીડલુણ તો. ૧ ધાણા તો. ૧ ત્રિફલા તો. ૩ અરડુસી તો. ૧ લોહભસ્મ તો. ૮ શુદ્ધઅફીણ તો. ૪. **વિધી:** સર્વ વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પોસ્તના ડોડાના કવાથથી બે પહોર મર્દન કરી ત્રણ ત્રણ રતીની ગોળીઓ વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સર્વ જાતના વાતવ્યાધિઓમાં આપવી.

૨૧૭ વિડંગાદિલોહ: વાવડીંગ તો. ૧ નાગરમોથ તો. ૧ ત્રિફલા તો. ૩ દેવદાર તો. ૧ પીપર તો. ૧ પીપરીમૂળ તો. ૧

મુશળી તો. ૨ કપીલો તો. ૨ અંજમોદ તો. ૨. વિધી: પારદ ગંધકની કજ્જલી કરી બાકીની વસ્ત્રગાળ વસ્તુઓ મેળવી એરંડાનામૂળના ક્વાથની ૨૧, ભાંગરાનારસની ૭, ગોરખમુંડીનારસની ૧૨ તથા નાગરવેલનાપાનનારસની ૩ ભાવના આપી સુકવી બાદ જોઈએ તેટલું મધ નાખી બોર જેવડી ગોળી વાળી સુકવી લેવી. પ્રમાણ: ૧ ગોળી. અનુપાન: દેવદાર અને ચિત્રકમૂળના ઘસારા સાથે. સમય: સવાર, સાંજ. ઉપયોગ: કઠોદર અને બીજા ઉદરરોગમાં વપરાય છે. રોગીને માટે તુલસીનારસ સાથે દૂધનો પ્રયોગ કરાવવાથી સારો ફાયદો કરે છે.

૨૨૧ વૃદ્ધિનાશનરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૨. **વિધી:** કજ્જલી કરી ભસ્મ મેળવી હરડેના સ્વરસ અથવા ક્વાથથી ત્રણ દિવસ અને એરંડીઆતેલથી એક દિવસ ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** હરડે અને એરંડતેલ અથવા શિવલીંગીનો ક્વાથ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અંડવૃદ્ધિનો નાશ કરે છે.

૨૨૨ શશિશેખરરસ: લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ રસસિંદૂર તો. ૧. **વિધી:** કુંવારનારસથી ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** કુંવારનારસ સાથે. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** આંતરડાના રોગનો નાશ કરે છે, અગ્નિપ્રદ છે.

૨૨૩ શશિપ્રભરસ: શુદ્ધપારદ તો. ૧ બંગભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧. **વિધી:** ત્રણે વસ્તુઓને સાથે મેળવી ખરલમાં નાખી વઘારો અને અરીઠાના સ્વરસથી એક દિવસ ઘુંટી સુકવી મુકવું. **પ્રમાણ.** ૩ થી ૬ રતી. **અનુપાન:** મધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** પ્રમેહ તથા મધુમેહના વાપરી શકાય છે.

૨૨૪ શતમૂલાદિલોહ: શતાવરી તો. ૧ સાકર તો. ૧ ધાણા તો. ૧ નાગકેશર તો. ૧ રક્તચંદન તો. ૧ હરડે તો. ૧ બહેડાં તો. ૧ આમળા તો. ૧ શુંઠ તો. ૧ મરી તો. ૧ પીપર તો. ૧ વાવડીંગ તો. ૧ મોથ તો. ૧ ચિત્રક તો. ૧ કાળાતલ તો. ૧ લોહભસ્મ તો. ૧૫. **વિધી:** બારીક વસ્ત્રગાળ કરી બધી વસ્તુઓ સાથે મેળવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** મધ અથવા મ[illegible] સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** તરસ [illegible] રક્તપિત્ત, વગેરે રોગોને મટાડે છે.

૨૨૫ શંખોદરરસ [illegible] તો. ૪ અફીણ તો. ૧ જાયફળ તો. ૧ [illegible] તો. ૧. **વિધી:** બારીક ઘુંટી શીશામા ભરી [illegible] **પ્રમાણ:** ૧ રતી. **અનુપાન:** સ્વચ્છ પાણી. **સમય:** સ[illegible] સાંજ. **ઉપયોગ:** રક્તાતિસાર, રક્તાર્શ, આમ અને [illegible] મટાડે છે.

૨૨૬ શંખવટી (૧) શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધ[illegible] તો. [illegible] [illegible]દીંગ તો. [illegible] મરી તો. [illegible] પીપર તો. ૧૨ [illegible] તો. ૧૨ શંખભસ્મ તો. ૫ સાજી[illegible] તો. ૫. **વિધી:** ઉપરની [illegible]ઓનું બારીક વસ્ત્રગાળચૂર્ણ કરી [illegible] [illegible]ની [illegible] આપી [illegible] જેવડી [illegible] **પ્રમાણ:** [illegible] થી ૨ ગોળી. **અનુપાન:** [illegible] **સમય:** [illegible] **ઉપયોગ:** અજીર્ણ, [illegible] [illegible]માં ઉપયોગી છે.

૨૨૭ શંખવટી (૨) [illegible]

[illegible]

શુદ્ધવચ્છનાગ તો. ૧ હીંગ તો. ૨. **વિધી:** બધી દવાઓને જુદી જુદી બારીક કરી લેવી પછી પારદ ગંધકની કજ્જલી કરી તેમાં દરેક ચીજ ધીમેથી મેળવી ઘુંટી લેવું. બાદ ચિત્રકનોકવાથ, અધેડાનોરસ. લીંબુનોરસ, આમલીનોરસ બીજોરાનોરસ વગેરેની એકેક ભાવના આપવી પછી ચણા જેવડી ગોળી બનાવી રાખવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** અજીર્ણ, વાયુ, શૂળ, ગુલ્મ, શોથ, પ્રમેહ, વાતરક્ત, કુષ્ટ, પાંડુ, મંદાગ્નિ વગેરે મટાડે છે. પેટના રોગો માટે ઉત્તમ છે.

૨૨૮ શંકરવટી: શુદ્ધપારદ તો. ૪ શુદ્ધગંધક તો. ૮ લોહભસ્મ તો. ૩ નાગભસ્મ તો. ૨. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બાકીની ભસ્મો મેળવી પીલુડી, ચિત્રક, આદુ, અરણી, અરડુસી, બીલીનોગરભ અને અર્જુનવૃક્ષ વગેરેના સ્વરસ અથવા કવાથની ભાવના આપી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** ગરમ પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ફેફસાં અને હૃદયરોગ, કાસ, શ્વાસ, આમવાત, કૃશતા, સંગ્રહણી આદી રોગોમાં વાપરવી સારી છે.

૨૨૯ શંખદ્રાવરસ: શંખ તો. ૫ જવખાર તો. ૫ સાજીખાર તો. ૫ ટંકણખાર તો. ૫ સિંધવ તો. ૫ સંચળ તો. ૫ બીડલુણ તો. ૫ સમુદ્રલુણ તો. ૫ કાચલુણ તો. ૫ ફટકડી તો. ૫ નવસાર તો. ૫. **વિધી:** શંખદ્રાવ બનાવવા માટેના અન્તરમાં કાચના મળતા યંત્રવડે સંભાળથી તૈયાર કરી બાટલીમાં ભરી લેવો. **પ્રમાણ:** ૫ થી ૧૦ ટીપાં. **અનુપાન:** ૨૨૭ પાણી તોલા ૨॥ સાથે. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** ૭ પ્રકારના દરદ, મૂત્રકૃચ્છ્ર, પથરી, આઠ પ્રકારના ઉદરરોગ ગુલ્મ, પ્લીહા, અજીર્ણ, મંદાગ્ની, કોલેરા વગેરે વ્યાધિઓને મટાડે છે. અને તેજ ખોરાકને પચાવી નાખે છે

૨૩૦ શિરશુલારિવજ્રરસ: શુદ્ધપારદ તો. ૪ શુદ્ધગંધક તો. ૪ લોહભસ્મ તો. ૪ તામ્રભસ્મ તો. ૪ શુદ્ધગુગળ તો. ૧૬ ત્રિફલા તો. ૮ જેઠીમધ તો. ૧ પીપર તો. ૧ કુષ્ટ તો. ૧ શુંઠ તો. ૧ ગોખરૂ તો. ૧ વાવડીંગ તો. ૧ દશમૂળ તો. ૧૦. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં બારીક વસ્ત્રગાળ વસાણાં મેળવી દશમૂળના કવાથની એક ભાવના આપી સુકવી જરા ઘીના હાથથી ચણા જેવડી ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૩ ગોળી. **અનુપાન:** બકરી અથવા ગાયનુંદૂધ અથવા મધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતજ, પિત્તજ, કફજ ગમે તે પ્રકારની શીરોવેદનાને મટાડે છે. માથાનું દરદ મટાડનાર સારી દવા છે.

૨૩૧ શિલાગંધકવટી: શુદ્ધપારદ તો. ૪ શુદ્ધગંધક તો. ૪ કડુ તો. ૨ ત્રિફલા તો. ૬ કડવાલીંબડાનીછાલ તો. ૨ શુદ્ધશિલાજીત તો. ૩૨ સાકર તો. ૩૨ વાંસકપુર તો. ૪ પીપર તો. ૪ આંબળા તો. ૪ કાકડાશીંગી તો. ૪ ભોરીંગણીનુંપંચાગ તો. ૪ તજ તો. ૪ તમાલપત્ર તો. ૪ એલચી તો. ૪. **વિધી:** પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી લાલકમળનાં ફુલનારસથી બે પોહોર ઘુંટવું બાદ કડુ ત્રિફલા અને નીમછાલ બારીક કરી કજ્જલીમાં મેળવી પરવળ, નાગરમોથ અને ચુકાના સ્વરસ અથવા કવાથની દશ ભાવના આપી સુકાવા બાદ બાકીની ચીજોનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉપરના યોગ સાથે મેળવી કેળનુ મધ નાખી અડધા વાલની ગોળી બનાવી સુકવી લેવી **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી **અનુપાન:** દાડમનોરસ અથવા દુધ સાથે **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** પાંડુ, કંઠ [illegible], પીત, તમકશ્વાસ દમ્મ [illegible] શુક્રવિકાર, પ્રમેહ, [illegible], [illegible] [illegible] વગેરે [illegible]. અનુપાન ફેરથી [illegible]

૨૩૨ શિલાજત્વાદિવટી. શુદ્ધશિલાજીત તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧

ફુલાવેલટંકણખાર તો. ૧. **વિધી:** કાળા ભાંગરાનારસથી બે દિવસ ઘુંટી ત્રણ ત્રણ રતીભારની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** શેવાળ (પાણીમાં થતી એક જાતની વનસ્પતી) નાં રસ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શુક્રમેહ માટે ઉત્તમ ઉપાય છે.

૨૩૩ શિલાયોગ: શુદ્ધમનશીલ તો. ૧ ત્રિકટુ તો. ૩ હરડે તો. ૧ શેકેલીહીંગ તો. ૧ વાવડીંગ તો. ૧ કુટ તો. ૧ સિંધવ તો. ૧ **વિધી:** બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી બાટલીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૬ રતી. **અનુપાન:** ઘી તથા મધ સાથે. **સમય.** સવાર, સાંજ. **ઉપયોગ:** હેડકી, શ્વાસ અને કાસને દુર કરે છે.

૨૩૪ શિતજ્વરાંકુશરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધસોમલ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધખાપરીયું તો. ૧. **વિધી:** પારદ ગંધકની કજ્જલી બનાવી ધતુરાનારસની બે ભાવના આપી એકેક ગ્રેનની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** આદુનારસ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શિતજ્વર ઉપર અકસીર છે.

૨૩૫ શીતભંજીરસ: શુદ્ધપારદ, શુદ્ધગંધક, તામ્રભસ્મ, શુદ્ધવચ્છનાગ, સુંઠ, મરી પીપર, ટંકણખાર એ સર્વે સમભાગે લેવાં. **વિધી:** કજ્જલી બનાવી બીજી દવાઓનુ ચૂર્ણ તથા ભસ્મો તેમાં મેળવી સારી પેઠે ઘુંટી તેને ચિત્રકમૂળનીછાલના ઉકાળાના ત્રણ પુટ આપવા અને ઘુંટતા જવુ પછી નાગરવેલનાપાનનારસમાં ત્રણ પુટ પછી આદુનારસના સાત પુટ આપી ગોળી વળવા જેવું થાય એટલે મગનાદાણા જેવડી ગોળી વાળી સુકવી બાટલીમા ભરી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનારસ અથવા સુંઠનુ વર્ણો ગર તેમ તેની પરીને પીવી **ઉપયોગ:** કફજ્વર તાંદ,

શીતતા (શિતાંગ), ત્રિદોષજ્વર, કફવાતજ્વર, શ્વાસ, અણઉતારતાવ, વગેરેમાં અકસીર છે. જ્યારે તાવ ઉતરી શરીર ઠંડુ થતાં બેશુદ્ધિ જેવું થઇ જાય છે ત્યારે આ દવાની માત્રા આપતાં ગરમી આવી દરદી શુદ્ધિમાં આવી જીવન ટકી જાય છે.

૨૩૬ શીતારિરસ: શુદ્ધવચ્છનાગ તો. ૧ મરી તો. ૧ અક્કલકરો તો. ૧ પીપર તો. ૧ શુદ્ધહિંગળો તો. ૧ સમુદ્રશોષબીજ તો. ૧ **વિધી:** બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી તુલસીનારસથી બે દીવસ ઘુંટી એક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** આદુનોરસ અથવા સુંઠનું પાણી. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** શિતજ્વરમાં ઉપયોગી છે.

૨૩૭ શુલગજકેસરીરસ: હરડે તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ સુંઠ તો. ૧ શેકેલહીંગ તો. ૧ મરી તો. ૧ ચિત્રકમુળ તો. ૧ બીડલુણ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સિંધવ તો. ૧ શુદ્ધઝેરકોચલાં તો. ૯ **વિધી:** બારીકવસ્ત્રગાળ ચૂર્ણ કરી લીંબુ તથા આદુનારસથી એક દીવસ ઘુટી એક રતીની ગોળી વાળવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** સ્વચ્છ પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શુળ, આધ્માન, વિબન્ધ, ગુલ્મ, ખાંસી, શ્લેષ્મ, આમવાત, અલ્પાગ્નિ, અરૂચી, જ્વર એ બધા વ્યાધિઓનો નાશ કરે છે.

૨૩૮ શોથારિલોહ: લોહભસ્મ તો. ૧ ત્રિકટુ તો. ૧ જવખાર તો. ૧ **વિધી:** [illegible] કરી સાથે મેળવી રાખવું. **પ્રમાણ:** ૩ થી ૬ રતી **અનુપાન:** પુનર્નવાદિકવાથ અથવા ત્રિફલાના કવાથ સાથે **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** બન્ને પ્રકારનો બને તે જાતનો [illegible] નાશ કરે છે

૨૩૯ [illegible]: શુદ્ધ [illegible] તો. ૧ શુદ્ધ [illegible] તો. ૧ [illegible] તો. ૧ હરડે તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧

વિધી: ગાયના ઘી થી પ્રથમ ગુગળને ખરલ કરવો બાદ ધીમે ધીમે બીજી બારીક વસ્તુઓ બનાવી મેળવી આપવી બાદ ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** ઠંડુ પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** દરેક પ્રકારના શોથનો નાશ કરે છે. દરેક જાતની ખટાશની ખાસ પરેજી રાખવી.

૨૪૦ સ્વચ્છંદભૈરવરસ (૧) શુદ્ધપારદ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, શુદ્ધગંધક, હરતાલ. હરડે, અરણી, નગોડ શુંઠ, કાળાંમરી, પીપર, ટંકણખાર, શુદ્ધવછનાગ એ તેર ચીજો સરખા વજને લેવી. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં ઔષધો બારીક વસ્ત્રગાળ બનાવી કજ્જલીમાં મેળવવા બાદ નગોડનારસમાં એક દીવસ ખરલ કરી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** રાસ્ના. ગળો, દેવદાર. શુંઠ, એરંડમુળ એના ક્વાથ સાથે અથવા પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** તમામ પ્રકારના વાતવિકારનો નાશ કરે છે.

૨૪૧ સ્વચ્છંદભૈરવરસ: (૨) શુદ્ધપારદ તો. ૫ શુદ્ધગંધક તો. ૫ શુદ્ધવછનાગ તો. ૫ જાયફળ તો. ૨ પીપર તો. ૧૦ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓનું બારીક ચૂર્ણ મેળવી આદુનારસમાં ખરલ કરી મરી જેવડી ગોળી બનાવી સુકવી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી સાથે **ઉપયોગ:** અજીર્ણ. તાવ, ઝાડા, વાયુ ત્રિદોષજ્વર, જ્વરાતિસાર વગેરે મટે છે.

૨૪૨ સ્મૃતિસાગરરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ **વિધી:** સર્વ ખરલમાં નાખી બ્રાહ્મીનાસ્વરસની ૨૧ ભાવના તથા માલકાંગનીના તેલની ૧ ભાવના આપી ઘુંટી બાટલી ભરી લેવી **પ્રમાણ:** ૨ થી ૪ રતી. **અનુપાન:** ઘી સાથે

સમય: સવાર, સાંજ. **ઉપયોગ:** અપસ્મારનો નાશ કરે છે. સ્મૃતિને જાગ્રત કરે છે.

૨૪૩ સ્પર્શવાતારિરસ: શુદ્ધપારદ તો. ૮ શુદ્ધઝેરકુચલાં તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૨ કડુ તો. ૩ ત્રિફલા તો. ૯ ભિલામ તો. ૧ ચિત્રકમુળ તો. ૧ નાગરમોથ તો. ૧ વજ તો. ૧ આસગંધ તો. ૧ નગોડ તો. ૧ વચ્છનાગ તો. ૧ કુષ્ટ તો. ૧ પીપરીમુળ તો. ૧ નાગકેશર તો. ૧ ઇંદ્રામણનાંમુળ તો. ૧ ગોળ તો. ૨૪ **વિધી:** દરેક વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કર્યાબાદ ગોળ મેળવી ચણાના દાણા પ્રમાણેની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** રોગાનુસાર અથવા પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સમસ્ત વાત તથા સ્પર્શવાતનો નાશ કરે છે.

૨૪૪ સ્નાયુશુલહરચુર્ણ: નાનીએલચી તો. ૧ મોટીએલચી તો. ૧ ખસ તો. ૧ ચંદન તો. ૧ સારીવા તો. ૨ મેદ તો. ૧ મહામેદા તો. ૧ તગર તો. ૧ નાડીતગર તો. ૧ ગળો તો. ૧ સુંઠ તો. ૧ ત્રિફલા તો. ૩ અજમો તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧૬. **વિધી:** ખાંડી કુટી વસ્ત્રગાળ કરી બાટલીમાં ભરી રાખવું. **પ્રમાણ:** ૩ ગ્રેન. **અનુપાન:** વાવનુરી. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** નવનવ સ્નાયુરોગ અને વાતવિકારનો નાશ કરે છે.

૨૪૫ સમીરગજકેસરી: શુદ્ધપારદ તો. [illegible] [illegible] તો. [illegible] [illegible] પ્રથમ [illegible] પારદ નાખી [illegible] [illegible]

૨૪૬ સર્વસન્નિપાતનાશકરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૧ મરી તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ **વિધી:** કજ્જલી કરી બધા વસાણાં સાથે મેળવી દંતીમૂળના કવાથથી એક દિવસ ઘુંટી મગના દાણા જેવડી ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી અથવા રોગાનુસાર. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** તેર પ્રકારના સન્નિપાતને મટાડે છે.

૨૪૭ સર્વતોભદ્રલોહ: લોહભસ્મ તો. ૪ તામ્રભસ્મ તો. ૪ અભ્રકભસ્મ તો. ૪ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ ઉત્તમ શિલાજીત તો. ૧।। શુદ્ધગુગળ તો. ૧ વાવડીંગ તો. ૦।। ભિલામાં તો. ૦।। ચિત્રક તો. ૦।। સફેદ આકડાનુંમૂળ તો. ૦।। પલાશમૂળ તો. ૦।। કાળીમુશળી તો. ૦।। પુનર્નવા તો. ૦।। નાગરમોથ તો. ૦।। ગળો તો. ૦।। નાગબલા તો. ૦।। પુંવાડીઆનાંબીજ તો. ૦।। ગોરખમુંડી તો. ૦।। ભાંગરો તો. ૦।। કાળોભાંગરો તો. ૦।। શતાવરી તો. ૦।। વરધારો તો. ૦।। ત્રિફલા તો. ૧।। ત્રિકટુ તો. ૧।। **વિધી:** બારીક વસ્ત્રગાળ કરી ઘી અને મધ વિષમભાગે મેળવી બરણી ભરી રાખવી. **અનુપાન:** રોગાનુસાર અથવા દૂધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** પક્તિશૂળ, સાધારણશૂળ, આમ, કુક્ષીશૂળ, વાતરક્ત, કુષ્ટ, પાંડુ, કમળો, આમવાત, સોથ, ગુલ્મ, પ્રમેહ, કાસ, શ્વાસ, અરુચી, યક્ષ્મા તથા વાતરોગનો નાશ કરે છે. **માત્રા:** ૧ થી ૨ માસા.

૨૪૮ સર્વાંગસુંદરરસ: શુદ્ધપારદ, તામ્રભસ્મ, શુદ્ધમનશીલ, શુદ્ધહરતાલ, સુવર્ણમાક્ષિકભસ્મ, ચાંદીભસ્મ સુવર્ણભસ્મ, વંગભસ્મ લોહભસ્મ, અભ્રકભસ્મ શુદ્ધ, સિંધાલુણ, પીપરનુ, કાચલવણ, સંચરલવણ તથા બીડું (લવણ) આ સોળ ચીજને એક તોલો તથા શુદ્ધગંધક તો. ૧૬ વિધિઃ બધી ચીજોને ભેગી ખરલમાં ઘુંટી

આદુ, અરણી, ભાંગ મગેડી ધતુરપત્ર એ પાંચ દ્રવ્યોના રસ કે ક્વાથની એકેક ભાવના આપી ઘુંટી ચણીબારની ગોળી કરી મુકવી લેવું. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી **અનુપાન:** ગડ તથા એરંડમૂળના ક્વાથ સાથે. **ઉપયોગ:** પેટનુંશૂળ તથા વાતરોગ મટાડે છે ખાસ કરી વાતહર અને પૌષ્ટિક ઉપાય છે.

૨૪૯ સમીરગજકેસરીરસ: શુદ્ધઅફીણ તો. ૧ શુદ્ધઝેરકુચલાં તો. ૧ મરી તો. ૧. **વિધી:** બારીક ચૂર્ણ કરી પાનનારસમા એક દિવસ ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** નાગરવેલનાપાનની સાથે. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** કુબ્જતા, ખંજતા, ગ્રધ્રસી, અપબાહુક, શીરકમ્પ, ખેંચવાણ, વિષૂચીકા, અરૂચી, અપસ્માર વગેરે વાતરોગનો નાશ કરે છે.

૨૫૦ સમામૃતલોહ: ત્રિફલા તો. ૩ લોહભસ્મ તો. ૧ જેઠીમધ તો. ૧ **વિધી:** બારીક કપડછાણ કરી મેળવી રાખી મુકવું **પ્રમાણ:** ૨ વાલ. **અનુપાન:** ઘી અને મધ સાથે મેળવી ચાટી જવું, ઉપર પણ તેટલું દુધ પીવું. **સમય:** સવારના એક વખત દવા લેવી અને તે બરાબર પચ્યા પછી ખોરાક લેવો. **ઉપયોગ:** આંખનારાગોથી, મસ્તકનારાગોથી, વમન, વિકાર, ભ્રમ, અમ્લપિત્ત, જ્વર, ગ્લાની વિગેરે વ્યાધિમાં વપરાય થાય છે. પ્રચલીત અને સારી દવા છે.

૨૫૧ સમામૃતરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ શિલાજીત તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ ત્રિકટુ તો. ૪ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ ત્રિફલા તો. ૧ [illegible] **વિધી:** [illegible] ચૂર્ણ કરી [illegible]

ચૂર્ણમાં મેળવી પછીથી મધ મેળવી ચોખ્ખી બાટલીમાં ભરી લેવું. **પ્રમાણ:** ૬ થી ૧૨ રતી. **અનુપાન:** ગરમ દૂધ સાથે. **ઉપયોગ:** ક્ષય, ક્ષયજનીત ખાંસી, અને શોષરોગમાં સારૂં કામ કરે છે.

૨૫૨ સન્નિપાતભૈરવરસ: શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૩ શુદ્ધમનશીલ તો. ૩ ટંકણખાર તો. ૩ શુદ્ધહીંગળો તો. ૧૨. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી હીંગળો મેળવી બીજાં ઔષધો મેળવવાં પછી ચિત્રક તથા લીંબુનારસથી ત્રણ ત્રણ દિવસ ઘુંટવું સુકાઇ ગોળી વાળવા જેવું થાય એટલે અડદના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** સમય તથા રોગાનુસાર લેવું. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સન્નિપાત, ત્રિદોષજ, અતિસાર, કફરોગ, પાંડુ, કુક્ષિરોગ, ઉદાવર્ત આદી રોગનો નાશ કરે છે.

૨૫૩ સુધાનિધિરસ: ધાર્ણા તો. ૧ સુગંધીવાળો તો. ૧ નાગરમોથ તો. ૧ શુંઠ તો. ૧ સિંધવ તો. ૧ મંડુરભસ્મ તો. ૫ **વિધી:** બારીક ઘુંટી ગૌમૂત્ર, કાળોભાંગરો, સાટોડી, નગોડ અને મંડુકપર્ણીના સ્વરસ અથવા કવાથની એકેક ભાવના આપી ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મોળીછાશ અથવા ભાંગરાનોરસ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** કમળો, જ્વર, સોજા, મંદાગ્નિ, સંગ્રહણી, પાંડુ વગેરેનો નાશ કરે છે. લવણની પરેજી રાખી છાશ ભાત ખોરાકમાં આપવાં.

૨૫૪ સુવર્ણવસન્તમાલતી: સુવર્ણભસ્મ અથવા સોનાનાં-વર્ખ તો. ૧ સાચાંમોતીનીપિષ્ટી તો. ૨ શુદ્ધહિંગળો અથવા રસસિંદૂર તો. ૩ ચોખમરી તો. ૪ શુદ્ધખાપરીયું અથવા જસતભસ્મ તો. ૮. **વિધી:** ખરલમાં નાખી માખણ તો. ૪ માં ત્રણ દિવસ મર્દન

[illegible] અને ઘુંટયા કરવું તે માખણની [illegible] ત્યાનુંની તેજ પ્રમાણે [illegible]થી ૧૫ થી ૨૦ [illegible] ગોળી અથવા ટીકડી વાળી [illegible] ચડાવી દેવા. **પ્રમાણ:** [illegible] **અનુપાન:** [illegible] સાથે **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** [illegible] રોગોમાં વપરાય છે [illegible] ધાતુક્ષીણતા તથા [illegible]

૨૫૫ [illegible]: [illegible] **વિધી:** [illegible] પ્રથમ [illegible] તે ઉપર [illegible] રહેલી [illegible] તથા [illegible] **પ્રમાણ:** ૧॥ થી ૩ [illegible] સાથે [illegible] **ઉપયોગ:** [illegible] નરો, આંત્રપ, ખાંસી, [illegible] અને નિરોગી બનાવે.

૨૫૬ [illegible]: [illegible]

બારીક ઘુંટી પારદ ગંધકની કજ્જલી કરી તેમાં સઘળું સાથે મેળ ભાંગરાનારસથી એક દિવસ મર્દન કરી એકેક રતીની ગોળી બનાવ સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ મધ કે પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અમ્લપિત્ત, વમન, શૂળ, ગુલ્મ, કાસ, સંગ્રહણી, ત્રિદોષજઅતિસાર, શ્વાસ, મંદાગ્નિ. ભયંકરહેડકી, ઉદાવર્ત, દાહ, રાજ્યક્ષ્મા, વગેરે રોગોનો તુરત નાશ કરે છે.

૨૫૭ સૂતિકાતંકનાશનરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ ત્રિકટુ તો. ૩. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં વસ્ત્રગાળ બારીક વસાણાં મેળવી એક દિવસ ઘુંટી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** પાણી અથવા રોગાનુસાર. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સૂતિકારોગ, સંગ્રહણી, મંદાગ્નિ, દુઃસાધ્ય અતિસાર, કાસ અને શ્વાસનો નાશ કરે છે.

૨૫૮ સૂતિકાભરણરસ: લોહભસ્મ તો. ૪ મંડુરભસ્મ તો. ૪ તામ્રભસ્મ તો. ૪ શુદ્ધગંધક તો. ૪ શુદ્ધવચ્છનાગ તો. ૮ મરી તો. ૮ શુદ્ધપારદ તો. ૧ ફુલાવેલટંકણખાર તો. ૧ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી ખાંડવા જેવાં વસાણાને ખાંડી વસ્ત્રગાળ કરી ભસ્મો, કજ્જલી અને ચૂર્ણ સાથે મેળવી દેવું, બાદ ત્રિફલા તથા વજના કવાથમાં એક દિવસ ઘુટી ત્રણ ત્રણ રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૩ ગોળી. **અનુપાન:** દેવદાર્વાદિ-કવાથ કે પાણી સાથે **સમય:** સવાર સાંજ બે વખત. **ઉપયોગ:** સુવારોગ અને તે સબંધી બધી ફરિયાદો મટે છે.

૨૫૯ સૂતિકાવલ્લભરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ કપૂર તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ શુદ્ધઅફીણ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ સુવર્ણભસ્મ તો.

[illegible] તોલા તથા કાળામરીનું [illegible] કરી [illegible] નાખી [illegible] પછી સુકી [illegible] **પ્રમાણ:** [illegible] થી [illegible] ગોળીઓ.
અનુપાન: [illegible] **સમય** [illegible] સાંજ [illegible] **ઉપયોગ:** [illegible] જુના [illegible]

અસાધ્યગુલ્મ, પાંડુ, રક્તપિત્ત, વિષદોષ, પીનસ, પ્લીહાનો નાશ કરે છે. સાત્વીક આહાર લેવો.

૨૬૮ હિક્કાનાશકરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ અભ્રકભસ્મ તો. ૩ શુદ્ધહરતાલ તો. ૬ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૫ ગૌદંતીહરતાલભસ્મ તો. ૬ વજ તો. ૧ કુષ્ટ તો. ૧ હળદર તો. ૧ જવખાર તો. ૧ ચિત્રક તો. ૧ કાળીપાટ તો. ૧ કલીહારી તો. ૧ ત્રિકટુ તો. ૩ સિંધવ તો. ૧ બહેડાં તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ **વિધી:** બધી વસ્તુઓને યથાક્રમે મેળવી ભાંગરાનાંરસથી ત્રણ દિવસ ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** હેડકી, સ્વરભંગ અને ઉધરસમાં વાપરવી ઠીક છે.

૨૬૯ હિંગુલેશ્વરરસ: શુદ્ધહીંગળો, પીપર, શુદ્ધવચ્છનાગ, સમભાગે લેવાં અને તેને પાણીમાં વાટી ત્રણ દિવસ ખરલમાં ઘુંટવું. પછી એકેક રતીની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી સાથે. **ઉપયોગ:** વાતજ્વર તથા નવીન તાવમાં સારી છે.

૨૭૦ હિરણ્યગર્ભરસ: સુવર્ણભસ્મ, રૌપ્યભસ્મ, તામ્રભસ્મ, પ્રવાલભસ્મ શુદ્ધપારદ, શુદ્ધગંધક, શુદ્ધમનશીલ, શુદ્ધહરતાલ, કડુ બધી ચીજો સરખે વજને લેવી. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બાકીના વસ્તુઓને સાથે મેળવી બકરીનાદૂધમાં બે દિવસ ઘુંટવું. સુકાયાબાદ સરાવસંપુટમાં ભરી ગજપુટની આંચ આપવી સ્વાંગશીત થયે કાઢી ઘુંટી બાટલીમાં ભરી રાખવુ. **પ્રમાણ:** ૧॥ થી ૩ રતી. **અનુપાન:** મધ અથવા પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતજ, પિત્તજ, કફજ, ત્રિદોષ અને સન્નિપાતજ્વરનો નાશ કરે છે.

જાવંત્રી તો. ૧ જાયફળ તો. ૧. **વિધી:** બધી વસ્તુઓનું બારીક ચૂર્ણ કરી પારદ ગંધકની કજ્જલી બનાવી ભસ્મો અને ચૂર્ણ અનુક્રમે મેળવી નાગરમોથ, બલા અને સેમળાના સ્વરસ અથવા ક્વાથની એકેક ભાવના આપી બબ્બે રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી અથવા રોગાનુસાર. **સમય:** સવાર, બપોર અને સાંજ. **ઉપયોગ:** સૂતિકારોગ, દુઃસાધ્યગ્રહણી, ભયંકરઅતિસાર, દુર્બલતા, મંદાગ્નિનો નાશ કરવા સાથે પુષ્ટિ, કાંતિ અને મેધાને વધારે છે.

૨૬૦ સેતુબંધરસ: શુદ્ધપારદ તો. ૧ હીંગળો તો. ૧ શુદ્ધઅફીણ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ તામ્રભસ્મ તો. ૧. **વિધી:** આદુનારસથી સાત દિવસ ઘુટી રતીભારની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનારસ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ભયંકર જ્વરાતિસાર અને દાહ મટાડે છે. પથ્ય તરીકે ભાત અને મગનું યુષ આપવું, ગરમ કરી ઠંડું કર્યાબાદ પાણી આપવું

૨૬૧ સોમનાથિતામ્ર: શુદ્ધતાંબાના બારીક પતરાં તો. ૫ શુદ્ધપારદ તો. ૫ શુદ્ધગંધક તો. ૧૦ શુદ્ધહરતાલ તો. ૫ શુદ્ધમનશીલ તો. ૨॥ **વિધી:** પારદ ગંધક વિગેરે ખરલમાં નાખી લીંબુનારસથી એક દિવસ ઘુટી [illegible] લેપ કરી એક શરાવમાં ઉપરા [illegible] કરી [illegible] બે [illegible] કાઢી બારીક ઘુટી [illegible] **પ્રમાણ:** [illegible] **અનુપાન:** [illegible] **સમય:** [illegible] **ઉપયોગ:** [illegible] અને [illegible]

૨૬૨ સંજીવનીવટી: વાવડીંગ, શુંઠ, હરડે, પીપર વજ, ગળો, ભિલામ, વચ્છનાગ આઠ વસ્તુઓ સરખા વજને લેવી. **વિધી:** પ્રથમ ભિલામ તથા ગળોને ગૌમૂત્રમાં બરાબર ઘુંટી બાકીના વસાણાં મેળવી એકેક રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ કે પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અજીર્ણ, ગુલ્મ, સર્પદંશ, સન્નિપાત, ઝાડા, તાવ વગેરે વ્યાધિમાં વાપરવી સારી છે.

૨૬૩ શ્વેતકુષ્ટારિરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ ત્રિફલા તો. ૩ ભાંગરો તો. ૧ બાવચી તો. ૧ ટોપી ઉતારેલ ભિલામાં તો. ૧ કાળાતલ તો. ૧ લીંબડાની લીંબોળીનીમીંજ તો. ૧. **વિધી:** કજ્જલી બનાવી બધાં ઔષધો મેળવી ભાંગરાનારસની ભાવના આપી સુકવવું. બરાબર સુકાય એટલે બીજી ભાંગરાનારસની ૨૧ ભાવના આપી સુકવી વસ્ત્રગાળ કરી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** મધ અને ઘી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શ્વેતકોઢનો નાશ કરે છે.

૨૬૪ શ્વાસકુઠારરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ ટંકણખાર તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ મરી તો. ૮ ત્રિકટુ તો. ૬. **વિધી:** પારદ ગંધકની કજ્જલીમાં બીજાં બારીક કરેલાં વસાણાં ઘુંટી મેળવી દેવાં. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** પાનનોરસ અથવા મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સન્નિપાત, મૂર્છા, અપસ્માર શ્વાસ, કાસનો નાશ કરે છે. મૂર્છિત દરદીને આ દવાનુ નસ્ય કરાવવાથી શુદ્ધિમાં આવે છે.

૨૬૫ શ્વાસકાસેશ્વરરસ: શુદ્ધપારદ શુદ્ધગંધક અભ્રકભસ્મ લોહભસ્મ, તામ્રભસ્મ, બંગભસ્મ સુવર્ણમાક્ષિકભસ્મ, શુદ્ધહીંગળો, શુદ્ધવચ્છનાગ જાયફળ તજ, લવિંગ, નાગકેશર, શુદ્ધનેપાળો, કનેર,

જવાસો, શુદ્ધકનકબીજ આ સતર ચીજને બબ્બે તોલા તથા કાળામરીનું ચૂર્ણ તો. ૬ લઇ સર્વેને બારીક વાટી કપડછાણ કરી ખરલમાં નાખી તેને ૨૧ ભાવના ભાંગરારસની કે કવાથની આપી દેવી પછી સુકી વાટી રાખવું અથવા ગોળી કરવી. **પ્રમાણ:** ૧॥ થી ૩ રતીભાર. **અનુપાન:** આદુનોરસ અને મધ સાથે. **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** શ્વાસ, ખાંસી, ક્ષયરોગ અને જુના દમનાદરદમાં ખાસ કરી બહુ ઉપયોગી દવા છે.

૨૬૬ શ્લીપદારિરસ: પીપર તો. ૧ ચવ્ય તો. ૧ દેવદાર તો. ૧ પુનર્નવા તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બાકીની વસ્તુઓ નાંખી મેળવી વાટવી ભરી લેવી. **પ્રમાણ:** ૪ થી ૮ રતી. **અનુપાન:** કાંજી અથવા પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શ્લીપદરોગમાં અપાય છે.

૨૬૭ શૃંગારાભ્રકરસ: અભ્રકભસ્મ તો. [illegible] કપૂર તો. ૨ જાવંત્રી તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૧ [illegible] તો. ૮ [illegible] તો. ૮ [illegible] તો. ૮ [illegible] તો. ૮ **વિધી.** [illegible] **પ્રમાણ:** [illegible] **અનુપાન:** [illegible] **સમય:** [illegible] **ઉપયોગ:** [illegible]

અસાધ્યગુલ્મ, પાંડુ, રક્તપિત્ત, વિદોષ, પીનસ, પ્લીહાનો નાશ કરે છે. સાત્વીક આહાર લેવો.

૨૬૮ હિક્કાનાશકરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ અભ્રકભસ્મ તો. ૩ શુદ્ધહરતાલ તો. ૬ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૫ ગૌદંતીહરતાલભસ્મ તો. ૬ વજ તો. ૧ કુષ્ટ તો. ૧ હળદર તો. ૧ જવખાર તો. ૧ ચિત્રક તો. ૧ કાળીપાટ તો. ૧ કલીહારી તો. ૧ ત્રિકટુ તો. ૩ સિંધવ તો. ૧ બહેડાં તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ **વિધી:** બધી વસ્તુઓને યથાક્રમે મેળવી ભાંગરાનારસથી ત્રણ દિવસ ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** હેડકી, સ્વરભંગ અને ઉધરસમાં વાપરવી ઠીક છે.

૨૬૯ હિંગુલેશ્વરરસ: શુદ્ધહીંગળો, પીપર, શુદ્ધવચ્છનાગ, સમભાગે લેવાં અને તેને પાણીમાં વાટી ત્રણ દિવસ ખરલમાં ઘુંટવું. પછી એકેક રતીની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી સાથે. **ઉપયોગ:** વાતજ્વર તથા નવીન તાવમાં સારી છે.

૨૭૦ હિરણ્યગર્ભરસ: સુવર્ણભસ્મ, રૌપ્યભસ્મ, તામ્રભસ્મ, પ્રવાલભસ્મ, શુદ્ધપારદ, શુદ્ધગંધક, શુદ્ધમનશીલ, શુદ્ધહરતાલ, કટુ બધી ચીજો સરખે વજને લેવી. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બાકીની વસ્તુઓને સાથે મેળવી બકરીનાદૂધમાં બે દિવસ ઘુંટવું. સુકાયાબાદ સરાવસંપુટમાં ભરી ગજપુટની આંચ આપવી સ્વાંગશીત થયે કાઢી ઘુંટી બાટલીમાં ભરી રાખવું. **પ્રમાણ:** ૧॥ થી ૩ રતી. **અનુપાન:** મધ અથવા પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતજ, પિત્તજ, કફજ, ત્રિદોષ અને સન્નિપાતજ્વરનો નાશ કરે છે.

૨૭૧ હેમગર્ભપોટલીરસઃ તામ્રભસ્મ તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સોનાનાવર્ક તો. ાા લોહભસ્મ તો. ાા રસસિંદુર તો. ાા ચાંદીનીભસ્મ તો. ાા. **વિધીઃ** પ્રથમ બધી ચીજોને ખરલમાં નાખી ઘુંટી ઘેટીનાદુધમાં મર્દન કરી ત્રણ પુટ આપવા અને પછી તેની યોગ્ય માત્રામાં સોગઠી બનાવી સુકવી લેવી. બરાબર સુકાઇ જાય ત્યારે તેના ઉપર નવું રેશમીકપડું દોરાથી મજબુત બાંધી એક માટીના વાસણમાં લાકડીઓગંધક નાખી દીવાના તાપ ઉપર ગરમ કરી તેમાં તે પોટલી ડુબે તેવી રીતે અરધો કલાક તાપ આપી બહાર કાઢી લઇ તરતજ કપડું જુદું કરી અંદરથી ગોળી કાઢી લઇ સહેજ ગરમ પાણીથી ધોઇ સાફ કરી રાખી મુકવી. આ ગોળી એટલી સખત થઇ જાય છે કે હથોડી મારતાં પણ તુટશે નહિ. **ઉપયોગઃ** ત્રિદોષ મુર્છા બેભાન, શીતાંગ, ન્યુમોનીયા, નજલાઇ, શ્વાસ કફ [illegible] તાવ દમ વગેરેમાં આ માત્રા જરા પાણી સાથે ઘસી આપવાથી તાત્કાલીક ચમત્કારીક રીતે ફાયદો કરે છે. **પ્રમાણઃ** આશરે પા ગુંજાભાર ઘસાતો બનાવી એક વખત આપવો. જરૂર જણાય તો બે કલાક પછી બીજીવાર આપવું.

૨૭૨ દુગ્ધપોટલીરસઃ રસસિંદુર તો. ૧ લોહભસ્મ તો. ૨ [illegible] તો. ૨ [illegible] તો. ૨ [illegible] **વિધીઃ** [illegible] નાખી ચાર પ્રહર [illegible] [illegible] **પ્રમાણઃ** [illegible] **અનુપાનઃ** [illegible] **ઉપયોગઃ** [illegible]

૨૭૩ ક્ષયાન્તકરસ: લોહભસ્મ તો. ૧ રસસિંદુર તો. ૧ મોતીનીપિષ્ટી તો. ાા સુવર્ણભસ્મ તો. ાા ગળોસત્વ તો. ૧ ત્રિફલા તો. ૩ કેશર તો. ૦ા કસ્તુરી રતી ૮. **વિધી:** ખરલમાં બધી વસ્તુઓને એક સાથે મેળવી અરડુસીનારસથી ત્રણ દિવસ ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મધ અને ઘી સાથે. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** ક્ષય, રાજયક્ષ્મા, પાંડુ, જીર્ણજ્વર, પ્રમેહ, સોમરોગ, ધાતુશોષ વગેરે રોગો માટે ઘણો સારો ઉપાય છે.

૨૭૪ ક્ષુધાસાગરરસ: ત્રિકટુ તો. ૩ ત્રિફલા તો. ૩ બીડલુણ તો. ૧ કાચલુણ તો. ૧ સિંધવ તો. ૧ સંચળ તો. ૧ સમુદ્રલુણ તો. ૧ જવખાર તો. ૧ સાજીખાર તો. ૧ ટંકણખાર તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૨. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં વસાણાં બારીક મેળવી લવંગના કવાથથી એક દિવસ મર્દન કરી એકેક રતીભારની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** મંદાગ્નિને દુર કરી ખોરાક ઉપર રુચી ઉત્પન્ન કરે છે.

૨૭૫ જ્ઞાનોદયરસ: ધોએલોગાંજો અથવા ભાંગ તો. ૧૬ શુદ્ધગંધક તો. ૪ જાયફળ તો. ૯ રસસિંદુર અથવા ચંદ્રોદય તો. ૧. **વિધી:** બારીક ઘુંટી સરખેભાગે સાકર મેળવી રાખી મુકવું. **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** મધમાં ચાટી ઉપર ગરમ કરી ઠંડુ કરેલું દૂધ પીવું. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** પાન્ડુવિકાર વાયુ, કફરોગ, જ્વરાતિસારનો નાશ કરે છે અને વાજીકરણ અનુપાન સાથે લેવાથી કામની વૃદ્ધિ કરે છે.

દવાઓનું તોલ માપ

૧	ગ્રેન આશરે	... ...	૧ ઘઉંભાર
૨	,, ,,	... ...	૧ રતી (ગુંજ)
૩	રતી	... ...	૧ વાલ
૧૨	,,	... ...	૧ માસો (બેઆનીભાર)
૨૪	,,	... ...	૦। તોલો (૪૫ ગ્રેન)
૪૮	,,	... ...	૦॥ ,,
૯૬	,,	... ...	૧ ,, (રૂપીયાભાર)
૧	ઔંસ	. ...	૨॥ તોલા
૧૬	,,	... ...	૧ પૌંડ (૩૯ તોલા આશરે)
૪૦	તોલા	... ...	૧ શેર (પાકો)
૪૦	શેર	.. ...	૧ મણ (બંગાળી)
૧	મીનીમ	. ...	૧ ટીપું
૬૦	ટીપાં	...	૧ ડ્રામ
૪	ડ્રામ	...	૦॥ ઔંસ
૮	ડ્રામ	..	૧ ,,
૧૬	ઔંસ	.	૧ પૌંડ

[illegible]

ગામડાનોવૈદ્ય

ગામડામાં રહી ચિકિત્સા કરવા લાયક એક હુન્નર સાદા પ્રયોગો છે.

વૈદકપારિજાત ભાગ ૧–૨

[illegible] તેમજ અનુભવી બસો યોગોનો નવીન સંગ્રહ.

આરોગ્યવિજ્ઞાન

તંદુરસ્તી માટેની બધી બાબતો આમાં ૩૭ પ્રકરણમાં આપેલી છે.

સ્ત્રીરોગચિકિત્સા

સ્ત્રીઓને થતા ખાસ દરદો અને તેને દૂર કરવાના અનુભવી ઉપાયે

મકરધ્વજરહસ્ય

[illegible] બનાવવો અને વાપરવો તેની માહિતી આપતું પુસ્ત

આસવારિષ્ટવિજ્ઞાન

[illegible] કઈ રીતે બની શકે તેની પૂર્ણ માહિતિનું પુસ્તક.

પથ્યાપથ્યવિજ્ઞાન

[illegible] માટે પથ્યની પૂર્ણ માહિતી આપતું પુસ્તક.

કુપીપક્વરસાયન (નવી આવૃત્તિ)

[illegible] અનેક કુપીપક્વરસોની બનાવટ, બહી [illegible]

[illegible] વાપરવાના [illegible] વિધી મહિતનું વર્ણન.

પંચગીપંચ ટકવાઓ

[illegible] ઉત્તમ સાધન આ [illegible] છે.

[illegible]

[illegible] માટે ઉપયોગી વિજ્ઞાન આમાં છે.

[illegible]વિજ્ઞાન

[illegible]